આઈપીએલ આજની મેચ
ગુજરાત ટાઈટન્સ VS મુંબઈ ઈન્ડિયન્સ
સાંજે ૭:30 કલાકે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. 30-૫-૨૦૨૫, શુક્રવાર
વર્ષઃ ૧૪, અંક : ૭૦

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**ગુજરાતમાં ચોમાસાના આગમનને વિલંબની ભીતિ**

(વાંચો છેલ્લા પાને)

મોકડ્રિલ ભારતમાં, છક્કા છૂટ્યાં પાક.ના

# કાલે પાંચ રાજ્યોમાં યોજાનારી મોકડ્રિલ ખરેખર આતંકવાદીઓ પર વધુ એક હુમલાની પૂર્વ તૈયારી?

## અમે તો બદલો લેવાની તૈયારી કરી રહ્યા હતા ત્યાં જ ભારતે રાવલપિંડીના નૂરખાન એરબેઝ સહિત અનેક વિસ્તારોમાં બ્રહ્મોસ મિસાઈલથી હુમલો કર્યોઃ પાકિસ્તાનના વડાપ્રધાને સ્વીકાર્યું

**અબતક, નવી દિલ્હી**

ભારત હવે આતંકવાદ અને પીઓકે મુદ્દે જરા પણ ચલાવી લેવાના મૂડમાં નથી. તેવામાં આવતીકાલે ૩૧ મેના રોજ, સરહદી રાજ્યો જમ્મુ અને કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, ગુજરાત, હરિયાણા અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢમાં મોક ડ્રીલ યોજવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે આ મોકડ્રિલ ખરેખર આતંકવાદીઓ પર વધુ એક હુમલાની પૂર્વ તૈયારી છે કે શું તેને લઈને ચર્ચાઓએ જોર પકડ્યું છે.

તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ રાત સુધી ચાલેલી ભીષણ અથડામણ બાદ આ રાજ્યોમાં આ મોક ડ્રીલ યોજાઈ રહી છે. ઓપરેશન સિંદૂર પછી, પાકિસ્તાન દ્વારા ભારતના નાગરિક વિસ્તારો અને ધાર્મિક સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ પહેલા, ૭ મેના રોજ, ઓપરેશન સિંદૂરના થોડા કલાકો પહેલા, દેશભરમાં મોક ડ્રીલ કરવામાં આવી હતી. તે જ રાત્રે, ભારતીય સેનાએ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદીઓના નવ ઠેકાણાઓને નિશાન બનાવીને એક મોટી કાર્યવાહી હાથ ધરી હતી. ઓપરેશન શીલ્ડ હેઠળ યોજાનારી મોક ડ્રીલનો હેતુ સરહદી રાજ્યોમાં કટોકટીનો સામનો કરવા માટેની તૈયારીઓની તપાસ કરવાનો છે. તેમાં એનડીઆરએફ, નાગરિક સંરક્ષણ, સ્થાનિક પોલીસ, આરોગ્ય વિભાગ અને અન્ય કટોકટી એજન્સીઓ શામેલ હશે.



મોક ડ્રીલમાં ઘણી એજન્સીઓ સામેલ થશે. વહીવટી અધિકારીઓનું કહેવું છે કે આ વખતે મોક ડ્રીલ વધુ વ્યવસ્થિત અને વ્યવહારુ રીતે અમલમાં મૂકવામાં આવશે જેથી કોઈપણ કટોકટીમાં લોકોની સલામતી સુનિશ્ચિત કરી શકાય. તમને જણાવી દઈએ કે, ઓપરેશન શીલ્ડ હેઠળ બીજી નાગરિક સંરક્ષણ કવાયત ૩૧


(અનુ. આઠમા પાને)

### પાકિસ્તાન આતંકવાદી હાફિઝ સઈદની સુરક્ષા વધારી તેને છુપાવી રહ્યું છે

પહેલગામ આતંકવાદી હુમલા પછી લક્ષિત હુમલાના ડરથી, લશ્કર-એ-તૈયબા અને જમાત-ઉદ-દાવાના વડા હાફિઝ સઈદની આસપાસ સુરક્ષા વધારી દીધી છે, જે લાહોરના ગીચ વસ્તીવાળા મોહલ્લા જોહર વિસ્તારમાં બંધ છે. સત્તાવાર રીતે જેલમાં હોવા છતાં, સઈદને વીઆઈપી સ્તરની સુરક્ષા મળી રહી છે, જેમાં ભૂતપૂર્વ સ્પેશિયલ સર્વિસ ગ્રુપ કમાન્ડોની તૈનાતી અને વધુ સારી દેખરેખ વ્યવસ્થાનો સમાવેશ થાય છે. તેનું ઘર નાગરિક-પ્રભાવિત વિસ્તારમાં આવેલું છે, જે મસ્જિદો, મદરેસાઓ અને રહેણાંક મકાનોથી ઘેરાયેલું છે, જેને કામચલાઉ સબ-જેલમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે, ૭૭ વર્ષીય સઈદ, ૨૦૦૮ના મુંબઈ હુમલામાં તેની ભૂમિકા માટે ભારત અને અમેરિકા બંને દ્વારા વોન્ટેડ છે અને તેના પર તાજેતરના પહેલગામ હત્યાકાંડના માસ્ટરમાઈન્ડનો પણ આરોપ છે. તે સાત આતંકવાદી ભંડોળના કેસમાં ૪૬ વર્ષની જેલની સજા ભોગવી રહ્યો છે પરંતુ છેલ્લા ત્રણ વર્ષમાં બે ડઝનથી વધુ જાહેરમાં દેખાયો છે.

# ૧૫૦ દિવસ માટે ટેરિફ ૧૫ ટકા રાખવા ટ્રમ્પે મન બનાવ્યું?

## યુએસ કોર્ટે ફટકો આપ્યા બાદ ટ્રમ્પ વહીવટી તંત્ર પ્લાન બીને અમલમાં લાવવાની તૈયારીમાં



**અબતક, નવી દિલ્હી**

આડેધડ ટેરીફ લગાવ્યા બાદ યુએસ કોર્ટે ફટકો આપ્યો છે. રાષ્ટ્રપતિએ કટોકટીની આર્થિક શક્તિઓનો ઉપયોગ કરીને ટેરિફ લાદવા માટે પોતાની સત્તાનો ભંગ કર્યો હોવાનું કોર્ટે જણાવ્યું છે. જેને પગલે ટ્રમ્પ વહીવટીતંત્ર તેના વ્યાપક ટેરિફને જાળવી રાખવા માટે કાનૂની પ્લાન બી તૈયાર કરી રહ્યું છે. અહેવાલ મુજબ, નવી યોજના ૧૯૭૪ના ટ્રેડ એક્ટની જોગવાઈઓ પર આધાર રાખશે, જે ૧૫૦ દિવસ માટે કામચલાઉ ૧૫ ટકા ટેરિફથી શરૂ થશે, ત્યારબાદ અન્યાયી વેપાર પ્રથાઓને ધ્યાનમાં રાખીને અલગ વિભાગનો ઉપયોગ કરીને વધુ લક્ષિત ડ્યુટીઓ લાદવામાં આવશે.


ટ્રેડ કોર્ટના ચુકાદા બાદ ફેડરલ અપીલ કોર્ટે તેમની ફરજોને અસ્થાયી રૂપે અમલમાં રાખવાની મંજૂરી આપ્યાના એક દિવસ પછી આ અહેવાલ આવ્યો છે. અહેવાલ મુજબ, જો યુએસ અધિકારીઓને રાષ્ટ્રપતિના મોટા ટેરિફ લાદવા માટે નવી કાનૂની સત્તા શોધવાની જરૂર હોય, તો તેઓ હવે પ્લાન બી પર વિચાર કરી રહ્યા છે, જે તેઓ દલીલ કરે છે કે તે અમેરિકાના પક્ષમાં વેપારને સંતુલિત કરવામાં મદદ કરશે.

પ્લાન બી માટે ટ્રમ્પ વહીવટીતંત્રને બે-પગલાની પ્રક્રિયા લાગુ કરવાની જરૂર પડશે. પ્રથમ પગલામાં ૧૯૭૪ના વેપાર અધિનિયમની કલમ ૧૨૨ - પહેલા ક્યારેય ન વપરાયેલી જોગવાઈનો ઉપયોગ કરવાનો સમાવેશ થશે. આ કાયદો વેપાર અસંતુલનને દૂર કરવા માટે ૧૫૦ દિવસ માટે ૧૫ ટકા સુધીના ટૂંકા ગાળાના ટેરિફને મંજૂરી આપે છે.આ કામચલાઉ પગલાથી કલમ ૩૦૧ હેઠળ લાંબા ગાળાના ઉકેલને અમલમાં મૂકવા માટે સમય મળશે, જેને વધુ વિસ્તૃત પ્રક્રિયાની જરૂર છે પરંતુ તે કાયદેસર રીતે વધુ યોગ્ય માનવામાં આવે છે.

સત્તાવાર રીતે, ટેરિફ પર કોઈ નવી જાહેરાત કરવામાં આવી નથી. જોકે, વ્હાઈટ હાઉસના અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે વિકલ્પો પર વિચારણા કરવામાં આવી રહી છે. પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે વહીવટીતંત્ર કોર્ટના નિર્ણય સામે અપીલ કરવા સહિત અન્ય કાનૂની માર્ગો પર વિચાર કરી રહ્યું છે. તેમણે વિગતવાર માહિતી આપી ન હતી.

# કચ્છના નિલય અંજારીયા સુપ્રીમ કોર્ટના જજ બન્યાં

## હાઈકોર્ટ એડવોકેટથી શરૂ કરેલી કારકિર્દી આજે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સુધી પહોંચી



**અબતક, રાજકોટ**

સુપ્રીમ કોર્ટના કોલેજિયમ દ્વારા ૨૬ મે, ૨૦૨૫ના રોજ બે મહત્વપૂર્ણ ભલામણો કરવામાં આવી હતી. કોલેજિયમે કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે કાર્યરત જસ્ટિસ એન.વી. અંજારિયાને સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિમણૂંક કરવાની ભલામણ કરી હતી. આજે(૨૯ મે, ૨૦૨૫) રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટની કોલેજિયમની ભલામણ પર મંજૂરીની મહોર લગાવી દીધી છે. જેથી મૂળ કચ્છના માંડવીના વતની એન.વી.અંજારિયા સુપ્રીમ કોર્ટના જજ બન્યા છે. જસ્ટિસ નિલયભાઈ અંજારિયા મૂળ માંડવીના નિવાસી છે,

(અનુ. આઠમા પાને)

**જસ્ટિસ અંજારીયાના દાદા અને પિતા માંડવી કોર્ટમાં વકીલાતની પ્રેક્ટિસ કરતા**

બમ બમ ભોલે...

# અમરનાથ યાત્રાનો ૩જુલાઈથી આરંભઃ ૫૮ હજાર જવાનો ખડેપગે રહેશે

## ૯ ઓગસ્ટ સુધી ૩૮ દિવસની અમરનાથ યાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણ રીતે સુરક્ષિત રહેશે

**અબતક, નવી દિલ્હી**

પહેગામમાં નિર્દોષ પ્રવાસીઓની હત્યા બાદ દુઃખી થયેલા ભારતીયોને 'ઓપરેશન સિંદૂર'થી નવું જોમ મળ્યું છે. નિર્દોષ ભારતીયોનું લોહી રેડવાની નાપાક હરકત થશે તો આતંકવાદીઓ અને તેમના આકાઓને ભારતીય સેના જહન્નુમ ભેગા કરી દેશે તેવો વિશ્વાસ દરેક ભારતીયને છે. સશસ્ત્ર દળો પરના આ વિશ્વાસ અને 'બર્ફાની બાબા' પરની અખૂટ શ્રદ્ધાના બળે આ વર્ષે પણ નિયત સમય મુજબ પરંપરાગત અમરનાથ યાત્રાનું આયોજન થયું છે. ૩ જુલાઈથી શરૂ થનારી યાત્રા માટે ગૃહ મંત્રાલયએ યાત્રાના માર્ગો અને આસપાસના વિસ્તારોને સુરક્ષિત રાખવા માટે અર્ધલશ્કરી દળોની તૈનાતીને મંજૂરી આપી છે. સરળ અને સલામત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે જમ્મુ અને કાશ્મીરમાં અર્ધલશ્કરી દળોની ૫૮૧ કંપનીઓ તૈનાત કરવામાં આવશે. જેમાં લગભગ ૫૮,૦૦૦ ઓન-ગ્રાઉન્ડ સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે.૫૮૧ કંપનીઓમાંથી ૪૨૪ કંપનીઓને કંપનીઓને કેન્દ્રશાસિત પ્રદેશ

(અનુ. આઠમા પાને)



બાઅદબ, બામુલાયઝા... ક્રિપ્ટો કરન્સી પધારી રહ્યું છે !!

# ડિજિટલનું બળ ક્રિપ્ટો કરન્સીના નિયમો આગામી મહિનામાં ઘડાશે!!

## આ નિર્ણય હિતધારકોના મંતવ્યો અને આંતરરાષ્ટ્રીય પદ્ધતિઓનું ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કર્યા પછી જ લેવાશે

**અબતક, રાજકોટ**

વૈશ્વિક સ્તરે ક્રિપ્ટોકરન્સીની વધતી સ્વીકૃતિ અને ખાસ કરીને અમેરિકાના બદલાતા વલણને પગલે, ભારત હવે ક્રિપ્ટો સંપત્તિઓ માટે એક સુગ્રથિત નીતિ માળખું ઘડવા તરફ આગળ વધી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત આગામી મહિને ક્રિપ્ટો અસ્કયામતો માટે નીતિ વિકલ્પોની રૂપરેખા આપતો એક ચર્ચા પત્ર બહાર પાડવાની તૈયારીમાં છે. આ નિર્ણય કોઈ ઉતાવળમાં લેવામાં નહીં આવે, પરંતુ તમામ હિતધારકોના મંતવ્યો અને આંતરરાષ્ટ્રીય પદ્ધતિઓનું ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કર્યા પછી જ લેવામાં આવશે.

અમેરિકામાં ક્રિપ્ટોકરન્સી પ્રત્યેના વલણમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ડિજિટલ કરન્સીને અપનાવવાના સમર્થન અને બિડેન વહીવટીતંત્રના વલણમાં આવેલો પલટો આનું મુખ્ય કારણ છે. અમેરિકા હવે ક્રિપ્ટો-ફ્રેન્ડલી કાયદાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને વ્યૂહાત્મક બિટકોઈન રિઝર્વ પણ સ્થાપિત કર્યું છે. આ બદલાવ વૈશ્વિક સ્તરે ક્રિપ્ટોની સ્વીકૃતિને વેગ આપી રહ્યો છે, જેના પરિણામે ભારત પર પણ આ બાબતે સ્પષ્ટ નીતિ અપનાવવાનું દબાણ વધી રહ્યું છે.

પ્રસ્તાવિત ચર્ચા પત્ર આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ અને નાણાકીય સ્થિરતા બોર્ડ દ્વારા તૈયાર કરાયેલા સંશ્લેષણ પત્રમાંથી પ્રેરણા લઈ શકે છે. આ પત્રમાં વિવિધ દેશો દ્વારા ક્રિપ્ટો સંપત્તિઓ માટે અપનાવવામાં આવતી નિયમનકારી પ્રથાઓ પર મંતવ્યો માંગવામાં આવશે. હાલમાં, ભારતનો ક્રિપ્ટોકરન્સી પ્રત્યેનો દૃષ્ટિકોણ અસ્પષ્ટ રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૩ના બજેટમાં, સરકારે વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિઓમાંથી થતા નફા પર 30% કર લાદ્યો હતો, પરંતુ સ્પષ્ટ કર્યું હતું કે આનાથી તેમને કાનૂની માન્યતા મળતી નથી. બાદમાં, ભારતમાં કાર્યરત ક્રિપ્ટો એક્સચેન્જોને ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટમાં નોંધણી કરાવવી ફરજિયાત બનાવવામાં આવી હતી.

ભારતીય રિઝર્વ બેંક ક્રિપ્ટોકરન્સીના સંભવિત દુરુપયોગ, જેમ કે મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણ અંગે સતત ચિંતા વ્યક્ત કરતી રહી છે. આના સમાધાન રૂપે, આરબીઆઈ પોતાની સેન્ટ્રલ બેંક ડિજિટલ

(અનુ. આઠમા પાને)







આજે વિશ્વ બટાકા દિવસ

# ઘઉં અને મકાઈ પછી વિશ્વમાં સૌથી વધુ ઉગાડવામાં આવતો પાક 'બટાકા'

## વિજ્ઞાનની દ્રષ્ટિએ આ એક પ્રકાંડ (થડ) છેઃ તેમાંથી વિવિધ વાનગીઓ બનાવી શકાયઃ ભૂખમરા અને કુપોષણ સામે લડવાના પ્રયાસોનો મુખ્ય પાકઃ તે સ્વાસ્થ્ય લાભોની સોનાની ખાણ છેઃ બટાકામાં રહેલ કાર્બો હાઈડ્રેટ મુખ્યત્વે સ્ટાર્ચ હોય છે

બટાકા, બટાટા, બટેકા, બટેટા કે અંગ્રેજીમાં તેને પોટેટો કહેવાય છે. વિશ્વમાં ૨૦૦૮થી આ દિવસ ઉજવાય છે. વિશ્વમાં તે પાંચ હજારથી અસ્તિત્વ ધરાવે છે. વિજ્ઞાનની દ્રષ્ટિએ આ એક પ્રકાંડ (થડ) છે. તેનું ઉદ્‌ગમસ્થાન દક્ષિણ અમેરિકાના પેરૂ દેશ છે. બટાકા, ઘઉં અને મકાઈ પછી વિશ્વમાં સૌથી વધુ ઉગાડવામાં આવતો પાક છે. તેમાંથી આપણે વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી શકીએ છીએ. હાલની વૈશ્વિક સમસ્યા ખાદ્ય સુરક્ષા બને કુપોષણ સામે લડવા માટે અને આજીવિકાને ટેકો આપવા તેની ભૂમિકા અહંમ છે.



વિશ્વમાં અબજો લોકો દ્વારા ખાવામાં આવતો મુખ્ય ખોરાક બટાકા છે. હાલ વિશ્વમાં તેની પાંચ હજારથી વધુ જાતો છે. ભૂખમરા સામે લડવામાં તે અક્સિર ગણાય છે. આપણાં ખોરાકમાં બટાકા સ્વાસ્થ્ય માટે વરદાન સમી સોનાની ખાણ છે, તે બીન આરોગ્યપ્રદ ખોરાકનો પર્યાય મનાય છે. મોટાભાગના ભારતીય લોકોનો મુખ્ય ખોરાક છે, કારણ કે તે સસ્તા છે અને રાંધવામાં સરળ છે. તેના વિવિધ પ્રકારોમાં લાલ, રૂસેટ, જાંબલી, સફેદ, ફિંગર લીન, પીળા, નાના બટાકા જેવા જોવા મળે છે. તેનો શાક તરીકે વધુ ઉપયોગ થાય છે, તો બાફીને છુંદો કરીને તેમાં કઠોળ ઉમેરીને પાણી-પુરીનો મસાલો પણ તૈયાર કરાય છે. ઘણી વાનગી તેમાંથી બને છે.

તે ભોજનમાં કેલરી વધુ ઉમેરતા નથી સાથે સ્વાસ્થ્યને નુકશાન નથી કરતા. બટાકામાં રહેલ કાર્બોહાઈડ્રેટ મુખ્યત્વે સ્ટાર્ચ હોય છે. સ્પોર્ટ્સના ખેલાડીઓ માટેનો તે મહત્વપૂર્ણ આહાર છે, તો જંકફૂડમાં સૌથી વધુ તેની બનાવટો આજે બજારમાં મળે છે. બટાકા ખાવાથી હાડકા મજબૂત બને, બ્લડ પ્રેશર જાળવે, હૃદ્‌યનું સારૂ સ્વાસ્થ્ય, પાચનક્રિયા મજબૂત બને અને તેનો બળતરા વિરોધી ગુણધર્મ હોવાને કારણે ફાયદો કરે છે. તે બહુમુખી છે. જ્યારે શોધ થઈ ત્યારે તેને ''પાપા'' કહેવામાં આવતું. બટાકાની શોધ બાદ ૧૬મી સદીના મધ્યમાં તે સ્પેન, ઈંગ્લેન્ડ થઈને યુરોપમાં આવ્યા હતા. આજે વૈશ્વિકસ્તરે તો ૧૯ ઓગસ્ટે રાષ્ટ્રીય કક્ષાએ તેના દિવસની ઉજવણી થાય છે. સૌરાષ્ટ્ર કે કાઠિયાવાડમાં તેના શાક વગર ભોજન અધુરૂં ગણાય છે, તેનું શાક ઘણા લોકો, બાળકો અને મહિલાઓની પ્રથમ પસંદ ગણાય છે.

નોલેજ કોર્નર




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

ચોમાસાની ઋતુમાં તેના બનાવેલા ભજીયાની ડિમાન્ડ વધી જાય છે. ગત વર્ષથી સમગ્ર વિશ્વમાં તેનો દિવસ ઉજવવા લાગ્યો છે. વિશ્વભરમાં તેના મહત્વને ઉજાગર કરવા આ ઉજવણી થાય છે. આ વર્ષની થીમ ઈતિહાસને આકાર આપવો, ભવિષ્યને ખોરાક આપવો છે, જેનો હેતુ વૈશ્વિક ખાદ્ય પ્રણાલીમાં તેના મહત્વ અને નાના પાયે ખેડૂતોને ટકાવી રાખવામાં અને વધતી જતી વસ્તીને ખોરાક આપવામાં તેની ભૂમિકા મહત્વની છે. તે વૈશ્વિક સ્તરે ખુબ જ મહત્વપૂર્ણ પાક છે. બટાકા વિશ્વભરમાં ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં ખાદ્ય સુરક્ષા અને પોષણ તેમજ લોકોની આજીવિકા સાથે રોજગારમાં પણ ફાળો આપે છે. બટાકા પણ આબોહવાને અનુકૂળ પાક છે, કારણ કે તે અન્ય પાકોની તુલનામાં ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન ઓછું કરે છે. છેલ્લા દશકામાં તેના ઉત્પાદનમાં ૧૦ ટકાનો વધારો થયો છે. આ વર્ષની થીમનો હેતુ તેના ઉંડા ઐતિહાસિક અને સાંસ્કૃત્તિક મહત્વ પર પ્રકાશ પાડે છે. વિશ્વની લગભગ તે તૃતિયાંશ વસ્તીનો મુખ્ય ખોરાક બટાકા છે, લગભગ ૫૦% બટાકાનો ઉપયોગ ઘરના મુખ્ય ખોરાક કે શાકભાજી તરીકે થાય છે. બટાકા દુષ્કાળ, ઠંડી અને ઉજ્જડ જમીન સામે પ્રતિરોધક છે. ૨૦૩૦ સુધીમાં તેનું ઉત્પાદન ૧૧૨ ટકાના વધારા સાથે ૭૫૦ મિલિયન ટન સુધી પહોંચશે.

બટાકામાંથી આપણને કાર્બોહાઇડ્રેટ, વિટામીન-સી, પોટેશિયમ, ફાઈબર, આયર્ન, વિટામિન બી ૬, પ્રોટીન જેવા પોષક તત્વો મળતા હોવાથી તે આરોગ્યવર્ધક છે. નાસ્તાની વાનગીઓ તેનો ઉપયોગ ભરપૂર થાય છે. એક સમયે આયર્લેન્ડમાં ખાદ્યપાક તરીકે બટાકા પર નિર્ભર હતું ને બટાકાના રોગચાળાએ સમગ્ર દેશમાં ભૂખમરો મચાવ્યો હતો. ૧૮મી સદીમાં લોકો તેને કુતૂહલની નજરે જોતા હતા. બટાકા તેમના પોષક મૂલ્ય માટે જાણીતા છે, તે વ્યક્તિને અન્ય કોઈપણ ખાદ્ય પદાર્થ પર આધાર રાખ્યા વગર મહિનાઓ સુધી ઉર્જા આપે છે.

આજે સૌ કોઈ શ્રેષ્ઠ વાનગીઓ બનાવવામાં તેનો ઉપયોગ સૌથી વધુ કરે છે. સૌરાષ્ટ્રમાં ઘણા બટકાપ્રેમીઓ દરરોજ તેનું શાક આરોગે છે. તો તેનો ડુંગળી સાથે સંગમ કરીને પણ ટેસ્ટી સ્વાદ મેળવે છે. બટાકા સંભવિત રીતે ટકાઉપણાની સમસ્યાઓના ઉકેલ માટે સંપૂર્ણ ખોરાક છે. તેમનામાં રહેલું ફાઈબરના ઘણા સ્વાસ્થ્ય લાભો છે.

### બટાકા એક સમયે રાણીના શૃંગારનો ભાગ હતો !




આજના લોકપ્રિય બટાકા લગભગ ૮ હજાર વર્ષ પહેલા ઉગાડવામાં આવ્યા હતા. ૧૬મી સદીમાં યુરોપમાં આગમને તેના બ્લોસમને લીધે તેને કૃષિ પાકને બદલે સુશોભન છોડ તરીકે ઓળખતા હતા. એવી પણ વાત છે કે ફ્રેન્ચના રાણીએ બટાકાના ફૂલને હેર એસેસરીમાં ઉપયોગમાં લીધેલ હતું. આજે વિશ્વના ૧૩૦થી વધુ દેશોમાં તેની ૪ હજારથી વધુ જાતોની ખેતી કરવામાં આવે છે. આપણે ત્યાં સૌરાષ્ટ્રમાં ડીસાના બટાકા ખુબ જ જાણીતા છે. લોકો માટે બટાકાની પતરી પાળીને બારમાસ ચાલે તેટલો સંગ્રહ કરે છે, તો તેના ભજીયા તો કાઠિયાવાડીની શાન ગણાય છે.

**બટાકા ખાવાના ફાયદામાં હાડકા મજબૂત બને, બ્લડપ્રેશર જાળવે, હૃદ્‌યનું સારૂ સ્વાસ્થ્ય, પાચનક્રિયા મજબૂત બને અને તેનો બળતરા વિરોધી ગુણધર્મ છેઃ તેનું ઉદ્‌ગમસ્થાન દક્ષિણ અમેરીકાનો પેરૂ દેશ છે**

# પર્યાવરણ સુરક્ષા સમયની માંગ, ભવિષ્યનો આધારઃ ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા

## જય ખોડીયાર એન્વાયો ટેકનોલોજીસ પ્રા.લી. કાળીપાટ ખાતે ગુજરાત પોલ્યુશન બોર્ડના અધિકારીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ

**અબતક, રાજકોટ**

ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જનમાનસમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા વધે - લોકો પર્યાવરણ સુરક્ષાના કાર્યમાં સહભાગી બને તે હેતુથી ગ્રીન ઈંડિયા મિશન, નેશનલ કલીન એર પ્રોગ્રામ, મુખ્યમંત્રી વૃક્ષારોપણ પ્રોત્સાહન યોજના જેવા વિવિધ અભિયાન તથા યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે.



જય ખોડિયાર એન્વાયરો પ્રાઈવેટ લિમિટેડ કાળીપાટ (રાજકોટ) ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાની અદયક્ષતામાં અને સીઈપીટીના ડાયરેક્ટરો ભૂપતભાઈ બોદર અને જગદીશભાઈ બોદરના સઘન પ્રયાસોથી રાજકોટ ઈલેક્ટ્રોપ્લેટર્સ એન્ડ મેટલ ફિનિશર્સ એસોસિએશન ના હોદેદારો અને ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ ના અધિકારીઓ ની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે રાજકોટ ઈલેક્ટ્રોપ્લેટર્સ એન્ડ મેટલ ફિનિશર્સ એસોસિએશન ના હોદેદારો દ્વારા ભૂપતભાઈ બોદર ને ધન્યવાદ સહ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે રાજકોટ ઈલેક્ટ્રોપ્લેટર્સ એન્ડ મેટલ ફિનિશર્સ એસોસિએશનના પ્રમુખ સંજયભાઈ શર્મા તથા હોદેદારો સુરેશભાઈ મામતોરા, સંજયભાઈ મહેતા, સુરેશભાઈ શાહ, તુષારભાઈ શાહ, વિરલભાઈ તલસાણીયા, દીપકભાઈ શાહ રમેશભાઈ રામોલિયા, પરેશભાઈ સાવંત તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના માનસીબેન થાનકી, રાધિકાબેન ચુડાસમા અને સીઈપીટીના મનોજભાઈ ચૌહાણ અને ભાવેશભાઈ અગ્રાવત અને ધર્મેશભાઈ આસોદરીયા, સીટી પટેલ, નિલેશ ખૂંટ ઉપસ્થિત રહ્યા હતા.

# અક્ષ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૦૦ પરિવારોને ભોજન પીરસાયું

**અબતક, રાજકોટ**

અક્ષ અજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ફાઉન્ડેર પ્રગ્નેશભાઈ ત્રિવેદી અને તેની ટીમ દ્વારા દર બુધવારે સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે ત્યારે ગઈકાલે જરુરીયાત મંદ ૨૦૦ જેટલા પરિવાર તેમજ નાના બાળકોને એક ટંકનું ભોજન કરાવવામાં આવ્યું હતું. જેમાં મિકસ સબ્જી, રોટલી, તીખા-મોરા ગાંઠીયા, ગુલાબ જાંબુ અને છાશ વિતરણ કરવામાં આવ્યું હતું.



જરુરીયાત મંદ પરિવારને એક ટંકનું ભોજન કરાવી અક્ષ એજયુકેશન એન્ડ ચેરી. ટ્રસ્ટે સેવાકીય પ્રવૃતિ કરી હતી. જેમાં ધર્મેશભાઈ ડોડીયા, જીતુભાઈ મકવાણા, અભિરાજસિંહ સરવૈયા, હેમલભાઈ સિદધપુરા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૦-૦૫-૨૦૨૫ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (ઝમકુડી)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ વડાપાઉં)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સુજોક થેરાપી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૧-૦૫-૨૦૨૫ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી.કષ્ટભંજન દેવ) લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટિવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૩૧-૫-૨૦૨૫ શનિવાર**

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિ: | ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ | | |
| તિથી | જેઠ શુદ પાંચમ | | |
| નક્ષત્ર | પુષ્ય | | |
| યોગ | વૃધ્ધિ | કરણઃ | બવ |
| સુર્યોદય | ૬.૦૪ | સુર્યાસ્તઃ | ૭.૨૬ |
| ચંદ્ર રાશી | કર્ક | | |
| રાશિ અક્ષર | ડ.હ | | |
| દિશાશૂળ | પૂર્વ દિશા તરફ | | |
| રાહુકાળ | સવારે ૯ થી ૧૦.૩૦ | | |
| દિવસનાચોઘડીયા | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ | | |
| રાત્રીનાચોઘડીયા | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# કેન્દ્ર સરકારની ખરીફ પાક ખરીદીની જાહેરાતને વધાવતા કિસાન મોરચા મંત્રી વિજય કોરાટ

## ટેકાના ભાવમાં ગત વર્ષની સરખામણીએ રૂ.૬૯થી રૂ. ૫૯૬ પ્રતિ કિવન્ટલનો વધારો કરાયો

**અબતક,રાજકોટ**

રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે માન.પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી છે. ખેડૂતોને આર્થિક સુરક્ષા આપવા તેમજ તેમની ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવમાં ગત વર્ષની સરખામણીએ રૂ.૬૯થી રૂ.૫૯૬ પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્યમાં મગફળી, કપાસ, ડાંગર, જુવાર, બાજરી, રાગી, મકાઈ, તુવેર, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોના વાવેતરની શરૂઆત થાય તે પહેલાં જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરાતા ખેડૂતો હવે પોતાના પાકને મળનારા લઘુત્તમ ભાવને ધ્યાને રાખી વાવેતર કરી શકશે.



શ્રી વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, માન.યશસ્વી નરેન્દ્રભાઈ મોદીજીની કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે સમયાંતરે ખેડૂતોના પાકને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે થઈ વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ ખરીફ પાકોની ખરીદી માટે ટેકાના ભાવો જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં, વર્ષ ૨૦૨૫-૨૬માં ટેકાના ભાવની પોલીસી અંતર્ગત સમાવિષ્ટ મગફળી પાક માટે રૂ.૭૨૬૩ પ્રતિ કિવ., કપાસ (લંબતારી) માટે રૂ.૮૧૧૦ પ્રતિ કિવ., ડાંગર માટે રૂ. ૨૩૬૯ પ્રતિ કિવ., જુવાર માટે રૂ. ૩૬૯૯ પ્રતિ કિવ., બાજરી માટે રૂ. ૨૭૭૫ પ્રતિ કિવ., રાગી માટે રૂ. ૪૮૮૬ પ્રતિ કિવ., મકાઈ માટે રૂ.૨૪૦૦ પ્રતિ કિવ., તુવેર માટે રૂ. ૮૦૦૦ પ્રતિ કિવ., ભાવ જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બાજરાના ટેકાના ભાવમાં ૬૩ ટકા, તુવેરના ટેકાના ભાવમાં ૫૯ ટકા, અડદના ટેકાના ભાવમાં ૫૩ ટકા, સુધીનો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા ખેત જણસીઓ માટે ખૂબ જ ટૂંકા ગાળામાં ટેકાના ભાવોની જાહેરાત કરવા બદલ તેમજ ખરીફ પાકોના ટેકાના ભાવમાં યોગ્ય વધારો કરવા બદલ ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણનો આભાર વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત ખેડૂતોના હિત માટે સતત માર્ગદર્શન આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો પણ તેમણે આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

## સૂડોકુ -૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૭ | | | ૧ | |
| ૩ | | | ૪ | | ૫ | | ૮ | |
| | | ૪ | ૮ | ૧ | | | | |
| | | | | ૬ | ૪ | | | |
| ૨ | | | ૯ | | ૮ | ૪ | ૬ | ૧ |
| ૪ | | ૩ | | ૫ | | ૨ | ૯ | ૮ |
| ૧ | | | | ૨ | | | | ૫ |
| | ૪ | | ૧ | | | | | ૬ |
| ૯ | | ૬ | | | ૩ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૬ | ૫ | ૧ | ૩ | ૭ | ૪ | ૮ |
| ૭ | ૮ | ૧ | ૪ | ૯ | ૨ | ૬ | ૫ | ૩ |
| ૪ | ૩ | ૫ | ૭ | ૬ | ૮ | ૨ | ૯ | ૧ |
| ૧ | ૯ | ૭ | ૮ | ૫ | ૬ | ૩ | ૨ | ૪ |
| ૨ | ૫ | ૩ | ૧ | ૪ | ૭ | ૮ | ૬ | ૯ |
| ૮ | ૬ | ૪ | ૩ | ૨ | ૯ | ૧ | ૭ | ૫ |
| ૩ | ૭ | ૯ | ૨ | ૮ | ૫ | ૪ | ૧ | ૬ |
| ૬ | ૧ | ૮ | ૯ | ૭ | ૪ | ૫ | ૩ | ૨ |
| ૫ | ૪ | ૨ | ૬ | ૩ | ૧ | ૯ | ૮ | ૭ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૩૧.૫.૨૦૨૫, શનિવાર ,સંવંત ૨૦૮૧, જેઠ સુદ પાંચમ , પુષ્ય નક્ષત્ર, વૃદ્ધિ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** નવા કાર્યમાં આગળ વધી શકો , સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારી માં કાળજી રાખવી પડે , આર્થિક બાબતોમાં મધ્યમ રહે,અન્ય બાબતો માં સારું રહે.

**કર્ક (ડ,હ) :** તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**સિંહ (મ,ટ) :** કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે,સાંજ ખુશનુમા વીતે.

**કન્યા (પ ,ઠ ,ણ) :** ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.

**તુલા (ર,ત)** અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો , શુભ દિન.

**વૃશ્ચિક (ન ,ય) :** ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ ):** દિવસ દરમિયાન દોડધામ રહે , સાંજ પછી નસીબ સાથ આપતું જણાય,અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.

**મકર (ખ,જ) :** જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે,મનની વાત વ્યક્ત કરી શકો.

**કુંભ (ગ ,સ,શ) :** હિત શત્રુઓ થી સાવધ રહેવું,વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.

**મીન (દ,ચ,ઝ,થ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

## કોડ ઓફ યુનિવર્સ : સ્વસ્તિક શ્રી ચક્રમાં ચોથું પરિમાણ ખોલી આપે છે

સ્વસ્તિક અને શ્રી ચક્ર બંને અત્યંત પવિત્ર અને શક્તિશાળી પ્રતીકો ગણાય છે. જ્યારે આ બંને પ્રતીકોનું સંયોજન કરવામાં આવે છે, ત્યારે તે અત્યંત ગહન આધ્યાત્મિક અર્થ ધારણ કરે છે અને અનેકગણું શુભ ફળ આપનારું મનાય છે. જયારે શ્રી ચક્રમાં સ્વસ્તિક ઉમેરવામાં આવે છે ત્યારે તેમાં સમયનું ચોથું પરિમાણ ઉમેરાઈ છે . આ બ્રહ્માંડની ગુપ્ત વિભાવના છે જે સ્વસ્તિક અને શ્રીચક્રથી ફળીભૂત થાય છે સ્વસ્તિક એ પ્રાચીનકાળથી જ સુખ, શાંતિ, સમૃદ્ધિ, સકારાત્મકતા અને સૌભાગ્યનું પ્રતીક રહ્યું છે. તે ચારેય દિશાઓમાં ફેલાયેલી સકારાત્મક ઊર્જા અને બ્રહ્માંડના ચક્રને દર્શાવે છે. શ્રી ચક્ર એ દેવી લક્ષ્મી, ત્રિપુરા સુંદરી અને સમગ્ર બ્રહ્માંડની રચનાનું પ્રતીક છે. તે નવ ત્રિકોણ અને બિંદુ (બિંદુ) થી બનેલું એક જટિલ યંત્ર છે, જે સૃષ્ટિ, સ્થિતિ અને સંહારની શક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે. શ્રી ચક્રને ધન, વૈભવ, સૌંદર્ય, જ્ઞાન અને આધ્યાત્મિક ઉન્નતિનું પ્રતીક માનવામાં આવે છે. તે ભૌતિક સુખોની સાથે સાથે મોક્ષનો માર્ગ પણ દર્શાવે છે. સમયના ત્રણે વિભાગો સાથે શ્રી ચક્ર એટલે સ્વસ્તિક શ્રીચક્ર જે ત્રણે કાળ પર વિજય અપાવી શકે છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# શાક માર્કેટના થડામાં ભાડા વધારો ફગાવાયો: સફાઈ ચાર્જ ઝીંકાયો

## થડાનું માસિક ભાડુ રૂ.૫૦૦ યથાવત રાખતી સ્ટેન્ડિંગ કમિટી:સફાઈ ચાર્જ પેટે મહિને રૂ. ૫૦૦ વસૂલ લાગશે





### સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તમામ ૭૬ દરખાસ્તોને મંજૂરીની મોહર: રૂ.૧૧૬ કરોડના વિકાસ કામો મંજૂર કરાયા

**અબતક, રાજકોટ**

ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને આજે સવારે કોર્પોરેશન ખાતે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજૂરી અર્થે રજુ કરવામાં આવેલી તમામ ૭૬ દરખાસ્તોને મંજૂરીની મહોર મારવામાં આવી હતી.રૂ.૧૧૬ કરોડના વિકાસ કામોને બહાલી આપવામાં આવી છે.શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી ૧૭ શાક માર્કેટ અને ફુલ બજારમાં થડાના ભાડામાં વધારો કરવાની દરખાસ્ત નામંજૂર કરી દેવામાં આવી છે.જો કે થડાધારકો પર માસિક રૂ. ૫૦૦ નો સફાઈ ચાર્જ ઝીંકવામાં આવ્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર જણાવ્યું હતું કે આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તમામ ૭૬ દરખાસ્તને બહાલી આપી રૂ.૧૧૬ કરોડના વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી ૧૭ શાકમાર્કેટના ૧૧૯૩ થડાના વર્તમાન ભાડામાં વધારો કરવાની દરખાસ્ત નામંજૂર કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા હાલ થડાધારકો પાસેથી માસિક રૂ.૫૦૦ ભાડું વસૂલ કરવામાં આવે છે જે વધારી રૂ.૧૦૦૦ કરવા અને તમામ થડાધારકો પાસેથી સફાઈ ચાર્જ પેટે માસિક રૂ. ૫૦૦ની વસૂલાત કરવાની દરખાસ્ત કરાઈ હતી.જેમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સુધારો કરવામાં આવ્યો છે.થડાનું માસિક ભાડું રૂ.૫૦૦ યથાવત રાખવામાં આવ્યો છે.જ્યારે સફાઈ ચાર્જ રૂ. ૫૦૦ વસૂલવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.

તેઓએ ઉમેર્યું હતું કે થડાધારકોની જવાબદારી સફાઈ કરવાની રહે છે પરંતુ તેઓ નિયમિત સફાઈ કરતા ન હોવાના કારણે કોર્પોરેશન સફાઈ કરવી પડે છે.આ વાતને ધ્યાનમાં રાખીને માસિક રૂ. ૫૦૦ સફાઈ ચાર્જ વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે આ ઉપરાંત આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં દબાણ હટાવ શાખા માટે નવી પાંચ બોલેરો ખરીદવા માટે રૂ. ૪૫ લાખ, હોળી ધૂળેટી પર્વ નિમિતે યોજાયેલા હિંદી હાસ્ય કવિ સંમેલનમાં થયેલો રૂ.૪.૫૮ લાખનો ખર્ચે મંજુર કરવામાં આવ્યો છે. શહેરના માધાપર ચોકડીથી ગોંડલ રોડ ચોકડી સુધીના ૧૫૦ ફૂટ રીંગ રોડની હયાત ડિઝાઈનને રી ડિઝાઈન કરવા માટે એજન્સીની નિયુક્તિ કરવાની દરખાસ્તની પણ બહાલી આપવામાં આવી છે. રૈયાધાર સ્થિત જૂના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રિનોવેશન માટે રૂ. ૧.૨૩ કરોડ મંજુર કરાયા છે જ્યારે ઘંટેશ્વર વોટર ટ્રીટમેન્ટ પ્લાનના રીનોવેશન માટે રૂપિયા ૧.૩૪ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે વોર્ડ નંબર ચારમાં જુદા જુદા રોડને ડેવલપ કરી ડામર ગામ કરવા માટે રૂ.૧૪.૮૩ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે આ આ ઉપરાંત હાલ બાકીદારો માટે ચાલતી વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમને ૩૧ જુલાઈ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રસ્તા ના કામ માટે ૨૦.૩૩ કરોડ ડ્રેનેજના કામ માટે ૧૮.૮૪ કરોડ પેવિંગ બ્લોકના કામ માટે રૂપિયા ૪.૬૦ કરોડ મશ પાઈપલાઈન ના નેટવર્ક માટે ૨૯.૫ કરોડ શાળા અને લાયબ્રેરીને બાંધકામ માટે ૩.૬૪ કરોડ સ્ટ્રોંગ વોટર ડ્રેનેજ અને બોર્ડ રિચાર્જ ના કામ માટે રૂપિયા ૨.૯૧ કરોડ ઝૂ અને એનિમલ હોસ્ટેલ માટે રૂપિયા ૨.૯૧ કરોડ ડ્રેનેજના સાધનો ખરીદવા અને મેન્ટેનન્સ માટે રૂપિયા ૩.૮૮ કરોડ નવું સ્મશાન ગૃહ બનાવે કે હયાત સ્મશાન ગૃહને અપડેટ કરવા રૂ.૨ કરોડનો ખર્ચે, વોર્ડ નં.૨માં પાર્ટી પ્લોટ બનાવવા ૪.૫૫ કરોડ બિલ્ડીંગના નવીનીકરણના કામ માટે રૂપિયા ૩.૧૭ કરોડ સહિત ૧૧૬ પોઈન્ટ ૩૧ કરોડના વિકાસામોને બહાલી આપવામાં આવી છે જ્યારે અલગ અલગ સ્પોર્ટ્સ સંકુલ માં વિવિધ પ્રકાર ના કોર્ટ ભાડે આપવા શહીદ ના નિર્ણયથી રૂપિયા ૧.૪૫ કરોડની આવક થશે.



તસવીર: શૈલેષ વાડોલિયા





#### ક્યાં કામ માટે કેટલો ખર્ચ મંજુર

| કામની વિગત | રકમ રૂપિયા |
|---|---|
| રસ્તા કામ | ૨૦,૩૩,૭૦,૬૬૪ |
| ડ્રેનેજ | ૧૮,૮૪,૩૯,૪૫૦ |
| પેવિંગ બ્લોક | ૪,૫૯,૭૯,૮૮૩ |
| આર્થિક તબીબી સહાય | ૫,૦૧,૧૬૪ |
| કાર્યક્રમ ખર્ચ | ૫,૫૫,૯૫૦ |
| ડી.આઈ. પાઈપલાઈન | ૨૯,૩૫,૬૨,૦૪૨ |
| શાળા/લાયબ્રેરી (બાંધકામ) | ૩,૬૪,૦૦,૧૩૦ |
| સ્ટોર્મ વોટર ડ્રેઈન / બોર રિચાર્જ | ૨,૯૧,૨૨,૮૯૭ |
| આરોગ્ય વિભાગ | ૪,૮૭,૩૪૦ |
| વાહન ખરીદી | ૬૧,૦૪,૩૭૦ |
| વોટર વર્કસ | ૧૭,૮૪,૪૬,૧૦૧ |
| ઝૂ / એનિમલ હોસ્ટેલ | ૨,૯૧,૦૦,૦૦૦ |
| ડ્રેનેજ સફાઈ સાધનો / નિભાવ | ૩,૮૮,૮૩,૯૯૯ |
| કલવર્ટ (બોકસ/પાઈપ/સ્લેબ) | ૨૧,૩૪,૭૧૪ |
| સ્મશાન | ૨,૦૨,૫૫,૪૫૪ |
| નવા કોમ્યુનિટી હોલ / પાર્ટી પ્લોટ | ૪,૪૫,૯૬,૬૧૬ |
| બિલ્ડીંગ કામ / નવીનીકરણ | ૩,૧૭,૩૮,૯૧૧ |
| નવી આંગણવાડી | ૪૧,૩૮,૬૭૫ |
| લાઈટીંગ / રોશની | ૨૩,૯૭,૧૨૦ |
| રેનબસેરા / આશ્રય સ્થાન | ૨૮,૮૦,૦૦૦ |
| પે-એન્ડ - યુઝ ટોયલેટ (બાંધકામ) | ૪૦,૧૭,૩૧૦ |
| કુલ ખર્ચ | રૂ. ૧,૧૬,૩૧,૧૨,૭૯૦ |

# આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણીને ઘર ભેગા કરો: ભાજપના ૬૬ કોર્પોરેટરોનો એક જ સૂર

### સ્ટેન્ડિંગ કમિટીની સંકલન બેઠકમાં મેયર સમક્ષ ભાજપના કોર્પોરેટરોને ઉગ્ર રજૂઆત

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા ડો.જયેશ વકાણીની કામગીરી સામે ખુદ શાસક પક્ષ ભાજપના ૬૬ કોર્પોરેટરોએ સવાલ ઉઠાવ્યા છે.સ્ટેન્ડિંગ કમિટીની ગત બેઠકમાં આરોગ્ય અધિકારીને રાજ્ય સરકારમાં પરત મોકલવાનો મુદો ઉઠાવ્યા બાદ આજે સવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્વેની ભાજપના કોર્પોરેટરોની સંકલન બેઠકમાં તમામ ૬૬ નગરસેવકોએ એક જ સુર વ્યક્ત કર્યો હતો કે આરોગ્ય અધિકારીને તાત્કાલિક અસરથી ઘર ભેગા કરી દેવામાં આવે.

આ અંગે પ્રાપ્તિ થતી વધુ વિગત મુજબ આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણીની કામગીરી સામે છેલ્લા ઘણા સમયથી સતત સવાલો ઊભા થઈ રહ્યા છે. સ્ટેન્ડિંગ કમિટીની ગત મિટિંગમાં ભાજપના કોર્પોરેટરોએ આરોગ્ય અધિકારીને સરકારમાં પરત મોકલવાની માંગ ઉઠાવી હતી પરંતુ ટેકનિકલી રીતે તે શક્ય નથી કારણ કે આરોગ્ય અધિકારીની ભરતી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી નથી.કોર્પોરેશનની ઓફિસર સિલેકશન કમિટી દ્વારા ભરતી કરવામાં આવી છે જેને કારણે ઓફિસર સિલેકશન કમિટી જ તેને ડિસમિસ કરવા અંગેનો નિર્ણય લઈ શકે છે. આરોગ્ય અધિકારી સામે નાણાકીય વહીવટની પણ વ્યાપક ફરિયાદો ઉગતા તાજેતરમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાને લેખિતમાં ફરિયાદ કરી હતી જેના આધારે મ્યુનિ

કમિશનર દ્વારા આરોગ્ય અધિકારીની સત્તા પર મોટો કાંપ મૂકી દેવામાં આવ્યો હતો

નાયબ કલેકટરને રોજે રોજની કામગીરીનો રિપોર્ટ કરવા માટે પણ સૂચના સાથે આદેશ આપવામાં આવ્યો હતો.

દરમિયાન આજે સવારે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્વે મળેલી ભાજપના કોર્પોરેટરોની સંકલન બેઠકમાં ફરી એક વખત શાસક પક્ષના તમામ ૬૬ કોર્પોરેટરો મેયર સમક્ષ એક જ સૂરમાં એવી વાત ઉચ્ચારી હતી કે કોઈપણ ભોગે તાત્કાલિક અસરથી આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણીને ઘર ભેગા કરી દેવામાં આવે.



### ટૂંક સમયમાં ઓફિસર સિલેકશન કમિટીની બેઠક બોલાવી લેવાશે મોટો નિર્ણય

અત્રે ઉલ્લેખનીય છે કે કોર્પોરેશનની ઓફિસર સિલેકશન કમિટીમાં કુલ પાંચ સભ્ય હોય છે જેમાં હોદાની રૂએ મેયર,ડેપ્યુટી મેયર ,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શાસક પક્ષના નેતા અને વિરોધ પક્ષના નેતા એમ કુલ પાંચ સભ્યોની આ સમિતિ હોય છે આ સમિતિએ મ્યુનિસિપલ કમિશનર દ્વારા કોઈપણ અધિકારીની ભરતી માટે કે ડિસમિસ કરવા માટેની દરખાસ્ત મોકલવામાં આવે તેના અંગે નિર્ણય લેવામાં આવે છે.ઓફિસર સિલેકશન કમિટી દ્વારા જે તે સમયે આરોગ્ય અધિકારી તરીકે ડો.જયેશ વકાણી ભરતી કરવામાં આવી હતી હવે જો કોઈ ફરિયાદ કે ગેરરીતિ માલુમ પડે તો મ્યુનિસિપલ કમિશનર દ્વારા ઓફિસર સિલેકશન કમિટી સમક્ષ આરોગ્ય અધિકારીને ડીસમિસ કરવા અંગેની દરખાસ્ત મોકલવામાં આવી શકે છે જેના આધારે ઓફિસર સિલેકશન કમિટીને જો યોગ્ય જણાય તો આરોગ્ય અધિકારીને ડિસ્મિત કરી શકે છે ટેકનિકલ રીતે આ ખૂબ જ અઘરી પ્રક્રિયા છે કારણ કે જો અધિકારી દ્વારા અદાલતના દ્વાર ખખડાવવામાં આવે તો પદ અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓએ આ અંગે અદાલતમાં પુરાવા સાથે જવાબ આપવો પડે તમામ પાસાઓ તપાસી ઓફિસર સિલેકશન કમિટી દ્વારા આરોગ્ય અધિકારી ને બરતરફ કરવા અંગે કોઈ મોટો નિર્ણય લેવામાં આવી શકે છે.અગાઉ અનેકવાર કડક ભાષામાં ઠપકા અપાયા બાદ પણ આરોગ્ય અધિકારીની કામગીરીમાં કોઈ જ પ્રકારનું સુધારો આવતો નથી ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ સાથે પણ ખૂબ જ ખરાબ વર્તન કરવામાં આવતું હોવાની ફરિયાદો સતત ઊઠી રહી છે. સત્તામાં કાપ મુકાયા બાદ પણ આરોગ્ય અધિકારીની કાર્યશૈલીમાં કોઈ જ સુધારો થતો ન હોય હવે ખુદ શાસક પક્ષ ભાજપના ૬૬ કોર્પોરેટરોએ મેયર સમક્ષ એક અવાજે આરોગ્ય અધિકારીને તાત્કાલિક અસરથી ઘર ભેગા કરવાની માગણી કરી છે.

# જયમીન ઠાકર બન્યાં નાયક: લાઈટના ધાંધીયા મામલે વીજ કચેરીએ હલ્લાબોલ



તસવીર: શૈલેષ વાડોલિયા





## મધરાતે જામટાવર સ્થિત પીજીવીસીએલની ઓફિસે ઘસી ગયા: સતત ૩ કલાક સુધી ધામા નાખ્યા, ચાર અધિકારીઓને ઉંઘમાંથી ઉઠાવી કચેરીએ બોલાવ્યા

### હવે વોર્ડ નં.૨માં એરપોર્ટ રોડ વિસ્તારમાં લાઈટ નહીં જાય તેવી અધિકારીઓ પાસેથી લેખિતમાં બાંહેધરી લીધી

### જો હવે લાઈટ જશે તો લોકોને સાથે રાખી અધિકારીઓના વીજ જોડાણ કાપી નાખવાની ચિમકી

**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં.૨માં છેલ્લા ચાર દિવસથી લાઈટના ધાંધીયા થઈ રહ્યા છે. રાત પડે ને કલાકો સુધી વીજ પૂરવઠો ખોરવાય જવા પામે છે. જામટાવર સ્થિત પીજીવીસીએલની કચેરી ખાતે આ અંગે વારંવાર ફરિયાદ કરવા છતા સમસ્યાનું કોઈ નિવારણ આવતુ નથી. કોલસેન્ટરના ફોન પણ ઉપડતા ન હોવાની ફરિયાદો લોકોમાંથી ઉઠી રહી છે. દરમિયાન ગઈકાલે રાત્રે પણ એરપોર્ટ રોડ સહિતના અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થતા રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને વોર્ડ નં.૨ના કોર્પોરેટર જયમીનભાઈ ઠાકરે મધરાતે સતત ત્રણ કલાક સુધી જામટાવર સ્થિત પીજીવીસીએલની કચેરીએ હલ્લાબોલ કર્યું હતુ. ચાર અધિકારીઓને ઘરેથી કચેરી ખાતે બોલાવી તતડાવી નાખ્યા હતા હવે જો લાઈટ જશે તો સ્થાનીક લોકોને સાથે રાખી અધિકારીઓના ઘરના વીજ કનેકશન કાપી નાખવાની ચિમકી ઉચ્ચારી હતી. સાથે સાથ હવે વીજ વિક્ષેપ નહી સર્જાય તેવી અધિકારીઓ પાસેથી લેખીતમાં બાંહેધરી લીધી હતી.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ શહેરના વોર્ડ નં.૨મા એરપોર્ટ રોડ આસપાસના વિસ્તારોની અનેક સોસાયટીમાં છેલ્લા ચાર દિવસથી સતત લાઈટના ધાંધીયા સર્જાઈ રહ્યા છે. કાળઝાળ ગરમીમાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આ અંગે ફરિયાદ કરવા છતા સમસ્યા ગઈકાલે ગુરૂવારે પણ યથાવત રહેવા પામી હતી. જામટાવર સ્થિત પીજીવીસીએલની કચેરીના ફોન પણ ઉપડતા ન હોવાની ફરિયાદ સ્થાનિકોમાથી ઉઠી હતી. ગઈકાલે રાત્રે ૧ કલાકે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર પીજીવીસીએલની કચેરીએ રૂબરૂ ઘસી ગયા હતા. રાત્રીના સમય કચેરી ખાતે કોઈ જવાબદાર અધિકારી હાજર ન હોય તેઓએ અધિકારીઓને મધરાતે ફોન કરી કચેરી ખાતે બોલાવ્યા હતા અધિકારીઓએ રાત્રીના સમયે કચેરી ખાતે આવવાની હા ના કાની કરતા સ્ટે. ચેરમેને તમામને તતડાવી નાંખ્યા હતા જો અધિકારીઓ નહી આવે તો સ્થાનિક લોકોને સાથે રાખી અધિકારીઓના ઘરનો ઘેરાવ કરવાની ચિમકી ઉચ્ચારી હતી જો જરૂર જણાશે તો અધિકારીઓના ઘરના વીજ કનેકશન પણ કાપી નાખવાની ધમકી આપતા અધિકારીઓ મારતા ઘોડે કચેરી ખાતે ઘસી આવ્યા હતા. તેઓએ અધિકારીઓ પાસેથી હવે વોર્ડ નં.૨ના કોઈ વિસ્તારમાં લાઈટના ધાંધીયા નહી થાય તેવી લેખિતમાં ખાતરી આપી હતી સ્ટે. ચેરમેન સતત ત્રણ કલાક સુધી વીજ કચેરીએ રોકાયા હતા અને લોકોનો પ્રશ્ન હલ કરાવ્યો હતો.

પીજીવીસીએલના અધિકારી આર.જે. પ્રજાપતિ, જે.યુ.ભટ્ટ, જી.કે. સરવૈયા અને બી.સી.રાઠોડે લેખિતમાં બાંહેધરી આપતા જણાવ્યું હતુ કે, વોર્ડ નં.૨ના એરપોર્ટ ફાટકની આજુબાજુનો વિસ્તાર, રામેશ્વર ચોકની આજુબાજુનો વિસ્તાર, રેષકોર્ષ રીંગરોડ પરનો વિસ્તારમાં ૧૧ કેવી ઈન્કમટેક્ષ ફીડરનો પાવર સપ્લાય મળે છે. જે ઈન્કમટેક્ષ ફીડર ૬૬ કેવી લક્ષ્મીનગરમાંથી નીકળે છે. આ ફીડરમાં છેલ્લા ૪ દિવસથી ટ્રીપીંગ તથા ફોલ્ટ સર્જાવાના કારણે વીજ વિક્ષેપ થાય છે. જેમા સદર ફીડરના બે

(અનુ. આઠમા પાને)

# રિલાયન્સ મોલમાં શંકાસ્પદ વિસ્ફોટક મળતા ખળભળાટ

## એસઓજી, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ, ક્યુઆરટી, ફાયર બ્રિગેડ, માલવિયાનગર પોલીસ સહિતનો કાફલો દોડી ગયો






### અંતે મોકડ્રિલ જાહેર થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો

**અબતક, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ રિલાયન્સ મોલમાં શંકાસ્પદ વિસ્ફોટક જેવો પદાર્થ મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. ઘટનાને પગલે એસઓજી, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ક્યુઆરટી, ફાયર બ્રિગેડ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મોલમાં હાજર કર્મચારીઓ સહીત ૨૫૦ જેટલાં લોકોને ઈવેક્યુટ કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ રિલાયન્સ મોલમાં આજે સવારે એક શંકાસ્પદ પાર્સલમાં વિસ્ફોટક જેવો પદાર્થ હોવાનો કોલ

### શંકાસ્પદ પદાર્થ મળી આવ્યે શું કરવું?: પોલીસે માર્ગદર્શન આપ્યું



શંકાસ્પદ પદાર્થ મળવાની ઘટનાને મોકડ્રિલ જાહેર કરવામાં આવ્યા બાદ એસઓજી, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ક્યુઆરટી અને સ્થાનિક પોલીસ દ્વારા મોલના કર્મચારીઓ અને હાજર સામાન્ય નાગરિકોને શંકાસ્પદ પદાર્થ મળી આવ્યે શું કરવું, શું ન કરવું સહીતની બાબતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### મોલમાં હાજર કર્મચારીઓ સહીત ૨૫૦ જેટલાં લોકોનું તાબડતોડ ઈવેક્યુએશન કરાયું

પોલીસને મળ્યો હતો. જેના પગલે એસીપી બી જે ચૌધરી, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ(એસઓજી) પીઆઈ સંજયસિંહ જાડેજાની ટીમ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ, કિવક રિસ્પોન્સ ટીમ(ક્યુઆરટી), ફાયર બ્રિગેડ, માલવિયાનગર પોલીસના પીઆઈ જે આર દેસાઈની ટીમો અને ટ્રાફિક શાખાના જવાનો તાત્કાલિક બનાવસ્થળે દોડી ગયા હતા.

પોલીસ દ્વારા સાવચેતીના પગલે મોલમાં હાજર કર્મચારીઓ સહીત ૨૫૦ જેટલાં લોકોને તાબડતોડ ઈવેક્યૂટ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. બાદમાં શંકાસ્પદ પાર્સલમાં રહેલ પદાર્થની બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જે બાદ અંતે આ સમગ્ર ઘટનાને મોકડ્રિલ જાહેર કરવામાં આવતા તંત્ર અને સામાન્ય નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

---

# જૈન સોશિયલ ગ્રુપ ૩૦૦થી વધુ ગૌમાતાને પનાહ આપી ઘાસચારો પૂરો પાડશે

## દુષ્કાળ જેવી સ્થિતિમાં કચ્છથી હિજરત કરી આવેલ ગાયોને આશ્રય આપી પનાહ પ્રોજેકટના ચેરમેન નિલેશ ભાલાણીએ જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું



**અબતક, રાજકોટ**

જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન અનેકવિધ સામાજીક કાર્યક્રમો કરવામાં મોખરાનું સ્થાન ધરાવે છે. મેગા બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ, ગરીબોને રાશન કિટ વિતરણ, થેલેસેમીક પીડીત બાળકો માટે સાઈકલ તેમજ મેડીસીનની વ્યવસ્થા ઉપરાંત જીવદયાનાં કામોમાં આગવું કામ કરી રહયું છે. જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશનનાં પનાહ પ્રોજેકટ અંતર્ગત રાજકોટનાં મોરબ્રી રોડ ઉપર આવેલ રતનપર ગામે શ્રીરામ મંદિર સામે કચ્છમાં દુષ્કાળ જેવી પરિસ્થીતી સર્જાતા ત્યાંથી ગૌપાલકો તેમની આશરે ૩૦૦ જેટલી ગાયો નિભાવવા રાજકોટ તરફ હીજરત કરીને અહીં આવેલ છે, આ ગૌમાતાને જરૂરી ઘાસચારો તેમજ મેડીકલ સહાય પુરી પાડવાની સંપૂર્ણ જવાબદારી પ્રોજેકટ પનાહનાં ચેરમેન અને જીવદયા કાર્યમાં સદાય અગ્રેસર એવા અંબા આશ્રીત સારીઝવારા નીલેશભાઈ ભાલાણી (ભીમભાઈ)એ ઉપાડેલ છે,

આ શુભ કાર્યનો બીરેનભાઈ શાહ (પ્રેસીડન્ટ-જેએસજીઆઈએફ) અને અમિષભાઈ દોશી (તત્કાલીન નિવૃત પ્રેસીડન્ટ-જેએસજીઆઈએફ) તેમજ મનીષભાઈ શાહ (સેક્રેટરી-જેએસજીઆઈએફ) વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી પ્રારંભ કરાવેલ હતો. જયારે કેમ્પનું ઉદઘાટન સેજલભાઈ કોઠારી - ચેરમેન : સૌરાષ્ટ્ર રીજીયન અને મનીષભાઈ દોશી - વાઈસ પ્રેસીડન્ટ જેએસજીઆઈએફનાં વરદહસ્તે

(અનુ. આઠમા પાને)

---

# બી.ટી સવાણી કિડની હોસ્પિટલના મેડિકલ કેમ્પનો ૧૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

## કૂંડારીયા કેન્સર ફાઉન્ડેશન તથા સુચક કોમ્પ્યુટર આયોજિત મેડિકલ કેમ્પમાં ડાયાબિટીસ, બીપી તેમજ હિમોગ્લોબીનની ચકાસણી કરવામાં આવી

**અબતક, રાજકોટ**

ધર્મેશભાઈ સૂચક અને દર્શનભાઈ સીનરોજા ના નેજા હેઠળ હેલ્થ વિશે જાગૃત કરવા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે નિલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન તેર્મની સંસ્થા સૂચક કમ્પ્યુટર ખાતે કરવામાં આવેલ.

જેમાં વિનામૂલ્ય ડાયાબિટીસ, બીપી અને હિર્મોગ્લોબીન ની તપાસ ડોક્ટરોની ટીર્મ દ્વારા કરવામાં આવી અને દવા વિનામૂલ્યે મા આપવામાં આવી. આ ઉપરાંત અલગ અલગ કેન્સર અને કિડનીના તથા ગંભીર રોગો થી સંભાળ કેવી રીતે રાખવી તે અંગે લોકોમાં જાગૃતિ આવે તેનું માર્ગદર્શન ડોકટરોની ટીમ દ્વારા આપવામાં આવ્યું.



આ કેમ્પનો લાભ આશરે ૧૦૦ થી વધુ લોકોએ લીધો હતો.

આ કેમ્પને સફળ બનાવવા સુચક કોમ્પ્યુટર, કુંડલીયા કેન્સર ફાઉન્ડેશન અને બી ટી સવાણી કિડની હોસ્પિટલ તથા ડો. કેરવી મારડીયા, ડો. વૈશાલી મજેઠિયા, ડો. રૂશીતા રાણપરીયા, ડો. સજની ડોબરીયા, નીધીબેન સુચક, ધર્મેશભાઈ સુચક અને દર્શનના ભાઇ સિનરોજાએ જહેમત ઉઠાવેલ.

---

# શિક્ષકો વર્તમાન પ્રવાહોથી અવગત હશે તો છાત્રોનો સર્વાંગી વિકાસ નિશ્ચિત: ચેરમેન ડી.વી. મહેતા

## શિક્ષણની માળખાગત તાલીમ માટે જીનીયસ સ્કુલમાં શિક્ષકોને સ્ટાફ એન્હાન્સમેન્ટ કાર્યક્રમ થકી કરાયા માહીતગાર

**અબતક, રાજકોટ**

જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સસ હંમેશા શૈક્ષનિક સ્તરે ઉત્તરોત્તર ઊંચુ લાવવા માટે વિદ્યાર્થીઓને જ નહિ પણ સંસ્થા શિક્ષકો અને સ્ટાફના સભ્યોના પણ વિચારો અને જ્ઞાનશકિતની સમૃધ્ધિ માટે સદાય તત્પર રહે છે અને તે માટે સમયાંતરે વિવિધ તાલીમ કાર્યક્રમો, વકતવ્યો અને કાર્યશાળાના આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશન્સ દ્વારા સંસ્થા સાથે જોડાયેલ તમામ શિક્ષકોને શિક્ષણની માળખાગત તાલીમ, નીતિઓ અને શિક્ષણ પ્રથાઓ અંગે માહિતગાર કરવા સ્ટાફ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામનું આયોજન



કરવામાં આવ્યું હતું.

આ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામ અંગે વધુ માહીતી આપતા જીનીયસ ગ્રુપ ઓફ સ્કૂલ્સના ચેરમેન ડી.વી. મહેતાના જણાવ્યું હતું કે સંસ્થા ફકત વિદ્યાર્થીઓના જ નહીં પરંતુ સંસ્થાના શિક્ષકોના સર્વાંગી વિકાસને લક્ષમાં રાખી સમગ્ર વર્ષ દરમિયાન સમાયાંતરે વિવિધ તાલીમ કાર્યક્રમોના આયોજનો કરવામાં આવે છે. સતત પરિવર્તનશીલ વિશ્વમાં અનિવાર્ય છે. ખાસ કરીને શિક્ષકો શિક્ષણની માળખા, નવી શિક્ષણ નીતી, નવા પ્રવાહો અને શિક્ષણ પદ્ધતિથી અવગત હશે તો તેના સીધો લાભ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે થશે.

આજના વિચાર પ્રેરક સત્રમાં શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા શાળાની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રથમ વકતા કાજલ શુકલાએ શાળાની પ્રણાલીઓ અને નીતીઓ અંગે વિસ્તૃત માહીતી આપી હતી. તેમણે શાળાની સંચાલન વ્યવસ્થાઓ, શૈક્ષણિક દિશાનિર્દેશો વિદ્યાર્થી કેન્દ્રિત અભિગમ અને શાળાના રોજિંદા કાર્યોમાં શિક્ષકોની ભૂમિકા અંગે ઊંડાણપૂર્વકની ચર્ચા કરી સાથે જ શાળાની સફળતા માટે જરુરી નીતીગત માળખા અને

(અનુ. આઠમા પાને)

---

# અખિલ હિન્દ મહિલા પરિષદ આયોજીત રકતદાન કેમ્પને મળ્યો બહોળો પ્રતિસાદ



## સ્ટાફે સૌ પ્રથમ રકતદાન કરી પ્રેરણા પૂરી પાડી

**અબતક, રાજકોટ**

અખિલ હિન્દ મહિલા પરિષદ સંચાલિત અને રાજ્ય સરકાર પુરસ્કૃત અને મહાનગરપાલિકા શહેરી આરોગ્ય કેન્દ્ર સહયોગથી રાજકોટ ખાતે શહેરના આર્થિક પછાત વિસ્તારોને અને અન્ય મહોલ્લાઓમાં રક્તદાન માટે જાગૃતિ આવે તે હેતુથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ ભાવના જોષીપુરા ના માર્ગદર્શન અંતર્ગત આયોજિત આ રક્તદાન કેમ્પ નું ઉદઘાટન સરકારી લો કોલેજ અમદાવાદના પ્રાચાર્ય ડોકટર મિનળ રાવલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં મેડિકલ ઓફિસર ડો. મૌલી બેન ગણાત્રા, ડો.કૃપાબેન રાબડીયા , ડો મેહુલ રંગાણી સેવા આપી હતી.

આ રક્તદાન કેમ્પ ખાસ કરીને

(અનુ. આઠમા પાને)

---

# તમાકુના ઉત્પાદન અને સેવનમાં ભારત બીજા ક્રમે: ડો. અદિતી થાનકી

## નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલના ઓન્કોલોજીસ્ટ ડો. અદિતી થાનકીએ તમાકુથી થતા રોગો અંગે વિસ્તૃત માહીતી આપી

**અબતક, રાજકોટ**

૩૧મી મેને વિશ્વભરમાં કાલે 'તમાકુ નિષેધ દિવર્સ એટલે કે ટોબેકો ડે' તરીકે ઉજવણી કરવામાં આવશે. તમાકુના સેવનથી થતી શારીરીક,માનસીક અને આર્થિક હાનિ વિશે ધ્યાનકેન્દ્રીતકરવું ખુબ આવશ્યક છે.

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ)ના નિષ્ણાંત ઓન્કોલોજીસ્ટ ડો.અદિતિ થાનકી એ તમાકુ નિષેધ દિવસનિમીતે માહિતી આપતા જણાવેલ હતુ કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના તારણ મુજબ ભારતમાં તમાકુથી થતા રોગો અને મૃત્યુદેશના જી.ડી.પી.માં૧% નો



ઘટાડો કરે છે.ભારત વિશ્વભરમાં તમાકુનુ ઉત્પાદન અને સેવન કરતો બીજા ક્રમનો દેશ છે. તમાકુનું કોઈપણ પ્રકારનુ સેવન જેમાં બીડી, સીગરેટ, ઈ સીગરેટ,માવા,પાન મસાલા, ગુટખા, ખૈની, બજર, હુકકા કે ચલમનો સમાવેશ થાય છે, તે જીવલેણ કેન્સરને નોતરી શકે છે.ભારતમાં ૨૭% કેન્સરતમાકુ સંબંધીત કેન્સર છે.જેમા અગ્રેસર છે મોં અને જડબાના તેમજ ફેફસાના કેન્સર, આ ઉપરાંત અન્નનળી, આંતરડા, જઠર, કિડની, પેશાબની થેલી, સ્વાદું પીંડ અને અમુક પ્રકારના લોહીના કેન્સર પણ થઈ શકે છે.

વધુમાં તેઓએ જણાવેલ હતુ કે તમાકુના ધુમાડામા ૭૨ જેટલા કેન્સરજન્યકે કેમિકલ્સ ઓળખાયા છે જયારે સ્મોકલેસ ટોબેકો જેમાં પાન મસાલા, ગુટખા, વગેરેનો સમાવેશ થાય છે, જે કોષાને જનીનસ્તરે હાનિ પહોંચાડી અનિયમિત રીતે વિભાજીત થતી કેન્સરની ગાંઠમાં પરિણમે છે.તમાકુનુ સેવન કરતી વ્યક્તિમાં ફેફસાના કેન્સરનુ જોખમ ૫ ગણું વધારે હોય છે. આ ઉપરાંત દર વર્ષે તમાકુના કારણે વિશ્વભરમાં૮૦ લાખથી વધુ લોકોના મૃત્યુ થાય છે. તેમાથી ૧૦ લાખથી વધુ લોકો ધુમ્રપાન ના કરતા હોવા છતા પેસિવ ધુમ્રપાનના શિકાર બને છે.યુવાનોમાં ધુમ્રપાનની ટેવ ૧૮ વર્ષથી નાની વયે શરૂ થાય છે.જે દેશના યુવા ધનને બહોળી હાનિ પહોંચાડી શકે છે. આથી આજ દિને હું અનુરોધ કરીશ કે સંકલ્પ કરો, તમાકુનુ સેવન બંધ કરો - સ્વસ્થ જીવન અને સમાજ તરફ પહેલું પગલુ ભરો.

---

# ગ્રામસભાની પહેલ: જિલ્લાના વિવિધ ગામોમાં લેવાયા પ્લાસ્ટિક મુકિતના શપથ

## મોટાગુંદાળા, જશાપર જામકંડોરણા, ટીમ્બડી, પીઠડીયા સહિતના ગામોમાં સ્વચ્છતા અભિયાનને વેગ

**અબતક, રાજકોટ**

પર્યાવરણનું જતન આપણી સૌની સહિયારી જવાબદારી છે, સૌ સાથે મળી 'મારુ ગામ પ્લાસ્ટિક મુક્ત ગામ' ની નેમ સાથે કટિબદ્ધ બનવાના શપથ લઈ રહ્યા છે. હાલ દરેક ગામમાં ચાલતી ગ્રામ સભામાં ચાલતું મંથન પ્લાસ્ટિક મુક્ત અભિયાનને નવી ઊંચાઈએ લઇ જઈ રહ્યું છે.

રાજ્યભરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે પ્લાસ્ટિક મુક્ત અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે, ત્યારે રાજકોટ જિલ્લો પણ તેમાં અગ્રેસર રહી સક્રિય ભૂમિકા ભજવી રહ્યો છે.વિવિધ ગામોમાં ગ્રામસભાના આયોજન થઈ રહ્યા છે. સરપંચ અને ગ્રામજનો જોડાઈ ગામને પ્લાસ્ટિક મુક્ત કેમ રાખવું તેનું મંથન કરે



છે. સૌ આ અભિયાનમાં સહભાગી બનશે, તેના માટે સૌ કોઈ જવાબદારી લઈ રહ્યા છે. સૌના સાથ સૌના વિકાસ મંત્ર સાથે પ્લાસ્ટિકના કચરાને દૂર કરી હવે પ્લાસ્ટિકની બેગને નહીં વાપરવાના કોલ સાથે રાજકોટના મોટા ગુંદાળા, જશાપર, જામકંડોરણા, ટીમ્બડી જામ, દડવી, અભેપર, પીઠડીયા સહિતના ગામોમાં સ્વ્ચ્છતા અભિયાનને વેગ મળ્યો છે. માત્ર પુરૂષો જ નહીં મહિલાઓ પણ ખભેખભા મેળવી પારિવારિક જવાબદારી સાથે આ અભિયાનને સફળ બનવવા અગ્રેસર થઇ રહી છે. ત્યારે કલેકટરશ્રી પ્રભવ જોશી તેમજ જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિદ દ્વારા ગ્રામજનોને શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# જીજ્ઞેશ દાદાની કથા દરમિયાન મહિલાના ગળામાંથી દાગીના સેરવી લેનારી ગેંગ ઝબ્બે

## ભીડનો લાભ લઈ બે મહિલાના ગળા હળવા કરી સોનાનો ચેઈન અને મંગળસૂત્ર ચોરી લીધાં ’તા

## ખેડાની ત્રણ મહિલા સહિત ચાર શખ્સોને દબોચી પોલીસે રૂ.૩.૩૯ લાખના દાગીના કબ્જે કર્યા

### એકવાર સફળતા મળતા લાલચ જાગી : બીજી વાર ત્યાં જ ચોરી કરવાનો પ્લાન ઘડ્યો’તો

સ્વામિનારાયણ મંદિરમાં ચાલતી કથામાં નજર ચૂકવી ભીડનો લાભ લઈ ચોરીમાં સફળ થયાં બાદ તસ્કર ટોળકી ચોટીલા જતી રહી હતી પણ અહીં સ્વામિનારાયણ મંદિરમાં મળેલી માલ મતાથી લાલચમાં આવી વધુ એકવાર ત્યાં જ હાથફેરો કરવાનું વિચારી તસ્કરો વધુ એક ચોરીને અંજામ આપવા રાજકોટ આવ્યા હતા પણ તેઓ મંદિર ખાતે પહોંચે તે પૂર્વે જ પોલીસે પેલેસ રોડ પરથી ટોળકીને ઝડપી લીધી હતી.



**અબતક, રાજકોટ**

શહેરના ભુપેન્દ્ર રોડ સ્વામિનારાયણ મંદિરમાં ચાલી રહેલી જીજ્ઞેશ દાદાની કથામાં મહિલાના ગળામાંથી દાગીના સેરવી લેનાર ટોળકીને એ.ડિવિઝન પોલીસે દબોચી લઈ રૂ.૩.૩૯ લાખના દાગીના કબ્જે કર્યા હતાં. ગિરદીનો લાભ લઈ બે મહિલાના ગળા હળવા કરી સોનાનો ચેઈન અને મંગળસૂત્ર ચોરી નાસી છૂટ્યા હતાં.

બનાવ અંગે

### એ. ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટ અને પીએસઆઈ એસ એમ રાણાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ કલ્પેશ બોરીયા અને મહેશ ચાવડાની કામગીરી

રાજકોટમાં મોરબી રોડ પર સેટેલાઈટ ચોકમાં રહેતાં શિક્ષક હિતેષભાઈ રમેશભાઈ ડોલર (ઉ.વ.૨૪) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, મોટા બાપાની દિકરી મનીષાબેનન તેમજ તેમના સાસરા વાળા સુરત ખાતે રહે છે.ગઈ તા.૨૫ ના તેઓ શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદીર (બોરડીવાળુ), ભુપેન્દ્ર રોડ ખાતે ભૂષણ ગ્રુપ ઓફ સ્કૂલ્સ આહિર પરડવા પરિવારના આંગણે આયોજીત શ્રીમદ ભાગવત સપ્તાહમાં ગયાં હતાં. કથાનો પાંચમો દિવસ હતો અને કથાના વક્તા શ્રી જીજ્ઞેશ દાદા કથા વિરામ બાદ જતા હતા ત્યારે મંદિરના પટાંગણમાં તેમના દર્શન માટે બધા ભેગા થયા હતા. ત્યારબાદ ભીડ ઓછી થતા જાણવા મળેલ કે, ભાગવત કથામાં સુરતથી તેમના મોટા બાપુજીના દિકરી મનીષાબેનના સાસુ હેમીબેન નકુમ આવેલા હતા તેઓ પણ દર્શનાર્થે જીગ્નેશ દાદાની કાર પાસે ગયેલ હતા.

તે વખતે તેમણે ગળામા પહેરેલ આશરે ૧૫ ગ્રામ વજનનો સોનાનો ચેઈન તેમના ગળામાં જોવા મળેલ નહી. જેથી તેમણે આ વાતની જાણ કરતા કથા સ્થળે તપાસ કરતા ચેઈન મળી આવેલ નહિ, જેથી અજાણ્યાં શખ્સો બહેનના સાસુએ ગળામાં પહેરેલો તેમનો સોનાનો ચેન ભીડનો લાભ લઈ કોઈ ચોરી કરી લઈ ગયો હતો. તેમજ તે જ રીતે અન્ય એક મહિલાનો સોનાનો ચેઈન પણ આ જ રીતે ચોરી થયો હતો. જે અંગે એ. ડિવિઝન પોલીસ મથકમાં બે ગુના નોંધાયા હતાં.

બનાવની ગંભીરતા દાખવી શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદિશ બાંગરવા, એસીપી બી.જે.ચૌધરી દ્વારા મિલ્કત સબંધી ગુન્હા અટકાવવા તેમજ ગુના ડિટેકટ કરવાની આપેલ સૂચનાથી એ.ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટની રાહબરીમાં પીએસઆઈ એસ.એમ.રાણા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં. ત્યારે હેડ કોન્સ્ટેબલ કલ્પેશ બોરીયા અને મહેશ ચાવડાને મળેલ ચોક્કસ બાતમીના આધારે પેલેસ રોડ પાસેથી ત્રણ મહીલા શંકાસ્પદ હાલતમાં જોવા મળતાં તેને અટક કરી તેની પાસે રહેલ થેલીમાં જોતા સોનાના દાગીના જેમા એક સોનાનો ચેઈન તથા સોનાનું મગળસુત્ર મળી આવેલ જે અંગે પુછપરછ કરતા સોનાનો ચેઈન તથા સોનાનુ મંગળસુત્ર પોતે ત્રણ દિવસ પહેલા ભુપેન્દ્ર રોડ ઉપર આવેલ સ્વામીનારાયણ મંદિરના ગેઈટ પાસે બપોરે પ્રસાદીના સમયે માણસોની ભીડ હતી તે દરમ્યાન મંદિરે દર્શન કરવા આવેલ દર્શનાર્થી બે અલગ અલગ મહીલાઓએ ગળામાંથી નજર ચુકવી ચોરી કરેલ હોવાની કબૂલાત આપી હતી.

પોલીસે કમલેશ ગોવીંદ વાઘેલા (ઉ.વ.૨૬), મંજુબેન વિનુ બજાણીયા (ઉ.વ.૪૯), લક્ષ્મીબેન ઉર્ફે ભોટી અજીત ઠાકોર (ઉ.વ.૩૮) (રહે. ત્રણેય મહેમદાબાદ રેલ્વે સ્ટેશન જુની કાગળની ફેકટ્રીની બાજુમા ઝુપડામાં, ખેડા) અને શકુબેન સંનજ રાવળ (ઉ.વ.-૨૯, રહે, એરંજ ગામ મહુઢા ડાકોર રોડ તલાળ પાછળ સોનવાલ હાઈસ્કુલની બાજુમાં મહુઢા-ખેડા) ની ધરપકડ કરી સોનાનો ચેઈન અને સોનાનું મંગલસૂત્ર મળી રૂ.૩.૩૯ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

### સફેદ મારૂતિ કારમાં તસ્કરોએ મુસાફરી કર્યાના ઈનપુટના આધારે સમગ્ર ગુનાનો ભેદ ઉકેલી લેવાયો

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ચોરીના બનાવ અનુસંધાને પોલીસની અલગ અલગ ટીમો હ્યુમન રિસોર્સ અને ટેક્નિકલ એનાલિસિસથી તપાસમાં હતી. દરમિયાન પોલીસને ઈનપુટ મળ્યા હતા કે, તસ્કરો ગ્રીનલેન્ડ ચોકડીથી એક સફેદ મારુતિ કારમાં અમદાવાદ હાઈવે તરફ ગયા છે. જે બાતમીના આધારે એ ડિવિઝન પોલીસે સફેદ મારુતિ કારની શોધખોળ શરૂ કરી હતી. જે કાર મળી આવ્યે ચાલકને તસ્કરો અંગે પૂછતાં તેઓ ચોટીલા તરફ આવેલી એક હોટેલ ખાતે ઉતર્યાનું જાણવા મળતા તાત્કાલિક પોલીસ ચોટીલાના ગેસ્ટહાઉસમાં પહોંચી હતી જ્યા તસ્કરોએ રૂમ ભાડે રાખ્યાનું જાણવા મળ્યું હતું પણ તસ્કરો ત્યાંથી મળી આવ્યા ન જતાં. જો કે, ગેસ્ટહાઉસની રજીસ્ટ્રેશન બુકમાંથી તસ્કરોની મોબાઈલ નંબર સહીતની વિગતો મળી જતાં પોલીસનો હાથ તસ્કર ટોળકીના કાઠલા સુધી પહોંચી ગયો હતો.

### ધાર્મિક સ્થળો પર ગીરદીનો લાભ ઉઠાવી ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી

પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઝડપાયેલી ટોળકી મંદિરે દર્શન કરવા આવતા હોય અને ગીરદીનો લાભ લઈ દર્શનાર્થીઓએ ગળામાં પહેરેલ દાગીના નઝર ચુકવી ચોરી કરવાની અલગ પ્રકારની જ મોડસ ઓપરેન્ડી ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, આરોપી કમલેશ વિરુદ્ધ હત્યાનો એક ગુનો, મંજુ વિરૂદ્ધ દારૂના બે ગુના અને લક્ષ્મી વિરુદ્ધ ચોરીના અનેક ગુના નોંધાયેલ છે.


સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની જાહેરાત

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત વિવિધ અનુસ્નાતક ભવનોમાં ચાલતા નીચે દર્શાવેલ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષ માટે પ્રવેશ પ્રક્રિયા ગુજરાત સરકારશ્રીના નિર્ણય અનુસાર ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ (GCAS)મારફત ઓનલાઈન કરવાની રહે છે. જેથી આ તમામ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓએ gcas.gujgov.edu.in વેબસાઈટ પરની લીંક GCAS પોર્ટલ પર પ્રવેશ માટે ઓનલાઈન અરજી આમંત્રિત કરવામાં આવે છે.અનુસ્નાતક પ્રવેશ અંગેની લાયકાત, અભ્યાસક્રમોના નામ, વિગત, પ્રવેશ કાર્યક્રમ પ્રવેશ ફી તથા અન્ય વિગતો, સૂચનાઓ gcas.gujgov.in તેમજ અત્રેની યુનિવર્સિટીની વેબસાઈટ WWW.SAURASHTRAUNIVERSITY.EDU પરથી મળી શકશે.

| યુનિવર્સિટી અનુસ્નાતક અભ્યાસક્રમ અને વિષય |
|---|
| એમ.એ.(ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર ,મનોવિજ્ઞાન, ફિલોસોફી) |
| એમ.કોમ.(એકાઉન્ટીંગ, ફાઈનાન્સ, માર્કેટીંગ) |
| એમ.એસસી.(કેમેસ્ટ્રી, ઇલેક્ટ્રોનીક્સ, ફીઝીક્સ, માઈક્રોબાયોલોજી, બોટની, ઝુલોજી, બાયોટેકનોલોજી, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, બાયોકેમેસ્ટ્રી, અપ્લાઈડ ફીઝીક્સ) [(હોમસાયન્સ (જનરલ, ફૂડ એન્ડ ન્યુટ્રીશન)] |
| માસ્ટર ઓફ લો (એલ.એલ.એમ.), એલ. એલ. એમ. (એચ.આર. આઈ. એચ. એલ.), પીજી ડીપ્લોમાં ઈન એક્ષપોર્ટ - ઈમ્પોર્ટ લો, પીજી ડીપ્લોમાં ઈન બેન્કિંગ લો |
| ડોક્ટર ઓફ ફાર્મસી (ફાર્મ-ડી.), બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ(બી.લીબ), માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ(એમ.લીબ.) |
| માસ્ટર ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનીકેશન(એમ.જે.એમ.સી.), પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઇન માસ કોમ્યુનીકેશન(પી.જી..ડી.એમ.સી.), માસ્ટર ઓફ સોસીયલ વર્ક (એમ.એસ.ડબલ્યુ.) |
| માસ્ટર ઓફ ફિઝીકલ એજ્યુકેશન(એમ.પી.એડ.), ડિપ્લોમા ઇન યોગા, માસ્ટર ઓફ એજ્યુકેશન(એમ.એડ) |

અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઇચ્છિત વિદ્યાર્થીઓને ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા માટે સરળતા અને સમજ મળી રહે તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારમાં આવેલ તમામ સ્નાતક અને અનુસ્નાતક કોલેજો/માન્ય સંસ્થાઓ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તમામ ભવનો ખાતે વિના મુલ્યે વિદ્યાર્થી હેલ્પ સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે યુનિવર્સિટી ખાતે કાર્યરત હેલ્પ સેન્ટરનો સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/રાજ/૩૩૭/૨૫-૨૬ કુલસચિવ



જા.નં.: ૨૭૩૮ તા.: ૨૮/૫/૨૫

મોરબી મહાનગરપાલિકા

ઓનલાઈન જાહેર નિવિદા

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી. ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | શહેરમાં "ગો-ગ્રીન" યોજના હેઠળ જુદા-જુદા રસ્તાઓ વિગેરેમાં વૃક્ષારોપણ કરી ૩ વર્ષ નિભાવણી કરવાનું કામ ( ત્રીજો પ્રયત્ન ) | ૧,૮૭૫/- | ૪૦,૦૦૦/- | ૧૧૦.૦૦ લાખ |
| | ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| | ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૨૩/૦૬/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(પ્રો.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે | | |
| | પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાકે | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૩૦/૦૫/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

માહિતી/રાજ/૩૩૪/૨૫-૨૬



## ફ્રી મેગા હેલ્થ ચેક અપ કેમ્પ

તારીખ : ૦૧ / ૦૬ / ૨૦૨૫ (રવિવાર)

રજિસ્ટ્રેશન કરાવવા માટે મો. નંબર - ૯૬૨૪૧૪૪૫૪૪

**કેમ્બ્રીજ હોસ્પિટલ**

નવી RTO કચેરી પાસે, ખામધ્રોલ રોડ, જૂનાગઢ.

hospitalcambridge2@gmail.com +91 96241 44544

{ સમય - સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી }

- ઓપીડી ચાર્જ ફ્રી
- દવામાં ૧૦% ડિસ્કાઉન્ટ
- રીપોર્ટ્સ માં ૧૦% ડિસ્કાઉન્ટ
- ઇસીજી માત્ર ૧૦૦/- માં
- ડાયાબિટીસ ની તપાસ તદ્દન ફ્રી
- રાહતદરે એક્સરે ની સુવિધા

-:: ઉપલબ્ધ સુવિધાઓ ::-

- આર્થોપેડિક વિભાગ
- ઇન્ડોર ફિઝીયોથેરાપી વિભાગ
- મેડિસીન વિભાગ
- ECG સુવિધા
- દાખલ થવાની સુવિધા
- એક્સ-રે વિભાગ
- ફાર્મસી વિભાગ
- લેબોરેટરી વિભાગ

ડો. સુમિત ડી. વાઘેલા
(B.H.M.S. CCH)
(જનરલ ફિઝિશિયન એન્ડ સર્જન)

ઉપલબ્ધ સારવાર

- તાવ
- શરદી-ઉધરસ
- છાતીમાં દુઃખાવો, એટેકની અસર
- ઝાડા-ઉલટી
- પેશાબમાં બળતરા
- એલર્જીક રીએકશન
- અસ્થમા
- શ્વાસની તકલીફ
- ચામડીને લગતા રોગો
- સ્ત્રી રોગને લગતા રોગો
- માથાનો દુઃખાવો, ચકકર આવવા
- પેરાલીસીસની અસર
- પેટમાંથી પાણી ખેચાવવું
- પેશાબ અટકી જવો
- કબજીયાતની તકલીફ
- આંતરડામાં સોજો આવવો
- પેટનો દુઃખાવો

ઈમરજન્સી મો. નં. 87588 08463

ISO 9001:2015 | 24x7 Emergency Services

હોમકેર સુવિધા ઉપલબ્ધ 24x7

-- જૂના રીપોર્ટ્સ તથા ફાઇલ સાથે લાવવી --



## પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

જાહેરાત, પરચુરણ સ્ટેટીક સેવા અને ATM કોન્ટ્રાક્ટસ

હરાજી કેટલોગ નં. - એનએફઆર-એડીઆઈ-૫-૨૫

હરાજીની શરૂઆત (તમામ લોટ્સ) - ૧૧-૦૬-૨૫ ના રોજ ૧૨:૦૦:૦૦

| અનું. નં. | લોટ નં./ કેટેગરી | વિગત | ટ્રીપ્સ/ દિવસો | લોટ સમાપ્તિ તારીખ સમય |
|---|---|---|---|---|
| AA/1 | ADVT-Int-179483-137-24-2 (જાહેરાત - ટ્રેનની અંદરનો ભાગ) | પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનની ટ્રેન નં. ૦૯૩૬૯ (SBIB-PTN DMU), ૦૯૩૭૦ (PTN-SBIB DMU), ૦૯૩૪૧ (SBIB-MSH DMU), ૦૯૩૪૨ (MSH-ADI DMU), ૦૯૪૩૩ (SBIB-PTN DMU), ૦૯૪૩૪ (PTN-SBIB DMU), ૦૯૪૩૭ (MSH-ABR DMU), ૦૯૪૩૮ (ABR-MSH DMU), ૦૯૪૦૧/૦૯૪૦૨ (અસારવા-હિંમતનગર સ્પે.), ૦૯૫૪૩/૦૯૫૪૪ (અસારવા-ડુંગરપુર સ્પે.), ૦૯૪૪૧/૦૯૪૪૨ (WKR-MVI DMU Rake links - ૦૯૪૩૯/૦૯૪૪૦, ૦૯૪૪૩/૦૯૪૪૪, ૦૯૫૬૧/૦૯૫૬૨, ૦૯૫૬૩/૦૯૫૬૪, ૦૯૫૮૫/૦૯૫૮૬), ૦૯૩૫૯/૦૯૩૬૦ (BTD-DHG-BTD PASSENGER), ૦૯૨૧૩/૦૯૨૧૪ (BTD-DHG-BTD SPECIAL) ના કોચીઝની અંદરની બાજુ બદલી શકાય તેવી મેટાલિક ફ્રેમ્સ મારફતે રેલવે સુરક્ષા/સફાઈ સંદેશ સહિત જાહેરાતની ડિસ્પ્લે માટે બલ્ક એડવર્ટાઈઝમેન્ટ અધિકાર. ફ્રેમ્સની કુલ સંખ્યા= ૯૫૭ કુલ જાહેરાત વિસ્તાર= ૧૩૩.૩૬ ચો.મી. | ૧૦૯૬ | ૧૧-૦૬-૨૫ ૧૨:૩૦:૦૦ |
| AA/2 | ADVT-Int-250054-2-25-1 (જાહેરાત - ટ્રેનની અંદરનો ભાગ) | ટ્રેન નં. ૯૪૮૦૧/૯૪૮૦૨ ADI-BHUJ-ADI નમો ભારત રેપિડ રેલવેના પ્રત્યેક કોચમાં ૦૩ વર્ષો માટે પ્રત્યેક ઓવરહેડ હેન્ડલ વચ્ચે લટકતી જાહેરાતની પટ્ટીઓને લગાવવા માટેનો કોન્ટ્રાક્ટ. સંપૂર્ણ વિગતો અને સ્પષ્ટીકરણ માટે કૃપા કરીને સંલગ્ન કરેલ સંપતિ વિગતો દસ્તાવેજનો સંદર્ભ લેશો. | ૧૦૯૬ | ૧૧-૦૬-૨૫ ૧૨:૪૦:૦૦ |
| AB/1 | ADVT-ADI-PNU-OH-144-24-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | અમદાવાદ ડિવિઝનના LC નં. ૧ SPL (હાઈટ ગેજ પાસે) લક્ષ્મીપુરા પાસે, પાલનપુર ખાતે પાંચ વર્ષોના સમયગાળા માટે કુલ ૮૦૦ ચો.ફૂટ વિસ્તાર આવરી લેતા હોર્ડિંગના ડિસ્પ્લે માટે બલ્ક એડવર્ટાઈઝમેન્ટ કોન્ટ્રાક્ટ. | ૧૮૨૬ | ૧૧-૦૬-૨૫ ૧૨:૫૦:૦૦ |
| AB/2 | ADVT-ADI-ADI-OH-205-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | સમગ્ર અમદાવાદ ડિવિઝન ઉપર આવેલ ૩૦ ઓવરહેડ પાણીની ટાંકીઓ પર વૉલ પેઇન્ટીંગ મારફતે ડિસ્પ્લે જાહેરાતના કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી મારફતે ઓફરો આમંત્રિત કરવામાં આવે છે. કુલ અંદાજિત ઉપલબ્ધ જાહેરાત વિસ્તાર ૨,૯૦૧ ચોરસ મીટર્સ છે. તેમના ચોક્કસ સ્થળો અને સાઈટ વિશિષ્ટ્સ માટે કોન્ટ્રાક્ટ વિગતો સહિતની ઓવરહેડ પાણીની ટાંકીઓની યાદી સંપતિ વિગતો દસ્તાવેજમાં સંલગ્ન કરવામાં આવી છે. | ૧૮૨૬ | ૧૧-૦૬-૨૫ ૧૩:૦૦:૦૦ |
| AB/3 | ADVT-ADI-MAN-OH-218-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | મણીનગર સ્ટેશનની પશ્ચિમ બાજુની દિવાલ ખાતે ત્રણ (૦૩) વર્ષો માટે (૬૪૦ x ૨.૫) ૧૬૦૦ ચો.ફૂટના કુલ ડિસ્પ્લે વિસ્તાર સહિતના નોન-ડિજિટલ (Lit / Non-Lit) જાહેરાત બોર્ડ માટે કોન્ટ્રાક્ટ. સ્થળ : મણીનગર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૧ ખાતે રોડ તરફ આવતી દિવાલની બહારની બાજુ. | ૧૦૯૬ | ૧૧-૦૬-૨૫ ૧૩:૧૦:૦૦ |
| AC/1 | ADVT-ADI-GNC-OSD-208-25-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (ડિજીટલ)) | અમદાવાદ ડિવિઝનના ગાંધીનગર કેપિટલ (GNC) રેલવે સ્ટેશન ખાતે પાંચ વર્ષો માટે LED TVs અને સ્પીકર્સ સમાવિષ્ટ કરતી જાહેર ઉદઘોષણા સિસ્ટમ સહિતની એકિકૃત ક્લોઝ્ડ સર્કિટ ડિજિટલ ડિસ્પ્લે સિસ્ટમની આપૂર્તિ, સંસ્થાપન, સંચાલન અને જાળવણી માટેનો કોન્ટ્રાક્ટ. | ૧૮૨૬ | ૧૧-૦૬-૨૫ ૧૩:૨૦:૦૦ |
| AD/1 | ADVT-ADI-MAN-OSN-181-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન ડિજીટલ)) | મણીનગર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૧,૨/૩ અને FOBs ખાતે ત્રણ વર્ષોના સમયગાળા માટે કુલ ૮૦૦ ચો.ફૂટ વિસ્તાર આવરી લેતા ૨૦૦ ગ્લો એડવર્ટાઈઝીંગ સાઈનેજ બોર્ડસ માટે કોન્ટ્રાક્ટ. | ૧૦૯૬ | ૧૧-૦૬-૨૫ ૧૩:૩૦:૦૦ |
| AD/2 | ADVT-ADI-ADI-OSN-202-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન ડિજીટલ)) | અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૨, ૨A, ૩, ૪ અને ૫ ખાતે ગ્લો સાઈન બોર્ડ/LED ક્લેન્જ મારફતે જાહેરાતનો કોન્ટ્રાક્ટ. બંને બાજુના (2ft x 2ft ગોળાકાર અથવા ચોરસ આકારના) એટલે કે ૯૬૦ ચો.ફૂટ જાહેરાત વિસ્તાર સહિતના સંસ્થાપિત કરનારા ગ્લો સાઈન બોર્ડ/LED ક્લેન્જની કુલ સંખ્યા ૧૨૦ છે. વિગતો માટે કૃપા કરી અહીં સંલગ્ન કરેલ સંભવિતતા અહેવાલ જુઓ. | ૧૦૯૬ | ૧૧-૦૬-૨૫ ૧૩:૪૦:૦૦ |
| BA/1 | ATM-ADI-ADI-Gen-36-25-1 (ATM - જનરલ) | અમદાવાદ ડિવિઝનના અમદાવાદ (ADI) સ્ટેશનના આસપાસના વિસ્તાર ખાતે પાંચ વર્ષોના સમયગાળા માટે ઓટોમેટેડ ટેલર મશીન (ATM) (મહત્તમ ૦૨) ના સંસ્થાપન અને વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | ૧૮૨૬ | ૧૧-૦૬-૨૫ ૧૩:૫૦:૦૦ |
| CA/1 | MSS-ADI-ASV-BCrush-35-25-1 (પરચુરણ-સ્ટેટીક-સેવાઓ-બોટલ ક્રશીંગ મશીન) | પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના અસારવા (ASV), મહેસાણા (MSH), પાલનપુર (PNU), વિરમગામ (VG) અને ભુજ (BHUJ) રેલવે સ્ટેશનો ખાતે ૦૫ વર્ષોના સમયગાળા માટે પરવાના ધારકના ખર્ચે ૫૦ PBCM (પ્રત્યેક સ્ટેશન ખાતે ૧૦ PBCM)ની આપૂર્તિ, સંસ્થાપન, સંચાલન અને જાળવણી માટે ઈ-હરાજી. | ૧૮૨૬ | ૧૧-૦૬-૨૫ ૧૪:૦૦:૦૦ |
| CA/2 | MSS-ADI-MAN-BCrush-36-25-1 (પરચુરણ-સ્ટેટીક-સેવાઓ-બોટલ ક્રશીંગ મશીન) | પશ્ચિમરેલવે અમદાવાદ ડિવિઝનના મણીનગર (MAN) અને વટવા (VTA) રેલવે સ્ટેશનો ખાતે ૦૫ વર્ષોના સમયગાળા માટે પરવાના ધારકના ખર્ચે ૦૪ PBCM (પ્રત્યેક સ્ટેશન ખાતે ૦૨ PBCM)ની આપૂર્તિ, સંસ્થાપન, સંચાલન અને જાળવણી માટે ઈ-હરાજી. | ૧૮૨૬ | ૧૧-૦૬-૨૫ ૧૪:૧૦:૦૦ |
| CB/1 | MSS-ADI-RDHP-BOXNWC-57-25-1 (પરચુરણ-સ્ટેટીક-સેવાઓ-BOXN વેગન સફાઈ) | પરવાના ધારકે ટ્રેક્સ પર ખોલ્યા અને BOXN/BOXNHL વેગનોમાં કાઢી નંખાયેલા અવરોધ કોલસા અને અન્ય સામગ્રીની સફાઈ અને નિકાલની સેવાની જોગવાઈ કરવાની રહેશે. કામના ક્ષેત્ર હેઠળ કામ માટે આવૃત્ત સ્થળ : (૧) રાધનપુરનું ગુડ્સ શેડ, (૨) સાંતલપુરનું ગુડ્સ શેડ. | ૧૦૯૬ | ૧૧-૦૬-૨૫ ૧૪:૨૦:૦૦ |

વધુ માહિતી માટે, ૯૭૨૪૦૯૩૯૬૮ પર ડિવિઝન ઓફિસ DCMI-NFR ADI નો સંપર્ક કરશો.

સિનીયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે

સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન - પશ્ચિમ રેલવે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૫. ADI-052

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

તંત્રી લેખ

# ટીબીના રાક્ષસને નાથવામાં ગુજરાત સફળ

ટીબી મુક્ત ભારત અભિયાનમાં ગુજરાતની કામગીરી નોંધપાત્ર રહેવા પામી છે.નવા દર્દીઓના દરમાં ૩૪ ટકા અને મૃત્યુદરમાં ૩૭ ટકાનો ઘટાડો નોંધાયો છે.જે ખૂબ સારી બાબત કહી શકાય.

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને સ્ટેટ્સ વીથ મોસ્ટ ઈમ્પ્રુવમેન્ટ શ્રેણી માં પ્રથમ મુકવામાં આવ્યુ છે.

રાજ્યમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે જાન્યુઆરી થી એપ્રિલ દરમિયાન ટીબી દર્દીઓના મૃત્યુદરમાં ૫૦% ઘટાડો જોવા મળ્યો છે.ટીબી દર્દીઓને પોષણયુક્ત આહાર, શ્રેષ્ઠત્તમ સારવાર ઉપલબ્ધ કરાવીને મૃત્યુદર ઘટાડવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. રાજ્યના પ્રત્યેક તાલુકામાં તૃનત મશીન દ્વારા ટીબીનું નિદાન શક્ય બન્યું છે* વર્ષ ૨૦૨૪ માં રાજ્યના ૧.૧૯ લાખથી વધું દર્દીઓના ખાતામાં કુલ રૂ. ૪૬.૫૦ કરોડની સહાયનો ચૂકવણી કરવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૮માં શરૂ કરેલ ટીબી નિમૂર્લન કાર્યક્રમ હેઠળ ગુજરાત સરકાર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે.

છેલ્લા ચાર વર્ષના ડેટા જોવામાં આવે તો ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓ રજીસ્ટ્રેશનમાં વર્ષ ૨૦૨૨ માં ૧,૪૨,૧૩૩,વર્ષ ૨૦૨૩ માં ૧,૩૩,૬૭૭, વર્ષ ૨૦૨૪ માં ૧,૩૩,૮૦૫ નોંધણી થઈ છે.

જેની સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યા જોતા વર્ષ ૨૦૨૨ માં ૧,૩૦,૪૩૮ , વર્ષ ૨૦૨૩માં ૧,૨૨,૫૮૮, અને વર્ષ ૨૦૨૪ માં ૧,૨૪,૬૭૧ ટીબીની બિમારીને મ્હાત આપીને સાજા થયા છે.

વર્ષ ૨૦૨૫ (જાન્યુઆરી થી એપ્રિલ) ની સ્થિતિ જોતા ૪૫,૨૮૨ નવા ટી.બી.દર્દીઓની નોંધણી થઈ. અત્યારસુધીમાં રજીસ્ટ્રર થયેલ દર્દીઓ સારવાર હેઠળ છે. મૃત્યુ પામેલ દર્દીઓની સંખ્યા ૧૦૧૧ છે. જે વર્ષ ૨૦૨૪-૨૫ માં આ સમયગાળા દરમિયાન ૨૨૦૧ હતી. આમ ટીબીના કારણે મૃત્યુ પામતા દર્દીઓની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

ટી.બી.ના દર્દીઓ સ્વસ્થ થાય અને મૃત્યુદર ઘટે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા એક પ્રોટોકોલ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ટીબી નિદાનના તમામ તબક્કામાં દર્દીઓને અતિજોખમી(હાઈ રીસ્ક) અને ઓછા જોખમી(લો રીસ્ક)ની શ્રેણીમાં વિભાજીત કરાય છે.

અતિજોખમી ટીબીના દર્દીઓની સારવાર માટે સબ ડિસ્ટ્રીક્ટ થી મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સુધી તમામ પ્રકારની સારવાર , સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દવા શરૂ થવાના ૧૫ દિવસ બાદ અને ત્યારબાદ ૨ મહિના પછી સમગ્ર સ્થિતિનું મુલ્યાંકન કરવામાં આવે છે. છ મહિનાની દવાનો કોર્ષ પૂર્ણ થયાબાદ દર્દીની ટ્રુનેટથી બલગમના ટેસ્ટ સાથે એક્સ-રે આધારિત મૂલ્યાંકન પણ કરવામાં આવે છે.

જેના અતંર્ગત રાજ્યમાં ૧૦,૮૩૨ નિક્ષય મિત્રનું રજીસ્ટ્રેશન નિક્ષય પોર્ટલ પર કરવામાં આવ્યું છે.નિક્ષય મિત્રના માધ્યમથી વર્ષ ૨૦૨૨થી અત્યારસુધીમાં ટીબી દર્દીઓને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવા કુલ ૩,૭૯,૩૮૨ પોષણ કિટનું વિતરણ કરાયું છે. ટીબીને નાથવામાં ગુજરાત સરકાર સફળ રહી છે.

# સૌરાષ્ટ્રના વિવિધ ગામોમાં દંત રોગ તપાસ - બત્રીસી અર્પણ કેમ્પ

### ધીરગુરૂદેવની પ્રેરણાથી

**અબતક, રાજકોટ**

પૂ. શ્રી ધીરગુરુદેવની પ્રેરણાથી શ્રી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્રના વિવિધ ગામોમાં આયુર્વેદિક પદ્ધતિ અનુસાર જાલંધર બંધ યોગ વડે દંત રોગ ચિકિત્સા, સારવાર અને જરૂરિયાતમંદોને વિનામૂલ્યે દાંતની બત્રીસી અર્પણ કરવાનો સેવાયજ્ઞ સફળ થઈ રહેલ છે.

આજ સુધીમાં જશાપર, કાટકોલા, કલ્યાણપુર, ધોરાજી, ટંકારા, ધંધુકા, ગોપાલગ્રામ, સાવરકુંડલા, જામજોધપુર વગેરે ગામોમાં સંપન્ન થયા બાદ મોરબી, માંગરોળ, ધ્રોલ, જામનગર, પાળીયાદ ,બોટાદ, વીરપુર લાલપુર, પડધરી, ગોંડલ, ઉપલેટા, પોરબંદર, જુનાગઢ, દામનગર, વિછીયા, જેતપુર અમદાવાદ, શિવા વગેરે ગામોમાં દંતયજ્ઞ કેમ્પ યોજાશે.

એક બત્રીસી અર્પણનો ૨૦૦૦ રૂપિયા નકરો રાખેલ છે ૨૦૦૦ ના ગુણાંકમાં ગમે તેટલી દાંત ની બત્રીસી અર્પણ નો લાભ લઈ શકાશે. આ વર્ષમાં ૩૦૦૦ બત્રીસી વિતરણની યોજના છે ચેક/ડ્રાફ્ટ શ્રી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટના નામથી લખી શકાશે. મો. ૯૯૭૯૨૩૨૩૫૭.



દાંત કેમ્પમાં વાધર ફેમિલી ફાઉન્ડેશન, સુરભી એસ. શેઠ, હરકિશન મણીલાલ ઠક્કર, માલિનીબેન કિશોરભાઈ સંઘવી, સતીશ જૈઠા, અલ્પના પિયુષ ઉદાણી, ભારતી ગુણવંત ગોપાણી, મૃદુલા નવનીતલાલ સંઘવી, ડો. હર્ષદ-ચેતના સંઘવી, પ્રીતિબેન રજનીકાંત મહેતા વગેરે લાભાર્થી બની રહ્યા છે. સાવરકુંડલામાં લલ્લુભાઈ આરોગ્ય મંદિર અને રાજકોટમાં શિવકુંવરબેન દોશી મેડિકલ સેન્ટરમાં દર મહિને ફ્રી માં કેમ્પનું આયોજન કરાયું છે. ડો. જયસુખ મકવાણા, મોનીકા ભટ્ટ વગેરે કેમ્પમાં સેવારત છે.

# શ્રી ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા સોમવારથી જરૂરિયાતમંદ વિધાર્થીઓને નોટબુક વિતરણ

### વિદ્યા સત્તકાર સમારોહ માટે માર્કશીટ સંસ્થાના કાર્યાલય તથા છાત્રાલય ખાતે સ્વીકારવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં શ્રી ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ક્ષત્રિય (ગિરાસદાર) પરિવારના આર્થિક રીતે જરૂરિયાતમંદ વિધાર્થી ભાઈ, બહેનો માટે ફુલ સ્કેપ નોટબુક વિતરણ આગામી તા.૨ જૂનને સોમવારથી આરંભ થશે. તા.૧૫ જૂન અથવા તો સ્ટોક હશે ત્યાં સુધી સંસ્થાના કાર્યાલય ૫-રજપૂતપરા રાજકોટ ખાતેથી સાંજે ૪.૩૦થી ૬.૩૦ સુધી થશે. જેની સર્વેએ નોંધ લેવીઆ સાથે આગામી વાર્ષિક વિદ્યા સત્તકાર સમારોહ માટેની માર્કશીટ સ્વીકારવાનો પણ આરંભ થઈ ચૂક્યો છે.

જેમાં ધોરણ ૧૦ અને ૧૨માં ૭૫ ટકા કે તેથી વધુ માર્ક્સ સાથે ઉતીર્ણીય થયેલા તેમજ બેચલર, માસ્ટરમાં હાયર એજ્યુકેશનમાં કોઈપણ ફેકલ્ટીમાં ફર્સ્ટ ક્લાસ થયેલા તેમજ ધોરણ ૧થી ૯ અને ૧૧માં આવેલી બધી માર્કશીટોમાં જે વિધાર્થીને સૌથી વધુ પર્સેન્ટેજ હશે તેવા એક એક દીકરા, દીકરીઓ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ માંથી પસંદગી પામશે. સાથે ખાસ નોંધ લેવી કે માર્કશીટ માત્ર આ વર્ષની જ ચાલશે ગત વર્ષની માર્કશીટ માન્ય રહેશે નહીં. માર્કશીટની ઝેરોક્ષ પૂરા નામ, એડ્રેસ, મૂળ ગામ, ધોરણ અને પર્સેન્ટેજ તથા કોન્ટેક્ટ નંબર લખીને સંસ્થાના કાર્યાલય અથવા શ્રી હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય ૫-રજપૂતપરા રાજકોટ ૩૬૦૦૦૫ ખાતે પહોચતી કરવાની રહેશે.

# અરવિંદભાઈ મણીયાર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા રવિવારે આરોગ્ય કેમ્પ

### શરીરના કોઈપણ દુખાવાની નિઃશુલ્ક નિદાન સારવાર અપાશે

**અબતક, રાજકોટ**

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના માધ્યમથી તા. ૧લી જુન રવિવારે સવારે ૯ થી ૧ હોટલ પેટ્રીયા સ્યુટસ, એરપોડ રોડ, રાજકોટ ખાતે તદન ફ્રી (નિઃશુલ્ક ) આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં દાંતના રોગોની સારવાર દંતવૈદ ભરતભાઈ વ્યાસ દ્વારા પૌરાણિક જલંધર બંધ યોગપધ્ધતિ દ્વારા દંતને લગતી સમસ્યાઓનું નિદાન અને સારવાર કરવામાં આવશે. પ્રાણીક હિલિંગ થેરાપી દ્વારા મહેન્દ્રભાઈ મે સારવાર આપશે. આ ઉપરાંત ડો. મહેશભાઈ ચાવડા સુજોક થેરાપી દ્વારા સાંધા ના દુખાવા અને સ્નાયુના દુખાવા હાથના પંજામાં ચોક્કસ જગ્યાએ દબાણ આપી શરીરના દુખાવા દુર કરશે. આ ઉપરાંત ટીમેક્ષ ફાઉનડેશન દ્વારા ફ્રી કાસ્ય મસાજ થેરાપી મનસુખભાઈ સરવૈયા આપશે.

અરવિંદભાઈ વાળા દ્વારા ફિઝિયોથેરાપી સારવાર આપવામાં આવશે. સી.કે. લાઠીયા ટેરાહર્ટઝ પેરાથીની સેવા આપશે. બી.પી., ડાયાબીટીસનો રિપોર્ટ સેલસ હોસ્પિટલની ટીમ દ્વારા કરવામાં આવશે. સાઈટીકા, ગોઠણના દુઃખાવા સર્વાઈકલ સ્પોનડીલાઈટીસ વગેરે સ્નાયુના દુઃખાવાની સારવાર સુજોક થેરાપી દ્વારા કાજલબેન હરીયા સેવા આપશે. આ ઉપરાંત ચિંતા, તણાવ, ડિપ્રેશન, પર્નનાલિટી જેવી મેન્ટલ હેલ્થને લગતી બાબતોના નિદાન માટે ડો. કર્તવી ભટ્ટ અને પ્રિતી રાઠોડ સેવા આપશે.

આ કેમ્પનો લાભ લોકો બહોળી સંખ્યામાં લે તેમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો. વલ્લભભાઈ કથીરીયા તેમજ ટ્રસ્ટી મંડળ અને ટ્રસ્ટના કાર્યકર્તાઓએ અપીલ કરી છે. આ નિઃશુલ્ક કેમ્પને સફળ બનાવવા ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ સાથે ટ્રસ્ટના કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યાં છે.

હોટલ પેટ્રીયા સ્યુટસ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે સવારે ૯ થી ૧ વધુ વિગત માટે મો. નં. ૯૭૨૩૮ ૨૩૩૦૦ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી જૈન ભોજનાલયની ઓફિસનો પ્રારંભ

### મુંબઈમાં સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થાની ઓફીસનું રાજકોટમાં પ્રારંભ થતાં સરદારનગર ઉપાશ્રયથી વિવિધ સહાયના ફોર્મ ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

મુંબઈમાં સેવાકીય સંસ્થામાં મોખરાનું સ્થાન ધરાવતી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી જૈન ભોજનાલયનાં શ્વાસમાં વસે છે. શિક્ષણ, માનવ સેવા, જીવદયા, અન્નદાન.. જયાં જયાં સેવા કે પરોપકારની કેડી દેખાઈ તેના પર આ સંસ્થા અવિરત ચાલી રહી છે. ૩૬૫ દિવસ તેમનો સેવાયજ્ઞ ચાલી રહયો છે. આ સેવાયજ્ઞમાં શાલીભદ્ર સરદારનગર સ્થાનકવાસી જૈન સંઘ - રાજકોટ કાર્યરત બની છે.

સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી જૈન ભોજનાલય ની રાજકોટ ખાતે ઓફિસ સરદારનગર ઉપાશ્રય, ૯/૧૪ સરદારનગર, સરદારનગર મેઈન રોડ ઉપર કરવામાં આવેલ છે. સરદારનગર ઉપાશ્રયની ઓફિસ ખાતેથી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી જૈન ભોજનાલય-મુંબઈ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિ અંતર્ગત સૌરાષ્ટ્રનાં રાજકોટ ઉપરાંત અમરેલી, સાવરકુંડલા, લાઠી, મોરબી, ગોંડલ, જેતપુર, જુનાગઢ, ધોરાજી અને કુંકાવાવ ખાતે વસવાટ કરતા ફકત દશા શ્રીમાળી પરિવાર માટે વિવિધ પ્રવૃતિઓ શરુ કરવામાં આવનાર છે.

આર્થિક પરિસ્થિતિ નબળી ધરાવતા પરિવારનાં બાળકોની સ્કુલ ફી સ્કોલરશીપ જેમાં ધો.૧ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ સહાય આપવામાં આવશે. આ ઉપરાંત કોલેજ તેમજ હાયર એજ્યુકેશનમાં પણ કોલેજ ફી સ્કોલરશીપ સહાય આપવામાં આવશે.

જરૂરીયાત મંદોને વિવિધ સહાય પુરી પાડવામાં આવશે.

ઉપરોક્ત તમામ સહાયનાં ફોર્મ શ્રી સરદારનગર ઉપાશ્રય, ૯/૧૪ સરદારનગર, સરદારનગર મેઈન રોડ, રાજકોટ મો. ૯૪૦૮૮ ૩૯૧૧૬ ખાતે સવારે ૧૦ થી ૧ અને બપોરે ૪ થી ૬ દરમ્યાન મેળવી અને તમામ વિગતો ભરીને પરત કરવાનાં રહેશે.


# યુનિટ સ્ટેશનરીમાં વિદ્યાર્થીઓને રાહત ભાવે ચોપડા વિતરણ

**અબતક, રાજકોટઃ** રાજકોટમાં હરિહર ચોક પાસે સ્ટાર ચેમ્બરમાં ઓફીસ નં. ૩૧૧ સ્થિત યુનિક ઝેરોક્ષ એન્ડ સ્ટેશનરી ખાતે વિદ્યાર્થીઓને રાહતદરે ફૂલ સ્કેપ ચોપડાનું વિતરણ શરુ કરવામાં આવ્યું છે. જેમાં ચોપડા ઉપલબ્ધ હશે ત્યાં સુધી રાહતદરે વિતરણ કરવામાં આવશે. જરુરીયાત મંદ સહિતના વિદ્યાર્થીઓએ વહેલીતકે રાહતદરે ફૂલસ્કેપ ચોપડા રાહતદરે મેળવવા માટે ભાવેશભાઈ ખાનપરા, યુનિટ ઝેરોક્ષ એન્ડ સ્ટેશનરી, મો. નં. ૯૯૦૯૦ ૩૦૦૨૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સ્કીન ડોનેશન ચક્ષુદાન જેટલું જ સરળ: હિતાબેન મહેતા

**અબતક, રાજકોટ**

રકતદાન બાબતે લોકોમાં ઘણી જાગૃતિ આવી છે એમ ચક્ષુદાન અંગે પણ લોકો જાગૃત થઈ ગયા છે પરંતુ સ્કીન ડોનેશન અને ઓર્ગન ડોનેશન બાબતે જાગૃતિનો અભાવ છે. સ્કીન ડોનેશન તો ચક્ષુદાન જેટલું જ સરળ હોવા છતાં લોકો કેટલીક ખોટી માન્યતાઓને કારણે સ્કીન ડોનેટ કરતા નથી. આપણે સ્કિનની માંગના પ્રમાણમાં પુરવઠો પૂરો પાડી નથી શકતા એ ચિંતાનો વિષય છે એવું સેવાભાવી હિતાબેન મહેતાએ જણાવ્યું.



તેમણે જણાવ્યું કેઆજના સમયમાં સ્કીન ડોનેશન કરવું એ ખૂબ જ મોટી સેવા છે.ઓર્ગન ડોનેશન કે અંગદાન એક પ્રકારનું જીવન દાન છે..

દરેક વ્યક્તિએ મૃત્યુ બાદ ચક્ષુદાન અને સ્કિનનું દાન કરવાનો સંકલ્પ કરવો જોઈએ. ઓર્ગન ડોનેશન માટે જીવનદાન ફાઉન્ડેશનના મો : ૯૯૯૮૩૪૫૬૩૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સરગમ કલબના વડીલો માટે રવિવારથી સંગીત સંધ્યા

### વડીલો જુના-નવા ગીતોનો સતત સાત દિવસ સુધી સંગીતનો ભરપુર આનંદ માણશે

**અબતક, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૧/૦૬/૨૫ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''દિલ સુંદર કરાઓકે ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને તા. ૨/૬/૨૫ ને સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે સાહેલી ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૩/૬/૨૫ ને મંગળવારનાં રોજ ૫:૩૦ કલાકે ''એકવિટી ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૪/૬/૨૫ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે સ્વર સાધના દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૫/૬/૨૫ ને ગુરુવાર નાં રોજ'' એન.ટી. મ્યુઝીકલ'' દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૬/૬/૨૫ ને શુક્રવાર નાં રોજ રંગ તરંગ દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને તા. ૭/૬/૨૫ ને શનિવાર નાં રોજ સૂર સનમ મ્યુઝીકલ ગ્રુપ દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે .તેના વગર પ્રવેશ નહિ મળે તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, દિલીપભાઈ સોની, દક્ષાબેન ત્રીવેદી, ચંદ્રેશભાઈ ફીચડીયા, એચ.પી. પટેલ અને નીમીષા ત્રીવેદી, સુધીરભાઈ શાહ, શબીરભાઈ ધનાણી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# જિલ્લાના અગ્નીવીર ઉમેદવારો માટે નિવાસી તાલીમ વર્ગનું આયોજન

### અગ્નીવીર માટે લેખીત પરીક્ષા માટે ઉર્તીણ થયેલા ઉમેદવારોને ૩૦ દિવસીય તાલીમ અપાશે

**અબતક, રાજકોટ**

ભારતીય સૈન્યના ડાયરેકટર આર્મી રિક્રુટમેન્ટ કચેરી-જામનગર દ્વારા ''અગ્નીવીર''માટે લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં પાસ થયેલ રાજકોટ જિલ્લાના ઉમેદવારો માટે ૩૦ દિવસીય નિવાસી તાલીમ વર્ગનુ આયોજન કરાયું છે.

તાલીમમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો દિન -૧૦માં પોતાનું ઉમેદવારી પત્રક ભરી ''અગ્નીવીર''લેખિત કસોટી પાસ કર્યાના આધાર સાથે મદદનીશ નિયામક(રોજગાર) બહુમાળી ભવન રાજકોટને અરજી પહોચતી કરી શકે છે. અરજીફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ, શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ, જાતિના દાખલાની નકલ, ધોરણઃ-૧૦/૧૨ની માર્કશીટની નકલ, આધારકાર્ડની નકલ, બેંકખાતાની પાસબુકની નકલ, પાનકાર્ડની નકલ, અરજી સાથે જોડવાની રહેશે.માન્ય સંખ્યામાં ઉમેદવારોની બેચ થયે આ નિવાસી તાલીમ વર્ગ શરૂ કરવામાં આવશે. ઉપરાંત, આર્મીને લગત ભવિષ્યમાં થનાર ભરતીમાં સહભાગી થતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. તેઓને અનુક્રમે પ્રાથમિકતા આપી તાલીમ વર્ગોમાં સમાવેશ કરવામાં આવશે.

વધુ વિગત માટે મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી રાજકોટનો રૂબરૂ સંપર્ક કરવા જણાવેલ છે.

# લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા રવિવારે રાહત દરે ચોપડા વિતરણ

**અબતક, રાજકોટ**

લોહાણા યુવક પ્રગતિ મંડળ રાજકોટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રઘુવંશી સમાજના તમામ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે ઉચ્ચ કવોલીટીના ફુલ સ્કેપ ચોપડા વિગતરણનો કાર્યક્રમ કોટક સભાગૃહ હોલ ચૌધરી હાઈસ્કુલ બિલ્ડીંગ રાજકોટ ખાતે રવિવારે સવારે ૯ કલાકે યોજવામાં આવેલ છે. દરેક વિદ્યાર્થીઓને માર્કશીટ દીઠ ૨૦ નંગ ચોપડા ફકત રૂ. ૧૫ લેખે રાહત દરે આપવામાં આવશે.

સમારોહના અધ્યક્ષ સ્થાને રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પોબારુ, કારોબારી પ્રમુખ ડો. નિશાંતભાઈ ચોટાઈ, નવીનભાઈ ઠકકર, ઉપપ્રમુખ રાજકોટ કેળવણી મંડળ વિવિધ સંસ્થાઓ મહિલા મંડળે ના હોદેદારો શુભેચ્છકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. રઘુવંશી સમાજના તમામ ભાઈઓ-બહેનોએ કાર્યક્રમ સ્થળે માર્કશીટની નકલ સાથે સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના હોદેદારો દ્વારા જણાવાયું છે.

# ઓમ દાદા ફાઉન્ડેશન દ્વારા રવિવારે વૈદિક ચિકિત્સા કેમ્પ

### ડો. રવિ પાટડીયા દ્વારા પૌરાણિક પધ્ધતિથી સારવાર આપવામાં આવશે

**અબતક, રાજકોટ**

ઓમ દાદા ફાઉન્ડેશન અને વેદ અમૃતના સંયુકત ઉપક્રમે રવિવારે સવારે ૯ થી ૨ ઓમકારા વૈદિક ચિકિત્સા કેમ્પનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટના નિષ્ણાંત ડો. રવિ પાટડીયા કે જેઓ પૌરાણિક પધ્ધતિથી સારવાર કરે છે કે જે પધ્ધતિ આપણા ઋષિમુનિઓ દ્વારા ઉપયોગમાં લેવાતી હતી. જેમાં કોઈપણ પ્રકારના દવા અથવા ઓપરેશન વગર હઠીલા રોગો જેમ કે સ્નાયુ, હાડકા, ગોઠણ, કમ્મરના દુઃખાવા, કોઈપણ પ્રકારની સુકાયેલી નસ તથા તેમને લગતા તમામ પ્રકારના દુઃખાવા, માઈગ્રેન, આધાશીશી, પાકિસન્સ, ડોપામાઈન અનકંટ્રોલ પીએસપી ડીસીઝ, રૂમેટોઈડ આર્થરાઈટિસ અને સર્વાઈકલ ને લગતા તમામ પ્રકારના રોગોનું યોગ્ય તપાસ અને માર્ગદશન ડો. રવિભાઈ પાટડીયા દ્વારા ૐકારા વૈદિક નિઃશુલ્ક ચિકિત્સા કેમ્પમા આપવામાં આવશે. આ કેમ્પને સફળ બનાવવા ડો. રવિભાઈ પાટડીયા વકીલ હર્ષિલભાઈ શાહ, મુરલીભાઈ દવે સી.એ. મિતેષભાઈ દોશીઃ, ડો. શ્યામસુંદરભાઈ છાટબાર, વકીલ નયનભાઈ કોઠારી, ભરતભાઈ મહેતા, વિરાજભાઈ લાઠીયા અને હર્ષભાઈ કોઠારી જહેમત ઉઠાવી રહ્યા છે. શનિવારે સાંજે ૭ કલાક સુધીમાં નામ રજીસ્ટર કરાવી તેમજ મો. નં. ૮૮૬૬૬ ૩૮૫૪૪ પર સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# યોગ દિવસની ઉજવણી અંતર્ગત ઈદ્રા દ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન

### રીલ સ્પર્ધા, નૃત્ય યોગ અને યોગ આલેખન સ્પર્ધા ચિત્ર યોગ સ્પર્ધા સહિતના કાર્યક્રમો યોજાશે

**અબતક, રાજકોટ**

આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થાન, જામનગર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની એક દાયકાથી ઉજવણીના પરિપાક રુપે સ્વસ્થવૃત્ત વિભાગ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન ખાસ કરીને યુવાનો માટે કરવામાં આવ્યું છે. જેમાં રીલ સ્પર્ધા ૧૪ જુન, નૃત્ય યોગ આલેખ સ્પર્ધા ૧૬ જુન, યોગ અનુભૂતિ સ્પર્ધા ૧૭ જુન, યોગ ગુંજન સ્પર્ધા ૧૮ જુન, યોગ મૌન અભિવ્યકિત સ્પર્ધા ૧૯ જુન, ચિત્ર યોગ સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાના પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંકના વિજેતાઓને ક્રમશ રૂ. ૭૫૦૦/-, ૫૦૦૦/- અને ૨૫૦૦ ના પુરસ્કાર આપવામાં આવશે. આ સ્પર્ધામાં નોંધણી કરાવા અને ભાગ લેવા સંબંધીત જરુરી માહીતી રુમ નંબર-૫ સ્વસ્થવૃત વિભાગ ધન્વંતરી મંદિર ડી.કે.વી. સર્કલ પાસે સવારે ૯ થી ૧ અને બપોરે ૩ થી ૬ કલાક સુધી રુબરુ આવી અથવા મો. નં. ૯૭૨૭૩ ૫૧૭૯૩ ઉપર સંપર્ક કરવા સંસ્થાના નિયામક પ્રો. ડો. તનુજા નેસરી દ્વારા યાદીમાં જણાવાયું છે.

# જનકલ્યાણ ટ્રસ્ટને મળ્યું ૭૦૪મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

જયેશભાઈ મનુભાઈ પટેલનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન તથા સ્કીન ડોનેશન કરેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૭૦૪મું ચક્ષુદાન તથા સ્કીન ડોનેશન થયેલ છે. આ મે ૨૦૨૫ મહિનામાં ચૈદમું ચક્ષુદાન તથા ૩૩મું સ્કીન ડોનેશન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દહેદાનની



વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# ડીવાઈન ચેરી. ટ્રસ્ટ દ્વારા ગુરુવારે દંતયજ્ઞ કેમ્પ

**અબતક, રાજકોટ**

ગાયત્રી પરિવાર જામજોધપુર અને શિવાનંદ મિશન વીરનગર તેમજ ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સંયુકત ઉપક્રમે ગુરુવારે નેત્રયજ્ઞ દંત યજ્ઞનું આયોજન સવારે ૯ થી ૧૨ ગાયત્રી મંદિર, મીનીબસ સ્ટેશન પાસે ધ્રાફા રોડ જામજોધપુર ખાતે કરવામાં આવેલ છે. શિવાનંદ મિશન વીરનગરના નિષ્ણાંત આંખના સર્જનની ટીમ આંખના દર્દીને તપાસી જરુરી મુજબ દવા અને માર્ગદર્શન આપશે તથા મોતિયા ની તકલીફ હશે તેને ઓપરેશન માટે વીરનગર સંસ્થાની બસમાં લઈ જશે અને વિનામૂલ્યે ઓપરેશન કરી પરત જામજોધપુર મૂકી પણ જશે.

દાંતના કેમ્પમાં ડો. જયસુખ મકવાણા, ડો. કુશરાજસિંહ સિસોદિયા, મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણ, હસુભાઈ મકવાણા સેવા આપશે. દાંતના રોગીની તપાસ કરી જરુરી હશે તેમના દાંત જાલંધર બંધ વડે ઈન્જેકશન વગર સ્થળ પર જ કાઢી આપશે.

આ બન્ને કેમ્પનો લાભ લેવા ગાયત્ર પરિવાર ના અગ્રણીઓએ અપીલ કરેલ છે. નામ નોંધાવવા મો. નં. ૯૪૦૯૭ ૭૩૬૭૪ નો સંપક કરવા જણાવાયું છે.

# વેલનાથ જયંતિની ઉજવણી અર્થે તૈયારીઓનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ શોભાયાત્રાના આયોજનની તૈયારી ચાલી રહી છે તો આ વર્ષે તારીખ ૨૭/૬/૨૦૨૫ અષાઢી બીજના દિવસે સૌથી વધુમાં વધુ સંખ્યામાં ફોરવ્હિલ તથા અન્ય વાહનો એકત્રિત થાય તેની ઐતિહાસીક સફળતા મળે તે માટે ચુંવાળીયા કોળી વિદ્યાર્થી બોર્ડીંગ ૪-લાખાજીરાજ ઉદ્યોગ નગર, ચુનારાવાડ, રાજકોટ ખાતે દર બુધવારે અને દર રવિવારે સાંજે ૫.૦૦ કલાકે થી ૮.૦૦ કલાક સુધી વાહન નોંધણી કરવામાં આવશે. સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિ ના પ્રમુખ દેવભાઈ કોરડીયા, મહામંત્રી દેવાંગભાઈ કુકાવા, ખજાનચી વિજયભાઈ મેથાણીયા અને ઈન્ચાર્જ દીપકભાઈ બાબરીયા જણાવેલ છે.

આ વર્ષે ૨૬ મી રથાયાત્રા સવારે ૯.૦૦ કલાકથી રાજકોટ બહુમાળી ભવન ચોકથી પ્રસ્થાન થશે આ ભકિતમય શોભાયાત્રામાં ઘોંઘાટવાળા બાઈક પર પ્રતિબંધ રાખેલ છે તેની સમાજના યુવાનોએ ખાસ નોંધ લેવી તેમ જય વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિના પ્રમુખ દેવભાઈ કોરડીયા, મહામંત્રી દેવાંગભાઈ કુકાવા, ખજાનચી વિજયભાઈ મેથાણીયા, ઈન્ચાર્જ દીપકભાઈ બાબરીયા જહેમત ઉઠાવી રહ્યા છે. માહિતી માટે મો. ૯૮૨૪૦ ૯૭૬૪૦ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# યુનિટ સ્ટેશનરીમાં વિદ્યાર્થીઓને રાહત ભાવે ચોપડા વિતરણ

### બી એડ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સૌરાષ્ટ્ર યુનિ.માં પ્રવેશ પ્રક્રિયા શરૂ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ૫૮ બી એડ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે. વર્ષો થી મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા થતી બી એડ પ્રવેશ પ્રક્રિયા આ વર્ષ થી જીકાસ મારફતે રાજ્ય સરકાર કરી રહી છે. ટીવાય એટલે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ બી એડ પ્રવેશ માટે અરજી કરી શકશે. સામાન્ય કેટેગરી માટે ૫૦ અને અનામત કેટેગરી માટે ૪૫ ટકા હોવા જરૂરી છે. ઈડબલ્યુ એસ માટે ૫૦ ટકા હોવા જરૂરી છે.

પ્રવેશ ફોર્મ ભરવા વિદ્યાર્થીઓ કોઈ પણ બીએડ કોલેજમાં જઈ પ્રક્રિયા કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ પ્રવેશ ફોરમ ભરવાનું કેન્દ્ર કાર્યરત છે જ્યાં પ્રવેશ ફોર્મ ભરવાની અને વેરિફિકેશન કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રની ૫૮ જેટલી કોલેજોમાં ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશ લેશે. ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ ૭ જૂન છે. ત્યાર બાદ રાઉંડ બહાર પાડી પ્રવેશ આપવામાં આવશે.

# ડિમોલીશન સામે ભડકો: પદાધિકારીઓની અધિકારીઓ સાથે બેઠક

## ૪૮ રાજમાર્ગો, ટીપીના રોડ કે પ્લોટ પરના દબાણો કેમ દેખાતા નથી? કોઈ વ્યક્તિ સામાન્ય બાંધકામ કરે તો નોટિસ આપવામાં આવે છે: ભાજપના કોર્પોરેટરની રજૂઆત બાદ ડીએમસી, સિટી એન્જિનિયર અને ટીપીઓ સાથે મેયર સહિતના પદાધિકારીઓની બેઠક

**અબ તક રાજકોટ**

કોર્પોરેશન ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા શહેરભરમાં આડેધડ ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેની સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે. આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્ણ થયા બાદ મેયર ચેમ્બરમાં પાંચેય પદાધિકારીઓએ ત્રણેય ઝોનના ડીએમસી, સીટી એન્જિનિયર અને ટીપીઓ સાથે મેરેથોન બેઠક યોજી હતી અને ડિમોલિશન સામે રોષ વ્યક્ત કર્યો હતો.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ કોર્પોરેટર દિલિપ લુણાગરીયા અને ભાવેશ દેથરીયાએ આજે એવા લોકોને સાથે રાખી મેયરને રજૂઆત કરી હતી કે ૨૦૨૨ પછી પોતાના દસ્તાવેજવાળા મકાનમાં સામાન્ય બાંધકામ કરનાર વ્યક્તિઓને પણ ઈસ્ટ ઝોન કચેરીની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આડેધ ડ નોટિસ આપવામાં આવે છે માર્જિનમાં રૂમ બનાવે તેવું બાંધકામ રોકવું જોઈએ પરંતુ સામાન્ય બાંધકામ કરનારને પણ નોટિસ આપવામાં આવે છે.જે સંદર્ભે મેયર નયનાબેન પેઢડીયા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જનમીન ઠાકર સહિતના મુખ્ય પાંચે પદાધિકારીઓએ ત્રણેય ઝોનના ડીએમસી ત્રણેય ઝોનના સીટી એન્જિનિયર અને ટીપીઓ સાથે મેયર ચેમ્બરમાં મેરેથોન મીટીંગ યોજી હતી જેમાં ડિમોલિશન સામે કોર્પોરેટરોની નારાજગી હોવાની વાત મૂકવામાં આવી હતી


તસ્વીર: શૈલેષ વાડોલીયા

શહેરના ૪૮ મુખ્ય રાજમાર્ગો દબાણોથી ખદબદી રહ્યા છે. ટીપીના રોડ અને ટીપીના પ્લોટમાં પણ દબાણો ખડકાય ગયા છે. આ દબાણો દૂર કરવા માટે કામગીરી કરવી જોઈએ નહીં કે સામાન્ય લોકોને ખોટી નોટિસ આપી હેરાન કરવા જોઈએ ડિમોલિશન સામે જનરલ બોર્ડમાં પણ સવાલો ઊભા થયા હતા. દરમિયાન આ મામલે ટૂંક સમયમાં કમિશનર સાથે બેઠક યોજાઈ યોગ્ય નિરાકરણ લાવવાની બાંહેધરી આપી હશે.

## અયોધ્યા સોસાયટીમાં માર્જિનમાં ખડકાયેલુ બાંધકામ તોડી પડાયું

ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા વોર્ડ નં.૩માં માર્જીનમા વધારાનુ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા માટે આજે ડીમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું.

મ્યુનીસીપલ કમિશનર તુષાર સુમેરા તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નર એચ. આર. પટેલની સૂચના અનુસાર તથા એડી. સીટી એન્જીનીયર એ.એ.રાવલના માર્ગદર્શન હેઠળ ટાઉન પ્લાનીંગ શાખા દ્વાર શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તાર પૈકી વોર્ડ નં.૩માં રક્ષિત કોમ્પલેક્ષ, અયોધ્યા સોસાયટી. ૧૫૦ ફૂટ રિંગ રોડ પર માર્જીનમા વધારાનુ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.



# અંગ્રેજી શરાબના પાંચ દરોડામાં વેપારી સહિત પાંચ ઝડપાયા

## મવડી, મુંજકા, કુવાડવા, કોઠારીયા સહિતના વિસ્તારોમાં પોલીસના દરોડા

**અબતક, રાજકોટ**

કુવાડવા, મવડી, નવલનગર, રોલેક્સ રોડ અને મુંજકા ચોકડી પાસે પોલીસ ત્રાટકી હતી અને વેપારી, પ્લમ્બર સહિતના પાંચ શખ્સોને દારૂ સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ એમ.કે.મોવલીયા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે કોન્સ્ટેબલ સંજય ખાખરીયા અને તુલસી ચુડાસમાને મળેલ ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ હાઈવે પર કુવાડવા ગામ પાસે ઈન્ડિયન ઓઈલ પેટ્રોલિયમ પાસે દારૂના જથ્થા સાથે ઊભેલા સિધ્ધરાજ અરવિંદ સોલંકી (૨૫) (રહે. રણુજા મંદિરની સામે આવેલ મફતિયાપરા લાપસરી રોડ) ને પકડી પાડી તેની પાસેથી વિદેશી દારૂની ૧૧ બોટલ કબજે કરી કાર્યવાહી કરી હતી.બીજા દરોડાની વિગત મુજબ આજીડેમ પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે રોલેક્સ રોડ પર લીલાવતી હોલની બાજુમાંથી બિયરના ટીન સાથે મેહુલ નટવર દાસાણી (રહે જીવરાજપાર્ક મેન રોડ મવડી) ને પકડી પાડ્યો હતો.

ત્રીજા દરોડામાં યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે મુંજકા ચોકડી પાસેથી અમિત ઉર્ફે ચીકુ જીવણ જંજવાડીયા નામના શખ્સને દારૂની નવ બોટલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ચોથા દરોડામાં માલવીયાનગર પોલીસ મથકની ટીમને પેટ્રોલિંગ દરમિયાન મળેલ ચોક્કસ વાત વિના આધારે દોઢસો ફૂટ રીંગ રોડ મહુડી ચોકડી પાસે બ્રિજની નીચેથી નૈમિશ ભરત શરમાળી (રહે. જલારામ સોસાયટી શેરી નં.૧) ને દારૂની ત્રણ બોટલ સાથે લીધો હતો.

પાંચમા દરોડામાં માલવીયાનગર પોલીસ મથકની ટીમે મહુડી પ્લોટ નવલનગર શેરી નં.૩ ના ખૂણેથી વિદેશી દારૂની છ બોટલ સાથે મીત સુધીર રાજ્યગુરુ (રહે નવલનગર શેરી નં. ૩) ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ભેળસેળિયા બેફામ:લુઝ દહીં અને શુધ્ધ ઘીના નમુના પરીક્ષણમાં નાપાસ

## દહીંમાં મિલ્ક ફેટ અને એસએનએએફની પ્રમાણ ઓછું: ઘીમાં બીઆર રીડિંગ વધુ અને વેજીટેબલ ફેટની ભેળસેળ ખુલી

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા માધાપર સ્થિત 'ખોડિયાર ડેરી ફાર્મ' માંથી લેવામાં આવેલા લુઝ ‘‘દહીં (લુઝ)‘‘નો નમૂનોની તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં મિલ્ક ફેટ તથા એસ એન એફ નું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું હોવાથી નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ (ફેઈલ) જાહેર થયો છે.આ ઉપરાંત

પેડક રોડ પર 'હરે રામ હરે કૃષ્ણ ડેરી માંથી લે લુઝ શુધ્ધ ઘી નો નમૂનો લેવાયો હતો. પૃથ્થકરણ રિપોર્ટમાં બીઆર રીડિંગ ધારાધોરણ કરતાં વધુ તથા ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) ની હાજરી હોવાથી નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ (ફેઈલ) જાહેર થયો છે.



હરિધવા રોડ પર ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.જેમાં ૯ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી. ખાદ્ય ચીજોના કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરાય હતી.

ઓમ આયુર્વેદિક,ક્રિષ્ના મારવાડી પાણીપૂરી, એસ.એસ.દાળ પકવાન,જયશ્રી ભવાની ફરસાણ,બજરંગ પ્રોવિઝન સ્ટોર,ગાંધી સોડા શોપ,સોનલ સુપર મ ર્કેટ ,મયુર ભજીયા અ ને મોમાઈ લચ્છીને નોટિસ આપવામાં આવી હતી. ઓમ સાંઈ સેલ્સ એજન્સીમાંથી ખુશ્બુ કાજુ દ્રાક્ષ, ખુશ્બુ અમેરિકન નટસ, ક્રિષ્ના કેન્ડી માંથી ક્રિષ્ના માવા કેન્ડી કેસર પિસ્તા કેન્ડી,ન્યૂ શ્રીજી આઈસ્ક્રીમમાંથી સ્પે. વેલ્વટ

આઈસ્ક્રીમ, કાલાવાડ રોડ પર ન્યુ શ્રીજી આઈસ્ક્રીમ માંથી સ્પેશિયલ રેડ વેલ્વેટ આઈસ્ક્રીમ અને વેનીલા આઈસ્ક્રીમ નો નમુનો લઈ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે.

# મારૂ મિશન કોઈને સુધારવાનું નથી સૌને સ્વીકારવાનું છે: પૂ.મોરારિબાપુ

## માનસ નાલંદા વિશ્વ વિદ્યાલયમાં કથારંભે મોરારીબાપુએ વિદ્યાની ભુમિને વંદન કર્યા


**અબતક, રાજકોટ**

‘‘માનસ નાલંદા વિશ્વ વિદ્યાલય‘‘ કથારંભે પૂજ્ય બાપુએ અહીંની ધ્યાન ભૂમિ, અહિંસાની ભૂમિ, પરા-અપરા વિદ્યાની ભૂમિ અને શૂન્યતા અને પૂર્ણતા વચ્ચે સેતુ બાંધતી આ ભૂમિની સમસ્ત ચેતનાને વંદન કર્યા હતાં.

બાપુની વ્યાસપીઠ શ્રોતાઓને સ્વતંત્રતા આપે છે. તેથી ઘણા શ્રોતાઓ બાપુને ચિઠ્ઠી મોકલીને પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે. બાપુ શ્રોતાઓની જીજ્ઞાસાને સમય અને સમજ મુજબ સંતોષે છે.

આનંદ વિશ્વવિદ્યાલયને કેન્દ્રમાં રાખીને પૂજ્ય બાપુએ કુલપતિના છ લક્ષણો જણાવ્યા.

તેમણે કહ્યું કે કુલપતિનું કાર્ય ફક્ત વહિવટ કરવાનું નથી, તેમની પાસે બહુ મોટી જવાબદારી છે. યોગ્ય



મૂલ્યાંકન પછી આ હકીકત સ્વીકારીએ તો સમાજને અવશ્ય લાભ થશે.

પહેલી લાક્ષણિકતા છે ઔદાર્ય. પ્રાથમિક શાળાથી લઈને યુનિવર્સિટીના કુલપતિ સુધી સહુમાં ઉદારતા હોવી જોઈએ, સંકીર્ણતા નહીં. બુદ્ધ પુરુષ કોઈ પણ કારણ વગર પોતાના આશ્રિતો પર આશીર્વાદ વરસાવે છે. આપણી લાયકાત કે પાત્રતા જોયા વિના, તેઓ આપણા પર અપાર ઉદારતા વરસાવે છે.

બાપુએ કહ્યું - ‘‘મારું મીશન કોઈને સુધારવાનું નથી, સહુને સ્વીકારવાનું છે! સ્વીકાર માટે, ખૂબ વિશાળ હૃદય અને ઉદાર દ્રષ્ટિકોણ જોઈએ. બુદ્ધ પુરુષનું ઔદાર્ય એવું હોય કે આશ્રિત પચાવી ન શકે. સદ્ગુરુ આશ્રિત પર જાણે ઓળઘોળ થઈ જાય!

તેમજ શાસ્ત્રો ફક્ત ત્યારે જ આત્મસાત થાય છે, જ્યારે તે ગુરુ મુખી હોય છે.‘‘

કથાના ક્રમમાં પ્રવેશતા પહેલા, બાપુએ રામના જન્મ પ્રસંગની ખુશીમાં શ્રોતાઓને રાસ કરાવ્યો.

શિવજી પાર્વતીજીને રામ કથા સંભળાવી રહ્યા છે. પાર્વતીજી પણ પોતાનું સ્વરૂપ બદલીને ભગવાનના દર્શન માટે રમકડાંવાળી બનીને અયોધ્યા જાય છે.

બાપુએ કહ્યું કે જો કોઈ માણસ પાસે સુવિધા હોય તો તે ભગવાન સુધી પહોંચી શકે છે.

બાપુએ ગુરુ વશિષ્ઠજી દ્વારા ચારે ભાઈઓનાં નામકરણ અને દરેક નામનો અર્થ સમજાવ્યો.

# મેટોડા નજીક હિટ એન્ડ રન, યુવાનનું મોત

## અજાણ્યા વાહને રાહદારીને ઠોકરે લેતા સારવારમાં દમ તોડ્યો

**અબતક રાજકોટ**

લોધિકા તાલુકાના દેવડા ગામે રહેતો યુવાન ચાલીને જતો હતો ત્યારે અજાણ્યા વાહને ઠોકરે લેતા, સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો જયાં યુવકનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવની પ્રાપ્ત વિગત મુજબ લોધીકા તાલુકાના દેવડા ગામે એમરાલ્ડ ક્લબમાં રહેતો નૌસિંન ખાતુંન મહંમદ મોતાઈ અલી નામનો યુવાન તેના ગામના પાદરમાં રોડ પર ચાલીને જતો હતો ત્યારે , તેણે અજાણ્યા વાહને ઠોકર લીધો હતો. યુવાને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં ચાલુ સારવારે યુવાને દમ તોડ્યો હતો. યુવાનના મોતથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવની જાણ મેટોડા પોલીસની કરતા, મેટોડા એ એસ આઈ ભૂમિકાબેન સહિતનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી, યુવકના મૃતદેહને પીએમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# જીયો બ્લેકરોક એસેટ મેનેજમેન્ટને મ્યુચ્યુઅલ ફંડ બિઝનેસ માટે સેબીની મંજુરી


## નવી એસેટ મેનેજમેન્ટ કંપનીના એમડી અને સીઈઓ તરીકે સીદ સ્વામિનાથનની નિમણુંક

**અબતક, રાજકોટ**

જિયો ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિમિટેડ અને બ્લેકરોક વચ્ચેના ૫૦:૫૦ના સંયુક્ત સાહસ જિયો બ્લેકરોક એસેટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડને ભારતમાં તેમના મ્યુચ્યુઅલ ફંડ બિઝનેસ માટે ઈન્વેસ્ટમેન્ટ મેનેજર તરીકે કામગીરી શરૂ કરવા માટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા તરફથી નિયમનકારી મંજૂરી મળી ગઈ છે.જિયોબ્લેકરોક એસેટ મેનેજમેન્ટ ભારતીય રિટેલ મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો તેમજ ભારતના સંસ્થાકીય રોકાણકારોની વધતી જતી સંખ્યા માટે રોકાણની નવીન તકો લાવશે. આ એસેટ મેનેજમેન્ટ કંપની તેના બે પ્રાયોજકોની અનન્ય શક્તિઓનો લાભ લેવાનો પ્રયાસ કરશે. જેએફએસલનીની ડિજિટલ પહોંચ અને સ્થાનિક બજારની તેની ઊંડી સમજ, બ્લેકરોકની વૈશ્વિક રોકાણ કુશળતા તથા અગ્રણી રિસ્ક મેનેજમેન્ટ ટેકનોલોજીનો તેમાં સમાવેશ થાય છે.

તમામ રોકાણકારો માટે જિયોબ્લેકરોક એસેટ મેનેજમેન્ટના ઓફરિંગના મુખ્ય તફાવતોમાં સ્પર્ધાત્મક અને પારદર્શક કિંમતો તથા નવીન ઉત્પાદનોનો સમાવેશ થશે, જેને બ્લેકરોકની પ્રખ્યાત રિસ્ક મેનેજમેન્ટ એકસપર્ટાઈઝના ઉપયોગનો લાભ મળશે. તેમાં અલાદ્દીનનો સમાવેશ થાય છે, આ એક વૈશ્વિક સ્તરે સ્તરે પ્રખ્યાત પોતાની માલિકીનું ટેકનોલોજી પ્લેટફોર્મ છે જે એક કોમન ડેટા લેંગ્વેજ દ્વારા ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટની પ્રક્રિયાને એકીકૃત કરે છે. રિટેલ રોકાણકારો માટે આ પ્લેટફોર્મ તેના ડિજિટલ-ફર્સ્ટ કસ્ટમર પ્રપોઝીશન તરીકે પણ વિશિષ્ટ હશે. જિયોબ્લેકરોક એસેટ મેનેજમેન્ટ આગામી મહિનાઓમાં વિવિધ પ્રકારના રોકાણ ઉત્પાદનો શરૂ કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે, જેમાં ડેટા-ડ્રિવન ઈન્વેસ્ટમેન્ટમાં બ્લેકરોકની ઈન્ડસ્ટ્રી-લીડિંગ ક્ષમતાઓનો ઉપયોગ કરતી પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે.

# કલેકટર કચેરીમાં ઈન્કમ ટેક્સ ઓફીસરે ટીડીએસ અંગે માર્ગદર્શન આપ્યું



**અબતક, રાજકોટ**

રાજકોટની કલેક્ટર કચેરીના સભા ખંડ ખાતે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ટેક્સ ડિડકટેડ એટ સોર્સ (ટી.ડી.એસ.) જાગૃતિ સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના ઓફિસર સમર્થ જોશીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ઈન્કમટેક્સ ભરવાના ફાયદાઓ, પ્રોવિઝન ઓફ સેલેરી, શોર્ટ ડિડકશન, શોર્ટ પેમેન્ટ, ડિમાન્ડ એનાલિસિસ, જસ્ટિફિકેશન ઓફ રિપોર્ટ, લેટ ફાઈલિંગ ફી, તેના પર લાગતું વ્યાજ, કયા સેકશનમાં ટી.ડી.એસ.કયા દરે કાપવું, ઈન્કમટેક્સના વિવિધ કાયદાઓ સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે વિસ્તૃત માહિતી ઉપસ્થિત સર્વેને આપી હતી. સેમિનારના અંતે પ્રશ્નોતરી કરીને સંબંધિત અધિકારીઓ અને કર્મચારી ઓએ સંવાદ કર્યો હતો.

આ તકે ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટના જોઈન્ટ કમિશનર અનન્યા કુલશ્રેષ્ઠ, ઈન્કમટેક્સ ઓફિસર વિરેન મહેતા, રાજીવ કુમાર, કલેકટર કચેરીની હિસાબી શાખા, પેટા હિસાબી શાખા, મહેકમ શાખા, અપીલ શાખા, ખાસ શાખાના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ‘‘બાનું ઘર વૃધ્ધાશ્રમ’’ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

**અબતક, રાજકોટ**

માનવ કલ્યાણ મંડળ અને સમગ્ર પાટીદાર સમાજ સંચાલિત ‘‘બા નું ઘર વૃદ્ધાશ્રમ‘‘ દ્વારા સમાજ કલ્યાણ માટે એક અનોખી અને નિઃસ્વાર્થ પહેલ કરવામાં આવી છે. વર્તમાન સમયમાં સગાઈ-સંબંધોમાં આવતી અનેક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને, આ સંસ્થા દ્વારા સર્વ-જ્ઞાતિના તમામ વ્યક્તિઓ માટે ‘‘ફ્રી જીવનસાથી પસંદગી મેળો‘‘ યોજવામાં આવશે. આ મેળાનો મુખ્ય હેતુ એ છે કે દરેક વ્યક્તિને યોગ્ય જીવનસાથી મળી રહે. આ સેવાનો ખાસ કરીને કુંવારા, છૂટાછેડા લીધેલા, વિધુર, વિધવા, ત્યક્તા, એકલા રહેતા અને વ્યથિત, વિકલાંગ/અંધ/અપંગ, તેમજ અન્ય કોઈ પણ વ્યક્તિ લાભ લઈ શકશે. ટૂંક સમયમાં આ ભવ્ય આયોજન કરવામાં આવશે.

‘‘બા નું ઘર વૃદ્ધાશ્રમ‘‘ દ્વારા આ ખાસ જીવનસાથી પસંદગી મેળામાં ભાગ લેનાર સર્વ-જ્ઞાતિના તમામ વ્યક્તિઓ માટે નિઃશુલ્ક લગ્નની વ્યવસ્થા પણ કરી આપવામાં આવશે. આ પસંદગી મેળાનો લાભ લેવા માટે સંપૂર્ણ વિગત અને ફોટો ૯૦૨૩૬૦૦૩૩૭ પર વોટ્સઅપ કરવા તથા વધુ માહિતી માટે મુકેશભાઈ મેરજા, ગીતાબેન પટેલ, વિભાબેન મેરજા નો અથવા સંસ્થાની ઓફિસનો સંપર્ક કરવા જણાવાયું છે. ઉપરાંત તારીખ ૧ જુલાઈ સુધીમા બાયો ડેટા મોકલી આપવા અનુરોધ કરાયો છે.

# ઝાલાવાડના ગેડીયા ગામે પિતા-પુત્ર એન્કાઉન્ટર કેસમાં સાત પોલીસમેન વિરુદ્ધ ગુનો

## ગુજસીટોકના ગુનાના આરોપી હનીફખાન અને તેના પુત્ર મદિનનું પોલીસ એન્કાઉન્ટરમાં મોત થયું’તું

**અબતક, રાજકોટ**

ગુજરાતના પોલીસબેડામાં હડકંપ મચાવે તેવો બનાવ પ્રકાશમાં આવ્યો છે. પ્રાપ્ત વિગત પ્રમાણે સુરેન્દ્રનગરના બજાણા પોલીસ મથકમાં પીએસઆઈ સહિત સાત પોલીસકર્મીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર સુરેન્દ્રનગરના ગેડિયામાં પિતા અને પુત્ર એન્કાઉન્ટર કેસમાં ૪ વર્ષ બાદ પીએસઆઈ સહિત સાત પોલીસકર્મીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

ગેડિયામાં હનીફખાન અને તેના પુત્ર મદિનખાન પર પોલીસે એન્કાઉન્ટર કર્યું હતું. સમગ્ર મામલો કોર્ટ સમક્ષ ગયો હતો. કોર્ટના આદેશ પછી પીએસઆઈ વીરેન્દ્રસિંહ જાડેજા સહિત સાત પોલીસકર્મીઓ વિરુદ્ધ બજાણા પોલીસ મથકમાં મોડી રાત્રે ગુનો નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે





**આરોપી બનેલા પોલીસકર્મીઓના નામની યાદી**

પીએસઆઈ વિરેન્દ્રસિંહ જાડેજા
રાજેશ સવજીભાઈ
શૈલેશ પહલાદભાઈ
કિરીટ ગણેશભાઈ
દિગ્વિજયસિંહ
ગોવિંદભાઈ
પ્રહલાદભાઈ પ્રભુભાઈ

ટૂંક જ સમયમાં પીએસઆઈ સહિત ૭ પોલીસકર્મીઓની ધરપકડ થાય તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા પાટડીના ગેડિયા ગામમાં વર્ષ ૨૦૨૧માં ચકચારી એન્કાઉન્ટરમાં ગુજસીટોકના આરોપી મૃતક હનીફ ખાન ઉર્ફે કાળો મુન્નો સામે કુલ ૮૬ ગુના નોંધાયેલા હતા. જો કે ૫૯ ગુનામાં તો તે વોન્ટેડ હતો. પોલીસે જણાવ્યું હતું કે, આરોપીને ઝડપી લેવા માટે ગયા ત્યારે તેણે પોલીસ પર પણ હુમલો કર્યો હતો, જેથી તેની વળતી કાર્યવાહીમાં પોલીસે ફાયરિંગ કર્યું જેમાં હનીફ ખાન અને તેના પુત્ર મદીનનું મોત નિપજયું હતું.આ હુમલામાં પીએસઆઈ વીરેન્દ્રસિંહ જાડેજા સહિત ૭ પોલીસ કર્મી ઘાયલ થયા હતા. જોકે, પરિવારજનો દ્વારા એન્કાઉન્ટર નકલી હોવાના આક્ષેપ કરાયા હતા અને મૃતદેહ ન સ્વીકારવાનો નિર્ણય કર્યો હતો. જોકે, આ મામલે પોલીસ સામે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. ત્યારબાદ હવે ધ્રાંગધ્રા કોર્ટે પોલીસ કર્મચારીઓ પર ફરિયાદનો આદેશ આપ્યો છે.

# કોટડા સાંગાણીના રાજપરા ગામે જુગારનો દરોડો

## રાજકોટના પાંચ પત્તા પ્રેમી ઝડપાયા: રૂ. ૧૬ હજારની રોકડ કબ્જે

**અબતક, રાજકોટ**

કોટડા સાંગાણીના રાજપરા ગામે જુગાર રમતા રાજકોટના પાંચ પત્તા પ્રેમીને પોલીસે ઝડપી લઇ, જુગારના પટમાંથી રૂ ૧૬ હજારની રોકડ કબ્જે કરી છે.પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કોટડા સાંગાણી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, રાજપરા ગામે રહેતો સંજય બાબુભાઈ ભાલાળા ના ઘર નજીક જાહેરમાં જુગાર રમાઈ રહ્યો છે. કોટડા સાંગાણી પોલીસની ટીમ તાત્કાલિક રાજપરા ગામે પહોંચી, જુગાર રમતો રાજકોટનો નૂરાની પરામાં રહેતો નાસીર સાજીદભાઈ ઠેબા, કોઠારીયા સોલવન્ટ નજીક રત્નદીપ સોસાયટીનો રાજેશ ભુપતભાઈ ગોહિલ, હસમુખ બાબુભાઈ શિંગડીયા, કોઠારીયા રસુલપુરાનો ઈકબાલ કાસમભાઇ બુકેરા અને કોઠારીયા સોલવન્ટ, હરિદ્વાર ૧માં રહેતો દિશાન પ્રતાપભાઈ ગોહિલ નામના શખ્સોને ઝડપી લઈ. જુગાર ના પટમાંથી રૂ ૧૬ હજારની રોકડ કબ્જે કરી છે.

# ભૂકંપ સંશોધન કેન્દ્ર ખાતેથી તિવ્રતા માપવાના યંત્રની ચોરી

## મહેસાણાની મેનેજમેન્ટ કંપનીના કર્મચારીએ ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

શહેરમાં ઈશ્વરીયા પાર્ક ખાતે આવેલ ભૂકંપ સંશોધન કેન્દ્ર ખાતેથી ભૂકંપ માપવાના યંત્રની ચોરીનો બનાવ સામે આવ્યો છે. મામલામાં ગાંધીગ્રામ પોલીસમાં મહેસાણાની કંપનીના ટેક્નિકલ આસિસ્ટન્ટે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મામલામાં મહેસાણાના વિસનગરમાં રહેતા બિહારીભાઈ રતીલાલ દરજી (ઉ.વ.૫૩)એ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મહેસાણાની આર્મ મેનેજમેન્ટ સર્વિસમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરૂ છું. હું જ્યા નોકરી કરું છું તે એજન્સીને ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ- ગાંધીનગરએ કોન્ટ્રાકટ આપેલ છે. અમારી ઓફિસ ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ રાયસણ,ગાંધીનગર ખાતે આવેલ છે. આખા ગુજરાતમાં આવેલ ભુકંપ સંશોધન કેન્દ્રમાં ભુકંપ માપવા માટે અલગ-અલગ સાધનો લાગેલા હોય છે. ગુજરાતમાં આવેલ આ તમામ કેન્દ્રોમાં અમારે વખતો વખત વિઝીટ કરવાની હોય તથા નવા સાધનો લગાડવાના હોય તથા મેન્ટેનંસ કરવાનું હોય છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૦૪/૦૩/૨૦૨૫ના રોજ હું મારી ટીમ સાથે સવારે આઠ વાગ્યે રાજકોટ ખાતે ઈશ્વરીયા પાર્કમાં આવેલ ભૂકંપ સંશોધન કેન્દ્ર ખાતે નવા સાધનો લગાડવાના હોય જેથી ત્યાં ગયેલ હતા. નવા સાધનો લગાડી જુના સાધનો ત્યાં જ રાખીને બે કલાકમાં ત્યાથી નિકળી ગયેલ હતા. આ ભુકંપ સંધોશન કેન્દ્ર ખાતે સિક્યોરીટી ગાર્ડ પણ રાખેલ છે. ત્યારબાદ તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ હું તથા દિલીપસિંહ કુશવાહ સાંજના સાતેક વાગ્યે ડેટા લેવા માટે તથા નિરીક્ષણ કરવા માટે રાજકોટમાં આવેલ ભૂકંપ સંશોધન કેન્દ્ર ખાતે આવેલ હતા. જ્યાં નિરીક્ષણ કરતા ધ્યાને આવેલ કે અગાઉ જે જુના સાધનો મુકી ગયેલ હતા તેમાંથી એસએમએ(સ્ટ્રોંગ મોશન એક્સલેરેશન) મશીન જેની કિંમત રૂ. ૧૧૪૬૧ મળી આવેલ નહિ. જેથી અમને લાગેલ કે કોઇ અજાણ્યો ચોર આ સાધન ચોરી કરી લઈ ગયેલ હશે. બાદ આ સાધનની જાણ ગાંધીનગર ખાતેની ઓફિસે અમારા ઉચ્ચ અધિકારીઓને કર્યા બાદ સીટીઝન પોર્ટલ પર ઈ-અરજી કરી ઓનલાઇન ચોરીની ફરીયાદ નોંધાવી હતી.

મામલામાં ગાંધીગ્રામ પોલીસે ઈ-અરજીના આધારે ભૂકંપ માપવાનું યંત્ર ઉઠાવી જનાર અજાણ્યા તસ્કર વિરુદ્ધ ગુનો નોંધી સીસીટીવીના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

(પહેલા પાનાનું ચાલું)

### મોકડ્રીલ...

મેના રોજ પાંચ રાજ્યોમાં યોજાશે. આ કવાયત ૭ મેના રોજ દેશના વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં, ખાસ કરીને પશ્ચિમી સરહદ પર યોજાયેલા પ્રથમ નાગરિક સંરક્ષણ કવાયત દરમિયાન જોવા મળેલી ખામીઓને દૂર કરવા માટે કરવામાં આવી રહી છે. આ બીજી કવાયતનો હેતુ દુશ્મનના હુમલાની સ્થિતિમાં નાગરિક સુરક્ષાની તૈયારીઓને વધુ મજબૂત બનાવવાનો છે.

બીજી તરફ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે અઝરબૈજાનના લાચિનમાં એક મોટું નિવેદન આપ્યું. તેમણે સ્વીકાર્યું કે ભારતે ૯ અને ૧૦ મેની રાત્રે રાવલપિંડીના નૂરખાન એરબેઝ સહિત પાકિસ્તાનના અનેક વિસ્તારોમાં બ્રહ્મોસ મિસાઇલથી હુમલો કર્યો હતો. શાહબાઝે કહ્યું કે પાકિસ્તાની સેના બદલો લેવાની તૈયારી કરી રહી હતી, પરંતુ ભારતે તે પહેલાં જ હુમલો કર્યો.

શાહબાઝ શરીફે લાચિનમાં કહ્યું, 'અમે ૯-૧૦ મેની રાત્રે ભારતના હુમલાનો જવાબ આપવાનું નક્કી કર્યું હતું. ફિલ્ડ માર્શલ અને આર્મી ચીફ જનરલ અસીમ મુનીરના નેતૃત્વમાં આપણી વાયુસેના સવારે ૪:૩૦ વાગ્યે ફજરની નમાઝ પછી કાર્યવાહી માટે તૈયાર હતી. પરંતુ તે પહેલાં ભારતે બ્રહ્મોસ મિસાઇલથી હુમલો કર્યો. આ હુમલામાં રાવલપિંડીના એરપોર્ટ અને અન્ય ઘણા વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા.'

તેમણે વધુમાં કહ્યું કે મુનીરે તાત્કાલિક તેમને ફોન પર આ હુમલા વિશે જાણ કરી અને કહ્યું કે ભારતે બીજો હુમલો શરૂ કર્યો છે. પોતાના નિવેદનમાં શાહબાઝે ભારત પર હુમલાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે પાકિસ્તાન પોતાનો બચાવ કરવા માટે દરેક પગલું ભરવા તૈયાર છે. પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું.

આ પહેલાં, ભારતે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) માં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. ભારતની આ કાર્યવાહી જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો જવાબ હતો. પોતાના ભાષણમાં ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા શાહબાઝે કહ્યું કે ભારતે તેમના દેશ પર યુદ્ધ લાદવાનો પ્રયાસ કર્યો. જોકે, પાકિસ્તાનમાં ઘણા લોકોએ શાહબાઝના નિવેદન પર પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે તેની કાર્યવાહી આતંકવાદ વિરુદ્ધ છે અને તે કોઈપણ પ્રકારની આતંકવાદી ગતિવિધિને સહન કરશે નહીં. વિદેશ મંત્રાલયે કહ્યું કે આતંકવાદ અને શાંતિ વિશે એકસાથે વાત કરી શકાતી નથી. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પાકિસ્તાન પર સ્પષ્ટ કર્યું હતું કે, 'જો ભવિષ્યમાં તેમના (પાકિસ્તાન) તરફથી કોઈપણ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિ થશે, તો તેને યુદ્ધનું કૃત્ય ગણવામાં આવશે.' આ સાથે, તેમણે ભારતના ઈરાદા પણ સ્પષ્ટ કર્યા કે જો ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ઊભી થાય, તો તેઓ જાણે છે કે અમે શું કરીશું.

### નિલય અંજારીયા...

તેમના દાદા સુબોધભાઈ અંજારિયા અને પિતા વિપીનભાઈ અંજારિયા માંડવી કોર્ટમાં એડવોકેટ હતા. નિલયભાઈ અમદાવાદ હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરતા હતા ત્યાંથી તેમની નિમણુંક કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે થઈ અને હવે વધારામાં તેઓ સર્વોચ્ચ અદાલતમાં પણ સેવા આપશે.

જસ્ટિસ એન.વી. અંજારિયાનો જન્મ ૨૩ માર્ચ ૧૯૬૫માં અમદાવાદમાં જન્મ થયો હતો. ત્યાર બાદ કાયદાનો અભ્યાસ કરી ૧૯૮૮થી ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરી હતી. આ દરમિયાન તેમણે ૧૯૮૯માં કાયદામાં માસ્ટર્સ કર્યું હતું. ૨૦૧૧માં ગુજરાત હાઈકોર્ટના એડિશનલ જજ અને ૨૦૧૩માં પરમેનન્ટ જજ બન્યા હતા. ૨૧ નવેમ્બર, ૨૦૧૧ થી ફેબ્રુઆરી ૨૦૨૪, સુધી ગુજરાત હાઈકોર્ટમાં જજ તરીકે કાર્યરત હતા. ત્યાર બાદ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા હતા. આમ તેમની પાસે ૧૩ વર્ષથી વધુ સમય હાઈકોર્ટના જજ તરીકેનો અનુભવ છે. તેઓ સિવિલ, કંપની, લેબર અને બંધારણીય કેસોના નિષ્ણાંત છે. સુપ્રીમ કોર્ટની કોલેજીયમ જજની સિનિયોરીટી અને મેરીટસના આધારે તેમની ભલામણ કરતી હોય છે. કોલેજિયમે તેમના કાનૂની જ્ઞાન અને નિષ્પક્ષતા માટે તેમની પ્રશંસા કરી છે.

### અમરનાથયાત્રા...

મોકલવામાં આવી રહી છે, જ્યારે બાકીની કંપનીઓ - જેમાંથી લગભગ ૮૦ કંપનીઓ 'ઓપરેશન સિંદૂર' હેઠળ ત્યાં પહેલાથી જ તૈનાત હતી - તે હવે યાત્રા રૂટ અને શ્રીનગર સહિત અન્ય મહત્વપૂર્ણ વિસ્તારોને સુરક્ષિત કરવા માટે ફરીથી તૈનાત કરવામાં આવશે.ગૃહ મંત્રાલયે તમામ દળોને જૂનના બીજા અઠવાડિયા સુધીમાં તેમની પોઝિશન લેવાનો આદેશ આપ્યો છે જેથી ૩ જુલાઈથી ૯ ઓગસ્ટ સુધી ૩૮ દિવસની અમરનાથ યાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણ રીતે સુરક્ષિત રહે. આ વખતે સુરક્ષા યોજના ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં ૨૬ પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા હતા.ગૃહમંત્રી અમિત શાહ જમ્મુની તેમની પ્રસ્તાવિત મુલાકાત દરમિયાન મુસાફરી સુરક્ષા તૈયારીઓની સમીક્ષા કરશે. તેમની પહેલા સીઆરપીએફ ડિરેક્ટર જનરલ જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંહ અને બીએસએફના ડિરેક્ટર જનરલ દલજીત સિંહ ચૌધરીએ પણ કાશ્મીરમાં સુરક્ષા તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું.

### ક્રિપ્ટો કરન્સી...

કરન્સી સ્થાપિત કરી રહી છે, જે એક સુરક્ષિત વિકલ્પ પૂરો પાડશે. સરકારી અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું છે કે, ''ભારત પોતાના રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને નિર્ણય લેશે'' અને ''ઉદ્યોગના વ્યાપક પરિણામોને ધ્યાનમાં રાખીને કોઈ ઘૂંટણિયે નિર્ણય લેવામાં આવશે નહીં.'' ભારતી ગ્રુપના ચેરમેન સુનિલ મિત્તલે પણ ક્રિપ્ટો ફ્રેમવર્ક માટે મજબૂત નિયમનોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જે અમેરિકાના બદલાતા વલણને ધ્યાનમાં રાખીને ભારત માટે યોગ્ય પગલાં લેવાનો સમય આવી ગયો હોવાનું સૂચવે છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### લાઈટના ધાંધીયા...

લોકેશન એટલે કે યુનીયન બેંક, રેસકોર્ષ તથા ઉત્કર્ષ સ્કુલથી એસ્ટ્રોન નાલાની વચ્ચેના લોકેશનમાં આવે છે. અંડર ગ્રાઉન્ડ કેબલમાં ફોલ્ટ થયેલ છે. જે ફોલ્ટ થયેલ કેબલનું આઈસોલેશન કરી સદર ફીડરનો લોડ ભોમેશ્વર ફીડર તથા જંકશન ફીડરમાં નાખેલ અને પાવર સપ્લાય ચાલુ કરેલ ત્યારબાદ ૧૧ કેવી ભોમેશ્વર ફીડરમાં ફોલ્ટ થવાથી ફરીથી વીજ વિક્ષેપ સર્જાયેલ જે તુરંત જમ્પર કરી પાવર સપ્લાય ચાલુ કરી આપેલ ફોલ્ટી થયેલ કેબલના બંને લોકેશન શુક્રવારે રીપેર કરી ફીડરનો લોડ રાબેતા મુજબ ચાલુ કરી આપવામાં આવશે. અને હવે પછી સદર ફીડરમાં પાવર સપ્લાય અંગે ફોલ્ટ ન સર્જાય તે માટે અન્ય પણ જરૂરી સમારકામ કરી આપવામા આવશે. તેવી લેખીતમાં ખાતરી આપી હતી.

(ચોથા પાનાનું ચાલુ)

### જૈન સોશિયલ ગ્રુપ...

કરવામાં આવેલ હતું. આ ઉપરાંત આ કેમ્પનાં ઉદઘાટન પ્રસંગે મેહુલભાઈ દામાણી (સેક્રેટરી - સૌરાષ્ટ્રરીજીયન), જયેશભાઈ વસા (વાઈસ ચેરમેન-સૌરાષ્ટ્રરીજીયન), રાજેશભાઈ મોદી (જોઈન્ટ સેક્રેટરી - સૌરાષ્ટ્ર રીજીયન), જીજ્ઞેશભાઈ મહેતા (ઝોન કો-ઓર્ડીનેટર : સૌરાષ્ટ્ર રીજીયન) અને રાજકોટ ઝોન પરિવારનાં નિલેશભાઈ શાહ, મેહુલભાઈ શાહ, જિજ્ઞેશભાઈ બોરડીયા, અશોકભાઈ વોરા, ભાવિનભાઈ ઉદાણી, ડો.કોમીલ વોરા, હરેશભાઈ શાહ, તુષારભાઈ કોઠારી અને હીતેશભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહયા હતા.

આ કેમ્પમાં રહેલ આશરે ૩૦૦ થી વધારે ગૌમાતાઓને ઉદારહૃદયી દાતા ઓ દ્વારા જ્યાં સુધી ગૌમાતાનાં ઘાસચારને અનુરૂપ વાતાવરણ ન ઉદ્ભવે ત્યાં સુધી ઘાસચારો તેમજ મેડીકલ સહાય પુરી પાડવામાં આવનાર છે. આ જીવદયાનાં ઉત્તમ કાર્યમાં પ્રારંભમાં સૌપ્રથમ હિજરત કરીને આવેલ ગૌમાતાને મેડીકલ ટ્રીટમેન્ટની તાતી જરૂર હોવાથી તેમની તબીબી ટીમ દ્વારા સારવાર આપવામાં આવેલ.

### ડી.વી. મહેતા...

તેનામાં સતત સુધારાની જરુરીયાત અંગે પ્રકાશ પાડ્યો હતો.

આ જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી સ્ટાફ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લેનાર તમામ શિક્ષકોને તેમજ કાર્યક્રમના સંચાલનમાં સહયોગ આપનાર ભૂમિ ગઢવી, જયશ્રી ચિનોઈ અને મોના પારેખને જીનીયસ ગ્રુપના ચેરમેન ડી.વી. મહેતા અને સીઈઓ ડિમ્પલબેન મહેતાએ અભિનંદન આપ્યા હતા.

તેમજ શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તા સુધારવાની દિશામાં મહત્વપૂર્ણ માર્ગદર્શન આપનાર વકતાઓનો આભાર વ્યકત કર્યો હતો.

### અખિલ હિન્દ મહિલા પરિષદ...

થેલેસેમિયાના દર્દીઓને કેન્દ્રમાં રાખી અને કરવામાં આવ્યો હતો અને અન્ય ઉલ્લેખનીય બાબતે એટલે રક્તદાનની શરૂઆત કેન્દ્રના સ્ટાફ દ્વારા રક્ત આપી અને કરવામાં આવી હતી તેથી અન્ય વિસ્તારના નાગરિકોને પણ આ સંદર્ભમાં પ્રેરણા મળી રહે.

પ્રથમ મહિલા મેયર ભાવના જોશીપુરાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે રક્તદાન પ્રવૃત્તિ ના સંદર્ભમાં જાગૃતિ અભિયાન દ્વારા રક્તદાતાઓને પ્રેરિત કરવામાં આવે છે અને તે માટે વ્યાપકજન સંપર્ક પણ આયોજિત કરવામાં આવે છે

રાજકોટની સિવિલ હોસ્પિટલ નો સહયોગ આ રક્તદાન કેમ્પમાં પ્રાપ્ત થયો હતો.

પાના નં. ૧૧નું ચાલુ

### મેદસ્વિતાથી મુક્તિનો નવો અધ્યાય

આવે છે.સારવાર માટે આવતા દર્દીઓમાં ૨૫ થી વધારે બીએમઆઈ હોય તેઓનું કાઉન્સીલર દ્વારા મેડિકલ હિસ્ટ્રી તપાસી સાચી સમજ આપવામાં આવે છે. ડાયેટેશીન દ્વારા યોગ્ય સમતોલ તથા પોષક આહારની પણ સમજણ આપવામાં આવે છે. મેડિકલ ઓફિસર દ્વારા દર્દીની તપાસ, હિસ્ટ્રી ચકાસી જરૂરી રીપોર્ટસ બાદ જરૂરીયાત મુજબ ફિઝીશીયન, પીડીઆટ્રીશીયન, જનરલ સર્જરી વિભાગ,સાયકીઆટ્રીસ્ટ, ગાયનેકોલોજીસ્ટ દ્વારા તપાસ તથા માર્ગદર્શન આપવામાં આવે છે.યુવા પેઢીને સશક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા સ્વસ્થ ગુજરાત ઝુંબેશ શરૂ કરવામાં આવી. યુવાનોમાં વધતા હાર્ટએટેકના કિસ્સામાં એક કારણ મેદસ્વીપણા હોવાનું પણ સામે આવ્યું છે. ઓબેસીટી એક ગંભીર સમસ્યા બનતા રાજ્યની જુદી-જુદી હોસ્પિટલમાં ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યા છે. દર્દીઓને નિયમિત કસરત, યોગાસન તથા માનોચક્ર તણાવ અને કસરત કરવા જણાવવામાં આવે છે. ચાલો, સાથે મળી આ વિશ્વભરનાં પડકાર સામે એક નવો ખ્યાલ ઊભો કરીએ, મેદસ્વિતાનો મુકાબલો માત્ર દવાોથી નહિ, પણ દ્રઢ ઈચ્છાશક્તિ, શિસ્ત અને સ્વસ્થ આદતો વડે થશે. આપણે સૌ સ્વસ્થ જીવન માટે એક કદમ આગળ વધીએ.

### ઓસમ ડુંગર

ડુંગર ખાતે પર્વતારોહકો દ્વારા ડુંગર ચડવાના રસ્તે, જંગલ, ઝાડીઝાંખરા, ગુફાઓ, મંદિરોમાં સાફસફાઈ કરીને પ્લાસ્ટિક તથા કચરો એકત્ર કરાયો હતો. સૂકાં અને ભીના કચરાનું વર્ગીકરણ કરીને તેના નિકાલની વ્યવસ્થા કરી હતી. તેમજ સાહસિક પ્રવૃતિ દરમિયાન અને રોજીંદા જીવનમાં પ્લાસ્ટિકના બદલે કાપડની થેલીનો ઉપયોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આમ, પર્વતારોહકોએ પ્લાસ્ટિકનો નિકાલ કરીને ઓસમ ડુંગરને ખરાં અર્થમાં ઓસમ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.આ ઉપરાંત, હાલમાં ગુજરાત સરકાર દ્વારા 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન પણ કાર્યરત છે. જેના ભાગરૂપે, પર્વતારોહકોએ પ્લાસ્ટિક એકત્રીકરણની સાથેસાથે સ્થૂળતા ઘટાડીને તંદુરસ્ત રહેવાની પ્રેરણા પણ સામાન્ય જનતા સુધી પહોંચાડી હતી.''

### રાજ્ય સરકાર

આપે તેમ માનવામાં આવે છે. પ્રાપ્ત વિગત અનુસાર શહેરમાં ઓલિમ્પિકનું સુંદર આયોજન થાય, ક્યાં કઈ રમત રમાડી શકાય તે અંગે હાલ ૩૩ સ્થળોની પસંદગી કરવામાં આવી છે. સરકાર આ મામલે કામગીરી શરૂ કરી છે. ૨૩ સ્થળોમાંથી અમદાવાદમાં ૧૭ અને ગાંધીનગરમાં ૬ સ્પોટની પસંદગી કરાઈ છે. ૨૨ સિંગલ સ્પોર્ટસ અને ૧૧ મલ્ટી સ્પોર્ટસ માટે સ્થળો પસંદ કરાયા છે.ઓલિમ્પિક્સ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવાનો ખર્ચ પાંચથી ૬ હજાર કરોડની આસપાસ આવે તેવું રાજ્ય સરકારના વર્તુળોનું કહેવું છે. આ પ્રોજેક્ટના કોસ્ટ શેરિંગની ઓલ્મ્પિક વહેંચણી હજી સુધી નક્કી થઈ નથી. પણ રાજ્ય સરકાર મહદ અંશે ખર્ચ ભોગવશે તેમ માનવામાં આવે છે. આ ખર્ચો ૭૦થી ૯૦ ટકા સુધીનો હોઈ શકે છે.સૂચિત ઓલિમ્પિક પાર્કના માસ્ટર પ્લાનિંગ માટે કન્સલ્ટન્ટ, પોપ્યુલસ ઓલિમ્પિક અમદાવાદ ડિઝાઈન પ્રાઈવેટ લિમિટેડની નિમણૂક કરવામાં આવી છે. ૨૦૩૬ની આ ગેમ્સ માટે યુરોપિયન દાવેદારોમાં બર્લિન, બુડાપેસ્ટ, ઈસ્તંબુલ અને તુરીનનો સમાવેશ થાય છે. જ્યારે એશિયન દાવેદારોમાં દોહા, ચીનના કેટલાંક શહેરો, સિઓલ અને ઈન્ડોનેશિયાના નુસાન્તારાનો સમાવેશ થાય છે. અન્ય દાવેદારો ન્યૂ સિટી, ઈજિપ્ત અને મેક્સિકો સિટી છે.

(૧૨માં પાનાનું ચાલુ)

### આજે ઈ-બાઈક દિવસ

રેન્જ વિશેની ચિંતાઓ દૂર કરવી અત્યંત જરૂરી છે. આ પડકારોને પહોંચી વળવા માટે, સરકારે ઈ-બાઈકના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે નીતિગત નિર્ણયો લેવા જોઈએ. આમાં સબસિડી યોજનાઓ, ઈ-બાઈક માટે સરળ લોન યોજનાઓ, અને જાહેર સ્થળોએ, મોલ્સમાં, કાર્યાલયોમાં અને રહેણાંક વિસ્તારોમાં વધુને વધુ ચાર્જિંગ સ્ટેશનોના નિર્માણ જેવા પગલાં લેવા જોઈએ. આ ઉપરાંત, ઈ-બાઈકના પર્યાવરણીય અને આર્થિક ફાયદાઓ વિશે વ્યાપક જાગૃતિ ફેલાવવી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. શાળાઓ અને કોલેજોમાં ઈ-બાઈકના ઉપયોગ વિશે માહિતી આપવી જોઈએ, જેથી યુવા પેઢી તેને અપનાવવા માટે પ્રેરિત થાય અને ભવિષ્યના પરિવહન તરીકે તેને સ્વીકારે. સમુદાય સ્તરે સેમિનાર, વર્કશોપ અને જાગૃતિ અભિયાન યોજી શકાય છે જેથી લોકોને ઈ-બાઈકના ફાયદાઓ વિશે માહિતગાર કરી શકાય.

ઈ-બાઈક દિવસ ફક્ત એક દિવસની ઔપચારિક ઉજવણી નથી, પરંતુ તે એક એવી દિશા દર્શાવે છે જ્યાં આપણે સૌ પર્યાવરણને અનુકૂળ પરિવહનને અપનાવીને એક સ્વચ્છ, સ્વસ્થ, અને ટકાઉ ભવિષ્યનું નિર્માણ કરી શકીએ. સૌએ આજના દિવસે પ્રણ લેવા જોઈએ કે આપણે ઈ-બાઈકને આપણા દૈનિક જીવનનો એક ભાગ બનાવીશું અને પર્યાવરણની રક્ષા માટે આપણો ફાળો આપીશું. ભવિષ્યમાં વધુને વધુ લોકો ઈ-બાઈક અપનાવીને પર્યાવરણ સુરક્ષા અને સ્વચ્છ પરિવહન ક્ષેત્રે યોગદાન આપશે, તો આપણો સમાજ વધુ સુરક્ષિત અને સ્વસ્થ બનશે.

### નીટ પીજીની પરીક્ષા

પણ કહ્યું કે વિદ્યાર્થીઓની મહેનત અને ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારની અસમાનતા કે અન્યાય ન થવો જોઈએ. આ નિર્ણય અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સંતોષની લાગણી છે. ઘણા વિદ્યાર્થીઓ કહે છે કે હવે તેઓને ડર રહેશે નહી કે બીજી શિફ્ટમાં આવતા પ્રશ્નો સરળ હશે કે મુશ્કેલ. આનાથી દરેકને સમાન તક મળશે. વિદ્યાર્થીઓએ સપ્ટેમ્બર ૨૦૨૪માં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી જેમાં નીટ પીજી ૨૦૨૪ની પરીક્ષામાં પારદર્શિતાની માંગ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની મુખ્ય માંગણી એ હતી કે પરીક્ષા એક જ શિફ્ટમાં લેવામાં આવે, કારણ કે બે શિફ્ટમાં પરીક્ષા યોજીને સામાન્યીકરણ પ્રક્રિયા અપનાવવામાં આવે છે, જે તેમને અસમાન અને અન્યાયી લાગે છે. આ ઉપરાંત તેમણે પરીક્ષાનું સંચાલન કરતી સંસ્થાને પ્રશ્નપત્ર અને આન્સર કી જાહેર કરવાની પણ માંગ કરી હતી, જેથી તેઓ તેમના પરિણામનું મૂલ્યાંકન કરી શકે અને તૈયારીમાં સુધારો કરી શકે. આ અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે ૨૨ મેના રોજ તમામ ખાનગી અને ડીમ્ડ મેડિકલ યુનિવર્સિટીઓને તેમની ફી વિગતો જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો અને પરીક્ષામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

(છેલ્લા પાનાનું ચાલુ)

### હાઈકોર્ટ...

વિભાગીય અને એસીબી સમક્ષ ઈન્સ્પેક્ટર શિરોયા સામે ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો. આવા પ્રયાસો છતાં ફરિયાદીના મતે આ કેસમાં લાંચ માંગનાર ઈન્સ્પેક્ટર શિરોયા સામે વિભાગીય કાર્યવાહી કરવામાં આવી નથી અથવા તેમને હાલના કેસમાં આરોપી તરીકે પણ જોડવામાં આવ્યા નથી તેવું હાઈકોર્ટે તેના આદેશમાં નોંધ્યું હતું.

હાઈકોર્ટના આદેશમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પરમારે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ઈન્સ્પેક્ટર શિરોયા સુરતના રહેવાસી હતા અને તેમની ફેક્ટરીઓ સુરતમાં કાર્યરત હતી. એ પણ સાચું છે કે આરોપી મોહનભાઈ ડાહ્યાભાઈ (પરમાર) નિર્દોષ છે અને ઈન્સ્પેક્ટર શિરોયા વાસ્તવિક ગુનેગાર છે.

હાઈકોર્ટે સરકારની અપીલ ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, જોકે, એવો નિર્દેશ આપવામાં આવે છે કે રાજ્ય સરકાર જો શક્ય હોય તો ઈન્સ્પેક્ટર શિરોયા સામે યોગ્ય કાર્યવાહી કરે કારણ કે, કેસને ૨૬ વર્ષ પસાર થઈ ગયો છે.

### રાજકોટ માર્કેટીંગ યાર્ડ...

રહ્યો છે. જયારે તલના ભાવ પણ નોંધપાત્ર ચાલી રહ્યા છે. ગઈકાલે અલગ અલગ ૩૯ જણસીની આવક થવા પામી હતી. આજે સવારે વિવિધ જણસી ભરેલા ૬૦૦ થી વધુ વાહનો આવી ચડતા યાર્ડની બહાર વાહનોની લાંબી કતારો લાગી જવા પામી હતી.

રાજકોટ માર્કેટીંગયાર્ડમાં તમામ જણસીના સારા ભાવ મળી રહ્યા હોવાના કારણે જેના કારણે સૌરાષ્ટ્રભરના ખેડૂતો પોતાની જણસીના વેચાણ માટે રાજકોટ ખાતે આવે છે.

### દંપતીની ક્રૂર હત્યા...

પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. આ બનાવ અંગે નેસડા ગામે રહેતા અને ઈંટોનો ભઠ્ઠો ચલાવતા વિજયભાઈ ઉર્ફે લાલભાઈ ખમળએ સિહોર પોલીસ સ્ટેશનમાં મજૂર દંપતિની હત્યા અંગે અમિત નાયકા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, મારે નેસડાગામથી કનીવાવ તરફ આવતી વાડીનું નામ ખીજડાવાળી વાડી છે, ત્યા ઈંટોનો ભઠ્ઠો અને ખેતીની જમીન આવેલ છે. જ્યા મજુરોથી ખેતી કામ કરાવુ છુ. મારી વાડીમાં મોટાભાગના મજુરી નવસારી બાજુના હોય છે.

ત્રણેક મહિના પહેલા રામુભાઇ નટુભાઈ હળપતી રહે નવસારી તેમની સાથે એક સ્ત્રી જેનું નામ લક્ષ્મીબેન હતુ અને રામુભાઈ નટુભાઈ હળપતી જેને પોતાની પત્ની તરીકે કહેતો હતો તે બંને મારી વાડીએ મજુરી કામ કરતા હતા. વાડીએ આઠ જેટલી ઓરડીઓ મજુરો માટે બનાવેલ છે. તેમા સાત નંબરની ઓરડીમાં રામુભાઈ નટુભાઈ હળપતી તેમની પત્ની લક્ષ્મીબેન સાથે રહેતા હતા. આઠ નંબરની ઓરડીમાં છેલ્લા ૬ માસથી અમીત નાયકા તેના ભત્રીજા ચેતન સાથે રહેતો હતો.

ગઈ તારીખ ૨૯/૦૫/૨૦૨૫ ના રોજ રાત્રીના સાડા નવ વાગ્યે નાના ભાઈ હરેશનો ફોન આવેલ કે, વાડીએ મજૂરો ઝગડો કરી રહ્યા છે તેમ વાત કરતા હું વાડી ખાતે દોડી ગયો હતો.

જયા રામુભાઈ અને લક્ષ્મીબેન લોહીલુહાણ હાલતમાં પડેલા જોવા મળ્યા હતા. તેમના ગળાના ભાગેથી લોહી નીકળતુ હતુ. જેથી મે ૧૦૮ એમ્બયુલન્સ અને પોલીસ સ્ટેશને ફોન કરેલો હતો. થોડીવાર પછી ૧૦૮ આવતા તબીબે બંનેને તપાસ કરી મરણ ગયાનું જાહેર કર્યું હતું. ત્યારે અમિત નાયકા ક્યાંય જોવા મળ્યો ન હતો.

જે બાદ મજૂરો પાસેથી માહિતી મળેલી કે, રામુભાઈ અને લક્ષ્મીબેન નાની-નાની વાત ઉપર ઝગડો કરતા હતા. ત્યારે બાજુમાં રહેતા અમીતભાઈ નાયકાએ ઝગડો કરવાની ના પાડતા રામુભાઈએ અમિતને કહેલ કે તારે અમારા પતી-પત્નીના ઝગડામાં કાઈ વચ્ચે નહી બોલવાનું, વચ્ચે આવીશ તો તને પણ મારીશ કહીને જોર જોરથી રાડો પાડી અમીત સાથે ઝગડો કરવા લાગેલ હતા. જેથી ઉશ્કેરાઇ ગયેલા અમિતે બાજુમાં પડેલ કુહાડી વડે રામુભાઈના ગળાના ભાગે એક ઘા મારતા તે નીચે પડી ગયેલ અને બીજો ઘા ગળાની ભાગે મારવા લાગેલ હતો. દરમિયાન લક્ષ્મીબેન વચ્ચે પડતા અમીતએ તેમને પણ કુહાડીના બે ઘા ગળાના ભાગે મારી નીચે પાડી દિધેલ હતી. પછી અમીત ત્યાથી જતો રહેલ હતો.

### રાજકીય પક્ષો...

મેળવશે. ખાસ ધ્યાન બિહાર, તમિલનાડુ, પુડુચેરી, પશ્ચિમ બંગાળ, કેરળ અને આસામ જેવા રાજ્યો પર કેન્દ્રિત કરવામાં આવશે જ્યાં નજીકના ભવિષ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે.

અન્ય સુધારાઓ ઉપરાંત, ECI એ તેના મુખ્યાલયમાં બાયોમેટ્રિક હાજરી લાગુ કરી છે, E-Office સિસ્ટમ સક્રિય કરી છે અને નિયમિત CEO-સ્તરની સમીક્ષા બેઠકો શરૂ કરી છે. આ પગલાંનો હેતુ આંતરિક સંકલન અને કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવાનો છે.

ભારતના ચૂંટણી પંચનું પ્રતિનિધિત્વ કરતા કાઉન્સેલ્સની રાષ્ટ્રીય પરિષદ પણ બોલાવી હતી. આ પરિષદમાં ભારતની સુપ્રીમ કોર્ટ અને દેશભરની તેની બેન્ચ સહિત ૨૮ ઉચ્ચ અદાલતોના વરિષ્ઠ વકીલો, તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના અધિકારીઓ અને ૩૬ CEOએ ભાગ લીધો હતો. આ પહેલનો ઉદ્દેશ્ય ઉભરતા પડકારોને વધુ અસરકારક રીતે પહોંચી વળવા માટે કમિશનના કાનૂની માળખાને પુનઃઉર્જાવાન કરવાનો અને સુમેળ વિકસાવવાનો હતો.

ભારતના ચૂંટણી પંચ દ્વારા કરાયેલી ૨૧ નવીન પહેલોમાં મતદાન મથક પર મતદારોની મહત્તમ સંખ્યા ૧૨૦૦ સુધી મર્યાદિત કરવામાં આવી છે.

હાઈ રાઈઝ/ગેટેડ કોલોનીઓમાં વધારાના મતદાન મથકો સ્થાપવામાં આવશે., મતદાર યાદી અપડેટ કરવા માટે, મૃત્યુ નોંધણીનો ડેટા સીધો RGI ડેટાબેઝમાંથી મેળવવામાં આવશે તથા ચકાસણી પછી ડેટા અપડેટ કરવામાં આવશે.

મતદાર માહિતી સ્લિપને વધુ મતદાર મૈત્રીપૂર્ણ બનાવવામાં આવશે, મતદાનના દિવસે મતદાન મથકોની બહાર મોબાઈલ ડિપોઝિટ સુવિધાની જોગવાઈ કરાશે.

સર્વપક્ષીય ૪,૭૧૯ બેઠકો યોજાઈ યોજાશ; રાજકીય પક્ષોના ૨૮,૦૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો

(બિહાર, તામિલનાડુ અને પુડુચેરી) રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમો યોજાશે.

૯. ચૂંટણી પ્રચાર માટે અંતરના ધોરણોમાં બદલાવ : ઉમેદવારો/રાજકીય પક્ષોને હવે ૨૦૦ મીટરની જગ્યાએ ૧૦૦ મીટરથી વધુ દૂર બૂથ બનાવવાની મંજૂરી

નવા ઈન્ટિગ્રેટેડ ડેશબોર્ડ - ECINET ની અમલવારી, જેનો ઉદ્દેશ્ય બધા હિસ્સેદારોને એક જ બિંદુ પર બધી સેવાઓ પૂરી પાડવાનો છે

ડુપ્લિકેટ નંબરની સમસ્યા ઉકેલાઈ- યુનિક EPIC નંબરો માટે નવી પદ્ધતિ અમલી

મતદાર યાદી તૈયાર કરવાની અને ચૂંટણી યોજવાની સમગ્ર પ્રક્રિયામાં ૨૮ હિતધારકોની ઓળખ કરવામાં આવી હતી, જેમાં મતદારો, ચૂંટણી અધિકારીઓ, રાજકીય પક્ષો, ઉમેદવારો અને અન્યનો સમાવેશ થાય છે, જે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦, ૧૯૫૧, મતદારોની નોંધણી નિયમો ૧૯૬૦, ચૂંટણી આચાર નિયમો, ૧૯૬૧ અને ECI દ્વારા સમયાંતરે જારી કરાયેલી સૂચનાઓના આધારે કરવામાં આવ્યા હતા.

આ દરેક હિસ્સેદારો માટે કમિશનના કાયદા, નિયમો અને સૂચનાઓના આધારે પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવી રહ્યાં છે.

ECI અને CEOનું પ્રતિનિધિત્વ કરતા કાઉન્સેલ્સની રાષ્ટ્રીય પરિષદનું આયોજન સંકલનને મજબૂત બનાવવા અને કાનૂની માળખાને પુનઃઉર્જિત કરવા માટે કરવામાં આવ્યું

BLOને સ્ટાન્ડર્ડ ફોટો આઈડી કાર્ડ મળશે

૩૫૦૦ થી વધુ બૂથ લેવલ સુપરવાઈઝર તાલીમ મેળવી છે

આગામી ૪૫ દિવસમાં ૨૦ બેચમાં લગભગ ૬૦૦૦ BLO/BLO સુપરવાઈઝર તાલીમ મેળવશે

'' આગામી થોડા વર્ષોમાં ૧ લાખથી વધુ ઈકઘ સુપરવાઈઝર તાલીમ મેળવશે

તમામ ૩૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના CEO કાર્યાલયોના મીડિયા અધિકારીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

બિહારના પોલીસ અધિકારીઓ માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું

ECI સંકુલમાં બાયોમેટ્રિક હાજરીનો અમલ

ઈ-ઓફિસનું સંચાલન અને અમલીકરણ

તમામ ૩૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના CEO સાથે ECI ની નિયમિત બેઠકો અને ECI ના વિવિધ વિભાગો સાથે તેમની કચેરીઓના કાર્યનો સુમેળ સાધવો.

### ગ્રામ પંચાયતની ચૂંટણી...

પંચાયતોની યોજાનાર ચૂંટણીઓ હાલ પુરતી મુલતવી રાખવામાં આવી છે.

રાજયની કુલ ૮૩૨૬ જેટલી ગ્રામ પંચાયતોની સામાન્ય, વિભાજન, મધ્યસત્ર, પેટા ચુંટણી યોજવા તારીખો જાહેર કરવામાં આવી છે.

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના પત્રથી જણાવ્યા મુજબ વિધાનસભાની પેટા ચુંટણી ૨૦૨૫ ની કામગીરીમાં સંબંધિત વિધાનસભા મત વિભાગોનો તમામ સ્ટાફ ચુંટણી કામગીરીમાં રોકાયેલ છે. જેથી કડી (અ.જા.) વિધાનસભા મત વિભાગમાં સમાવિષ્ટ કડી અને જોટાણા તાલુકા તથા વિસાવદર વિધાનસભા મત વિભાગમાં સમાવિષ્ટ વિસાવદર, ભેંસાણ, જુનાગઢ (ગ્રામ્ય) તથા અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની તમામ ચુંટણી હેઠળની ગ્રામ પંચાયતોની યોજાનાર ચુંટણીઓ હાલ પુરતી મુલતવી રાખવામાં આવે છે.

આ તાલુકાઓની ગ્રામ પંચાયતોની ચુંટણી માટે હવે પછી નવેસરથી કાર્યક્રમ જાહેર કરવામાં આવશે.

## દુઃખદ અવસાન

**સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ:** સ્વ. રવિભાઇ જાગાભાઇ બોળીયા તે જાગાભાઇ દેવાભાઇના પુત્ર, બાલાભાઇ દેવાભાઇ બોળીયા, હિરાભાઇ, નારણભાઇ રતાભાઇ બોળીયાના ભત્રીજાનું તા. ૨૯ ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૩૧ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન તેમના નિવાસી સ્થાને સ્વામીનારાયણ ચોક, માલવીયા કોલેજ પાછળ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સદ્ગુણોના ભંડાર ગોંડલ સંપ્રદાયના સાધ્વી કૃપાબાઈ મ.સ.ની પાલખીયાત્રા-ગુણાનુવાદ સભા યોજાઈ

## ગુરુ પ્રાણ પરિવારના સાધ્વી કૃપાબાઈ મ.સ કાળધર્મ પામતા જૈન સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગોંડલ સંપ્રદાયના ગુરુ પ્રાણ પરિવારના સાધ્વી કૃપાબાઈ મ.સ. કાળધર્મ પામ્યા હતા, જેના પગલે જૈન સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. તેમના નિધન બાદ રાજકોટમાં તેમની ભવ્ય પાલખી યાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા.સાધ્વી કૃપાબાઈ મ.સ.ની પાલખી યાત્રા સાંજે પાંચ વાગ્યે રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘ, ઓમાનવાલા ઉપાશ્રય અને એમ. શેઠ પૌષધશાળા ખાતેથી પ્રારંભ થઈ હતી. આ યાત્રા શહેરના મુખ્ય રાજમાર્ગો પરથી પસાર થઈ હતી, જ્યાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા અને તેમના અંતિમ દર્શનનો લાભ લીધો હતો.પાલખી યાત્રા બાદ અંત્યેષ્ઠિ વિધિ કરવામાં આવી હતી. સાધ્વીજીના સંસારી પરિવારજનો દ્વારા અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. આ અંત્યેષ્ઠિ વિધિમાં જૈન સમાજના અગ્રણીઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ભેગા મળીને સાધ્વી કૃપાબાઈ મ.સ.ને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.અંત્યેષ્ઠિ વિધિ બાદ આજે સવારે ગુણાનુવાદ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં સાધ્વી કૃપાબાઈ મ.સ.ના ત્યાગ, તપસ્યા, સંયમ, જ્ઞાન અને સમાજ સેવાના ગુણોનું સ્મરણ કરવામાં આવ્યું. અનેક મહાનુભાવો અને ધર્મગુરુઓએ તેમના જીવન પર પ્રકાશ પાડીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.આ ગુણાનુવાદ સભામાં પારસમુની મ.સા, સંઘાણી સંપ્રદાયના પંથકમુનિ મ.સા, ડુંગર દરબારના મહાસતજીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાજકોટ જૈન સમાજના અગ્રણીઓ જેવા કે હરીશ વોરા, ચંદ્રકાંત શેઠ, મનોજ ડેલીવાડા, સિરીશ બાટવિયા, કિરીટ શેઠ, ધનિશ દેસાઈ, નંદલાલ કામદાર, સુરેશ કામદાર સહિતના ભાવિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.તમામ ભક્તોએ કૃપાબાઈ મ.સ.ના ગુણોનું વર્ણન કરતા જણાવ્યું કે તેમનું જીવન ત્યાગ, તપસ્યા અને જ્ઞાનનું પ્રતીક હતું. તેમના નિધનથી જૈન સંપ્રદાયે એક મહાન વિભૂતિ ગુમાવી છે, પરંતુ તેમના આદર્શો અને ઉપદેશો હંમેશા માર્ગદર્શક બની રહેશે.





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

### બધેકા ચેરીટેબલ અને બોલબાલા ટ્રસ્ટ દ્વારા

# ડાયાબિટીક ફુટ તથા ન રૂઝાતા અલ્સરનો નિદાન-સારવાર કેમ્પ

## ૭મીએ વિજ્ઞાન કેન્દ્ર ખાતે સેમિનાર અને ૮મીએ વિનામૂલ્યે સારવાર કેમ્પઃ દેશના નામાંકિત ડો.બી.એસ. નાગોબા સેવા આપશે

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્રની સેવાભાવી સંસ્થા બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ વિજ્ઞાન ક્ષેત્રે અગ્રેસર બધેકા ટ્રસ્ટ ફોર એજ્યુકેશન કલ્ચર સાયન્સ એન્ડ હ્યુમેનિટીઝના સંયુક્ત ઉપક્રમે એક ડાયાબિટીસ ફૂટ તથા અલ્સર પર સંશોધનનાત્મક ઉપચાર અંગેનો સેમીનાર તથા ડાયગ્નોસ્ટિક ઉપચાર કેમ્પનું આયોજન આગામી તારીખ સાત જૂન અને આઠ જૂન ના રોજ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.



આ કેમ્પમાં મહારાષ્ટ્રના વાયરોલોજીના વિજ્ઞાની ડોક્ટર બી.એસ. નાગોબા કે જેમણે અગણિત શોધ પેપરો આ વિષયોમાં બહાર પાડ્યા છે તેમના લેખો રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય જનરલમાં છપાયા છે અનેકવિધ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય એવોર્ડ જીતેલા છે તથા ડાયાબિટીસ ફૂટ, દાઝવાના બન્સ તેમજ એન્ટીબાયોટીક રેઝીસન્સ ઘા ના ઉપચાર ક્ષેત્રે જેમણે ૫,૦૦૦ થી પણ વધુ દર્દીઓની અક્સિર સારવાર કરેલ છે.

સારવારની થીયરી પ્રેક્ટીકલ સમજણ માટે રાજકોટના સુપ્રસિદ્ધ ઓર્થોપેડિક સર્જનો પ્લાસ્ટિક સર્જનો જનરલ સર્જનો જનરલ ફિઝિશિયનો ને તારીખ ૭ જૂનના સાંજે લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે સાંજે ૬ થી ૯ આમંત્રણ આપેલ છે જેમાં ડોક્ટર નાગોબા સારવાર ની રીત પદ્ધતિ અંગે સમજણ આપશે તેમજ આ જ ડોકટરોમાંથી તારીખ ૮ જૂન (રવિવારે) સવારે ૯:૦૦ વાગે હતી. બોલબાલા ભવન, કાલાવડ રોડ ખાતે રજીસ્ટ્રેશન કરાવી ગયેલા ડાયાબિટીસ ફૂટ તથા નહીં રુજાતા અલ્સરના દર્દીઓને તપાસી તેમજ નવ સંશોધિત થેરાપીનો ઉપયોગ કરી દર્દીઓને રાહત આપશે આ અંગેના દર્દીઓને તેમના નામ રજીસ્ટ્રેશન માટે શનિવાર સુધી રોજ સાંજે ૫ થી ૭ સેન્ટર બોલબાલા ભવન-જીવન વિહાર સોસાયટી, અમરનાથ ચોક પાસે, બીએપીએસ સ્વામિનારયણ મંદિર પાછળ, પ્રેમવતી વાળી શેરી, સહકાર મેઈન રોડ, વૈશાલી નગર ૧૦ ના છેડે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે અગાઉથી નોંધણી કરાવવા જાહેર અપીલ કરવામાં આવી છે.

સમગ્ર આયોજનને સરળ બનાવવા માટે બોલબાલા ચેરીટેબલના ચેરમેન જયેશભાઈ ઉપાધ્યાય અને તેમના સાથી મિત્રો તેમજ બધેકા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સર્વે ડો. લક્ષ્મણ ચાવડા, પિયુષભાઈ મહેતા, ડો. અવિનાશ મારુ, ડો. ગૌરાંગ દવે, ડો. અનામિક શાહ, કિશોરભાઈ ત્રિવેદી તેમજ છે કલ્પક મણિયાર તથા લોક વિજ્ઞાન કેન્દ્રના મેનેજીંગ ટ્રસ્ટી કિશોરભાઈ હેમાણી, ડો. રમેશભાઈ ભાયાણી, મિનેષભાઈ મેઘાણી, જીતેશભાઈ પંડિત તેમજ સમગ્ર પ્રોજેક્ટના કોર્ડીનેટર અને રાજકોટના નામાંકિત તબીબ છે ડો. વિભાકર વછરાજાની, ડો. ભૌમિક ભાયાણી તેમજ હિતેશ પોપટ જહેમત ઉઠાવી રહેલ છે.

# સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફ્ટીના કોન્ટ્રાક્ટમાં મનમાની કરાતી હોવાની કોંગ્રેસની રજૂઆત

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફ્ટીના નામે કરોડો રૂપિયાના બિલ પાસ કરાવી મુવિધાના નામે લોલીપોપ આપતા અધિકારીઓ છેલ્લા કેટલાય વર્ષોથી કોંગ્રેસ દ્વારા આ ભષ્ટાચારને ઉજાગર કરવામાં આવ્યો હોવા છતાં સિવિલની માનીતી એજન્સીઓના બિલ પાસ કરાવીને પ્રજાના રૂપિયા લૂંટવામાં આવી રહ્યા છે. નવી ફાયર મેકરી નું ટેન્ડર
૨૦ લાખ રૂપિયાનું રાખવામાં આવ્યું એ જોતા જ લાગે કે સિવિલ તંત્ર અને ફાયર એજન્સીની મિલી ભગત છે કારણ કે ફાયર ના સાધનો હિસાબ માંડીએ તો આખી સિસ્ટમ ચાલુ કરવા માટે અંદાજિત કિંમત દોઢ થી બે કરોડ રૂપિયા થાય અને ટેન્ડર બહાર પાડવામાં આવે માત્ર ૨૦ લાખ રૂપિયાનું એટલે કોઈ અન્ય એજન્સી આમા હાથ નાખે નહીં અને ફરીથી કોન્ટ્રાક્ટ જૂની એજન્સીને જ મળે અને નવા સાધનોના ખરીદીના નામે તથા જૂના સાધનોના રિપેરિંગના નામે ધીમે ધીમે લાખોના બિલ પાસ કરાવી કરોડો રૂપિયા ભેગા કરી લે છે છેલ્લા કેટલાય સમયથી ફાયરના આ અડધા સાધનો બંધ હાલત છે ફાયર બાટલાઓના સર્ટિફિકેટમાં પણ ગફલા જોવા મળી રહ્યા છે. હોસ્પિટલ બીજા ટીઆરપી કાંડની રાહ જોઈ રહ્યું હોય તેવું જણાઈ રહ્યું છે. સ્ટેચરના વ્હીલ એકદમ જામ હોય છે લોખંડના સ્પીડ બ્રેકર ઉપરથી પસાર થવું ખુબજ મુશ્કેલ થઈ શકે છે .રાજકોટ કોંગ્રેસ હાથ સે હાથ જોડો સમિતિ પ્રમુખ કલ્પેશ ભાઈ કુંડલિયા દ્વારા લોકહિત માં વારંવાર સિવિલ તંત્રને આવેદન પત્રો પાઠવી પ્રશ્નોનો ઉકેલ લાવવા માંગ કરવામાં આવી છે



# શહેરમાં કોરોનાનો વધતો પ્રકોપ નવા આઠ કેસ મળી આવ્યા

## મવડી, અંબિકા પાર્ક, સરદાર ટાઉનશીપ, લક્ષ્મીનગર, કોઠારિયા રોડ, વિરાણી ચોક, ખત્રીવાડ અને જીવંતીકાનગરમાં નવા કેસઃ કુલ કેસનો આંક ૨૩ થયો

**અબતક,રાજકોટ**

રાજકોટમાં સતત કોરોનાનો પ્રકોપ વધી રહ્યો છે. આજે શહેરમાં કોવિડના નવા આઠ કેસ મળી આવ્યા હતા. છેલ્લા ૧૨ દિવસમાં કોરોનાના કુલ ૨૪ કેસ નોંધાયા છે. જે પૈકી એક દર્દી સાજા થઈ ગયા છે. જયારે ૨૩ હાલ સારવાર હેઠળ છે. કોર્પોરેશનના મુખ્ય આરોગ્ય અધિકારી જયેશ વાકાણીના જણાવ્યાનુસાર આજે શહેરમાં કોરોનાના નવા આઠ કેસ નોંધાયા છે. શહેરના વોર્ડ નં.૧૨માં મવડી વિસ્તારમાં ૨૭ વર્ષિય પુરૂષ વોર્ડ નં.૮ના અંબિકા પાર્કમાં ૬૮ વર્ષિય મહિલા, વોર્ડ નં.૧૮માં સરદાર ટાઉનશીપ વિસ્તારમાં ૨૮ વર્ષિય પુરૂષ, વોર્ડનં.૮માં લક્ષ્મીનગરમાં ૩૨ વર્ષિય પુરૂષ, વોર્ડ નં.૧૭માં કોઠારીયા રોડ પર ૩૫ વર્ષિય પુરૂષ, વોર્ડ નં.૭માં ૨૨ વર્ષિય મહિલા અને ખત્રીવાડમાં ૨૧ વર્ષિય પુરૂષ અને વોર્ડ નં.૧ જીવંતીકાનગરમાં ૩૧ વર્ષિય પુરૂષનો કોરોના રિપોર્ટ પ્રોઝિટિવ આવ્યો છે.

તમામ સંક્રમિતઓ વેકિસનના એક અથવા બે ડોઝ લઈ લીધા છે. માત્ર બે દર્દીઓ અમદાવાદની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. શહેરમાં ગત ૧૯મી મેથી આજ સુધીમાં કોરોનાના કુલ ૨૪ દર્દીઓ નોંધાયા છે જે પૈકી એક દર્દી સાજા થઈ ગયા છે. બાકીના તમામ ૨૩ દર્દીઓ હજી આઈસોલેશન હેઠળ છે. તમામની હાલત સ્ટેબલ છે.

# પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકોનો બદલી કેમ્પ ૧૫ જૂન પહેલા પૂર્ણ કરી દેવા આદેશ

**તાલુકા અને જિલ્લા ફેર બદલી કેમ્પ હાલમાં જે શિક્ષકોએ બદલી અંગે અરજી કરેલી હોય તે તેમજ નવેસરથી બદલી અંગેની અરજી મેળવી અથવા અગાઉ બદલી અંગે કરેલી અરજીમાં સુધારો કરવા માગતા હોય તો તે રીતે અરજી મેળવી બદલી અંગેના નિયમો મુજબ બદલી અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે**

**અબતક, રાજકોટ**

રાજ્યની પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોની બદલીમાં સિનિયોરિટીની ગણતરીની વિસંગતામાં ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં વિલંબ થતાં તાજેતરમાં પૂર્ણ થયેલા જિલ્લાફેર બદલી કેમ્પમાં ઘણા આચાર્યોએ અરજીઓ કરી નહોતી. જેના પગલે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને બીજી વખત કેમ્પ યોજના માટેની મંજૂરી આપતો પરિપત્ર પ્રસિદ્ધ કરાયો હોવાનું જાણવા મળે છે. જેમાં શિક્ષણ વિભાગે ૧૫ જૂન પહેલા કેમ્પની કાર્યવાહી પૂર્ણ કરવા માટેની સૂચના આપી હોવાનું જાણવા મળે છે. જેથી આગામી દિવસોમાં રાજ્યમાં ફરી બદલી અંગેની કાર્યવાહીનો ધમધમાટ જોવા મળશે.પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકની આંતરિક બદલી કેમ્પ બાદ જિલ્લાફેર બદલીના કેમ્પમાં અરજી કરતી વખતે છેલ્લા શાળામાં હાજર થયાની તારીખ ધ્યાને લેવામાં આવતી હતી. જેથી ત્રણ વર્ષ પૂર્ણ થયા ન હોવાથી ઘણા આચાર્ય જિલ્લાફેર બદલી કેમ્પમાં ભાગ લઈ શકતાં નહોતા. આ વિસંગતામાં સુધારો કરવા માટે રજૂઆતો ઉઠી હતી. જેથી નવા સુધારા મુજબ મુખ્ય શિક્ષકની જિલ્લાફેર બદલી કેમ્પમાં પણ નિમણૂક થયાની તારીખને ધ્યાને લેવાની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ આ ફેરફાર જિલ્લાફેર બદલી કેમ્પમાં સિનિયોરિટીની યાદી જાહેર થયા બાદ કરવામાં આવ્યો હતો. જેથી અરજી કરવાની મૂદત વખતે સુધારો થયેલો ન હોવાથી ઘણા શિક્ષકો અરજી કરી શક્યા ન હતા. જેથી કેમ્પ અંગેની તેમની રજૂઆતના પગલે શિક્ષણ વિભાગ દ્વારા ફરી જનરલ કેમ્પ યોજવાની મંજૂરી આપી છે. જેમાં જણાવાયું છે કે, ઘણા મુખ્ય શિક્ષકોને જિલ્લા આંતરિક બદલી કેમ્પનો લાભ મળી શક્યો ન હતો. જેથી તાલુકા અને જિલ્લા ફેર બદલી કેમ્પ હાલમાં જે શિક્ષકોએ બદલી અંગે અરજી કરેલી હોય તે તેમજ નવેસરથી બદલી અંગેની અરજી મેળવી અથવા અગાઉ બદલી અંગે કરેલી અરજીમાં સુધારો કરવા માગતા હોય તો તે રીતે અરજી મેળવી બદલી અંગેના નિયમો મુજબ બદલી અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જિલ્લા આંતરિક અને જિલ્લા ફેરબદલી કેમ્પ અગ્રતાધોરણે યોજવામાં અને શક્યતઃ ૧૫ જૂન પહેલા પૂર્ણ થાય તે રીતે કાર્યવાહી કરવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને સૂચના આપી છે. ત્યારબાદ જિલ્લા અસરપરસ બદલી કેમ્પ કરવામાં આવશે અને ત્યારબાદ પ્રાથમિક શિક્ષણો પૈકી જે મુખ્ય શિક્ષક થવાની ભરતી નિયમો મુજબ આવશ્યક લાયકાત તેમજ અનુભવ ધરાવતા હોય તેઓએ મુખ્ય શિક્ષક તરીકે બઢતી આપવાની કાર્યવાહી બદલી કેમ્પની કાર્યવાહી પૂર્ણ થા બાદ સત્વરે હાથ ધરી પૂર્ણ કરવા માટે પણ જણાવાયું છે.

# શાળાએ પ્રવાસ કરવો હશે તો પોલીસકર્મી સાથે રાખવા પડશે!

## રાજ્ય સરકારે શાળા પ્રવાસને લઈને મોટો નિર્ણય જાહેર કર્યોઃ પોલીસકર્મીની સાથે સાથે લોકલ પોલીસ સ્ટેશનમાં પણ જાણ કરવી પડશે

**અબતક, રાજકોટ**

વડોદરામાં શાળા તરફથી પ્રવાસ લઈ ગયેલાં અનેક બાળકો હરણી બોટકાંડમાં મોતને ભેટ્યાં હતાં. ત્યાબાદ સરકાર દ્વારા તમામ શાળાઓને બાળકોને પ્રવાસ લઈને નવી ગાઈડ લાઈન જાહેર કરી હતી. ત્યારે હવે રાજ્ય સરકારે શાળા પ્રવાસને લઈને મોટો નિર્ણય જાહેર કર્યો છે. જેમાં હવેથી શાળા પ્રવાસ દરમિયાન બે પોલીસ કર્મી સાથે રહેશે. જો આ પ્રવાસમાં વિદ્યાર્થીઓની હોઈ તો મહિલા પોલીસકર્મી સાથે રહેશે. આ ઉપરાંત શાળાએ લોકલ પોલીસ સ્ટેશનને પ્રવાસ અંગે જાણ કરવી પડશે. પીએમ મોદીએ ડીજીપી કોન્ફરન્સમાં કરેલા સૂચન પર અમલીકરણ કરવામાં આવશે. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી વિકાસ સહાય દ્વારા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના અગ્ર સચિવને એક પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં અન્વયે રાજ્યની તમામ (સરકારી/અર્ધસરકારી/પ્રાઈવેટ) શાળાના આચાર્યઓને સૂચના આપવામાં આવી છે. જેમાં ઉલ્લેખ કર્યો છે કે હવે વિદ્યાર્થીઓ માટે આયોજીત થતી પ્રવાસ/ટુર/પિકનિક/મુલાકાત દરમિયાન ગણવેશધારી ૦૨ પોલીસ કર્મચારીને સાથે હાજર રાખવા, શાળાના આચાર્યઓએ ઉપરોક્ત કામગીરી માટે લોકલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો અને જો પ્રવાસ/ટુર/પિકનિક/મુલાકાત મહિલા વિદ્યાર્થીનીઓની હોય તો, મહિલા પોલીસકર્મીઓને સાથે રાખવા પડશે.

ઉલ્લેખનીય છે કે, હરણી બોટ દુર્ઘટના બાદ શાળાઓના શૈક્ષણિક પ્રવાસો પર રોક લગાવાઈ હતી અને શિક્ષણ વિભાગે કડક પગલાં લેતાં તમામ પ્રકારના શૈક્ષણિક પ્રવાસો માટે મંજૂરી વગર બહાર જવાનો પ્રતિબંધ મૂક્યો હતો. આ અનિચ્છનીય ઘટના બાદ, વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે શૈક્ષણિક પ્રવાસો માટે નવા નિયમો ઘડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને ૮ મહિના પૂર્વે એક ગાઈડલાઈન જાહેર કરી હતી અને હવે તેમાં નવા બે નિયમોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

# વર્ધમાન ચેરી. ટ્રસ્ટ આયોજીત દંતયજ્ઞમાં ૨૨ વડીલોને બત્રીસી અર્પણ કરાઈ

**અબતક, રાજકોટ**

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા ધીરગુરુદેવની પ્રેરણા થી બહન્વાદ પાસે ના કલ્યાણ પુર ખાતે બત્રીસી અર્પણ વિધી કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં ખાસ હાજર રહેલ સરકારી હોસ્પિટલના ડો. અચ્યુતસિંહ ચૌહાણ અને લખમણભાઈ ના હસ્તે ૨૨ વડીલોને બત્રીસી અર્પણ કરાઈ બત્રીસી ફીટીંગ અને તે અંગની સમજણ ડો. જયસુખભાઈ મકવાણા એ આપેલ અને તેમની ટીમ મોનિકા ભટ્ટઃ, જાગૃતિ ચૌહાણ, રામીબેન આહિર, અને હસુભાઈ મકવાણા સેવા આપેલ.



# પર્યાવરણના રક્ષણ માટે જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળની ત્રિદિવસીય પહેલ

**અબતક,રાજકોટ**

હાલના સમયમાં દેશ અને દુનિયા માટે સૌથી મોટો ચિંતાનો વિષય હોય તો તે બગડતા જતા પર્યાવરણ અને વધતા જતા પ્રદૂષણનો છે. જો સમગ્ર માનવજાત સમયસર જાગૃત નહીં થાય તો માનવજાત અને જીવસૃષ્ટિને ભયંકર રોગના લપેટમાં આવી જતા વાર નહીં લાગે અને સમગ્ર જીવસૃષ્ટિને જીવવું અતિ મુશ્કેલ બની જશે. આવા ચિંતાજનક સમયમાં લોક જાગૃતિ માટે રાજકોટ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ત્રિદિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આગામી જુન માસની તારીખ ૩, ૪ અને ૫ તારીખે યોજાનાર આ કાર્યક્રમમાં પહેલા દિવસે કાર્યક્રમને ઓપ આપવા સવારના સમયે રચનાત્મક કાર્યો કરતા અગ્રણી નાગરિકોની એક મિટિંગ, બીજા દિવસે પર્યાવરણ બચાવો માનવજીવન અને જીવસૃષ્ટિ બચાવો અભિયાન અંતર્ગત એક જન જાગૃતિ રેલી અને છેલ્લા દિવસે પર્યાવરણ બચાવો માનવજીવન અને જીવસૃષ્ટિ બચાવો અભિયાન અંતર્ગત એક વાર્તાલાપ અને ચર્ચા સભાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં શહેરના વિવિધ ક્ષેત્રના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહેશે તેમ રાજકોટ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના ચીફ કોઓર્ડિનેટર એડવોકેટ હિંમતભાઈ લાબડીયાએ જણાવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ યશવંતભાઈ જનાણી, ચીફ કોઓર્ડિનેટર એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, મહામંત્રી આર. વી. સોલંકી, કાર્યવાહક મંત્રી ભાવેશભાઈ આચાર્ય, પ્રકાશભાઈ મોરી, ધર્મેન્દ્રભાઈ ગઢવી વગેરે કાર્યરત્ છે.

# કેવાયસી સહિતના પ્રશ્નો ન ઉકેલાતા સોમવારથી અનાજ વિતરકો આંદોલનના માર્ગે

## સરકારે ૬ મહિને પણ કેવાયસીનું વળતર ન ચૂકવતાં આંદોલન સાથે અનાજ વિતરણ પણ બંધ કરશે

**અબતક, રાજકોટ**

ઈ- કેવાયસી ની પ્રક્રિયા પૂર્ણ કરવામાં રાજ્ય સરકાર નિષ્ફળ રહી છે ત્યારે વ્યાજબી ભાવની દુકાનના દુકાનદારો પર દોષનો ટોપલો ઢોળવામાં આવી રહ્યો છે. કેવાયસી સહિત વિવિધ પ્રશ્નો ન ઉકેલાતાં હવે દુકાનદારોએ સરકાર સામે મોરચો માંડ્યો છે. ગુજરાતમાં ૧૭ હજાર દુકાનદારોએ તા.૧લી જૂનથી અનાજનું વિતરણ નહી કરવા નિર્ણય કર્યો છે. તેમનો આરોપ છેકે, કેવાયસી પૂર્ણ કરવામાં સરકાર સદંતર નિષ્ફળ રહી છે ત્યારે દુકાનદારો પર દબાણ કરવુ યોગ્ય નથી. વાસ્તવમાં સરકારે ઘેર ઘેર જઈને આખીય પ્રક્રિયા આટોપી લેવી જોઈએ. કેવાયસી પ્રક્રિયામાં અનેક વિસંગતતા ઉભી થઈ છે જેના લીધે પુરવઠા વિભાગ અને વ્યાજબી ભાવની દુકાનના દુકાનદારો આમને સામને આવ્યાં છે. દુકાનદારોને પડતી મુશ્કેલીઓના મામસે ફેર પ્રાઈસ શોપ એન્ડ કેરોસીન ડીલર્સ એસોસિએશનની એક બેઠક મળી હતી જેમાં એવી ચર્ચા કરવામાં આવી કે, કેવાયસી પૂર્ણ કરવા માટે દુકાનદારો પર દબાણ કરવામાં આવી રહ્યુ છે. પણ હકીકતમાં કેવાયસીનું કામ પૂર્ણ કરવાની જવાબદારી પુરવઠા વિભાગની છે. મહત્વની વાત એ છેકે, ૬ મહિનાથી દુકાનદારો કેવાયસીની કામગીરી કરી રહ્યાં છે પણ હજુ સુધી વળતર ચુકવાયું નથી. માત્ર પાંચ રૂપિયા મહેનતાણું મળી રહ્યુ છે. દુકાનદારોની માંગ છેકે, હવે રૂ.૨૫ મહેનતાણું મળવુ જોઈએ. દુકાનદારોએ ચિમકી ઉચ્ચારી છેકે, જો રાજ્ય પુરવઠા વિભાગ ઈ કેવાયસી પ્રક્રિયા ૧૦૦ ટકા પૂર્ણ નહીં કરે તો તા,૧ જૂનથી અનાજ વિતરણ વ્યવસ્થા કરાશે નહીં. સરકાર વિરૂદ્ધ કોર્ટમાં જઈ લડત લડવા પણ તૈયારી દર્શાવાઈ છે. અન્ય પ્રશ્નો મુદ્દે દુકાનદારોનું કહેવુ છેકે, દુકાનમાં જેટલાં કાર્ડ હોય તે બધાય કાર્ડ પર અનાજ વિતરણ થાય તો જ રૂા.૨૦ હજાર કમિશન મળે છે જે યોગ્ય નથી. પુરવઠા વિભાગનો આગ્રહ છેકે, દુકાનદારો બે મહિનાનો અનાજનો જથ્થો ખરીદે. પણ નાની દુકાન હોય તો, અનાજનો જથ્થો મુકવો ક્યાં? એ સવાલ ઉભો થયો છે. લાખો રૂપિયા ખર્ચીને બારકોડ રેશનકાર્ડ સિસ્ટમ અમલી બનાવાઈ છે પણ હજુય સર્વરના ઠેકાણાં નથી. કેવાયસીના નામે જે પરિવારોનુ અનાજ બંધ કરાયુ છે તે ચાલુ કરવા માંગ કરવામાં આવી છે. ખાસ કરીને નાના બાળકો-વૃદ્ધોની ફિંગર પ્રિન્ટ-ફોટો આવતો નથી તેમનું અનાજ સુદ્ધાં બંધ કરી દેવાયુ છે ત્યારે આ પરિવારોને રાહત આપવા પણ માંગ કરાઈ છે. કોરોનામાં કેટલાંય દુકાનદારોના મૃત્યુ થયાં છે ત્યારે સરકારની જાહેરાત પછી પણ હજુ સુધી રૂા.૨૫ લાખની સહાય ચૂકવાઈ નથી. આમ, વ્યાજબી ભાવની દુકાનના દુકાનદારોએ સરકાર સામે બાંયો ચડાવી છે.

# કોંગ્રેસ છેલ્લી પાયરીએ: સરકારી કોન્ટ્રાકટમાં પણ મુસ્લિમ અનામત !!

## કર્ણાટકમાં એક કરોડ સુધીના સિવિલ કોન્ટ્રાકટમાં મુસ્લિમો માટે ૪ ટકા અનામતની જોગવાઈ: રાજયપાલે બે વખત બીલ પરત મોકલ્યું

**અબતક, રાજકોટ**

ભારત હવે જ્ઞાતિ-જાતિના વાડા તોડી વિકાસની રાજનીતિના પંથે આગળ વધી રહ્યું છે. દેશની સૌથી જૂની રાજકીય પાટી એક તરફ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ઝઝૂમી રહી છે. બીજી તરફ તૃષ્ટીકરણ અથયવા બીજા શબ્દોમાં કહીએ જ્ઞાતિવાદ આધારિત રાજનીતિને વધુ પવન આપી રહી છે. કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં રાજય સરકાર દ્વારા સરકારી કોન્ટ્રાકટમાં પણ મુસ્લિમોને અનામત આપવાનું નકકી કર્યું છે. ૧ કરોડથી વધુના સિવિલ કોન્ટ્રાકટમાં ૪ ટકા મૂસ્લિમ અનામતની જોગવાઈનું બીલ રાજયપાલ દ્વારા બે વખત પરત મોકલવામાં આવ્યું છે.

અનામતના કારણે ભારતના વિકાસ પર વિપરિત અસર પડી રહી છે. અભ્યાસમાં અનામત, નોકરીમાં અનામત, પ્રમોશનમાં અનામત, આવાસની ફાળવણીમાં અનામત, ચૂંટણીમાં અનામત સુધીની વાત દેશવાસીઓએ સ્વીકારી લીધી હતી. અનામતનું દુષણ હવે કોઈકાળે કાઢી શકાય તેમ નથી. કર્ણાટકની કોંગ્રેસ સરકારે તો હવે તૃષ્ટીકરણની રાજનીતિમાં હદ વટાવી દીધી છે. સરકારી કોન્ટ્રાકટમાં જે એજન્સી કે કંપની ખરેખર લાયક હોય અથવા નીચા ભાવે ગુણવતા યુકત કામ કરી આપવાની ઓફર આપતી હોય તેને કોન્ટ્રાકટ આપવામાં આવતો હોય છે. પરંતુ છેલ્લી પાયરીએ બેસેલી કર્ણાટકની કોંગ્રેસ સરકારે સિવિલ કોન્ટ્રાકટમાં પણ મુસ્લિમ અનામતની જોગવાઈ કરી છે. આ ખરેખર દેશવાસીઓ માટે સૌથી નિરાશાજનક બાબત છે.

કર્ણાટક ટ્રાન્સપરન્સી ઈન પબ્લિક પ્રોક્યોરમેન્ટ (સુધારા) બિલ, ૨૦૨૫' ને લઈને રાજકીય અને બંધારણીય સ્તરે એક મોટી ગુંચવણ ઊભી થઈ છે. આ બિલ, જે કર્ણાટકની કોંગ્રેસ સરકાર દ્વારા વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું, તે ₹૧ કરોડ સુધીના સિવિલ કોન્ટ્રાકટમાં મુસ્લિમો માટે ૪% અનામતની જોગવાઈ કરે છે. આ ઉપરાંત, તેમાં માલ અને સેવાઓ માટેના સરકારી ટેન્ડરમાં અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટેના વર્તમાન ક્વોટા પણ શામેલ છે.રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે આ બિલને બે વખત રાજ્ય સરકારને પરત મોકલી આપ્યું છે. તેમનું સ્પષ્ટ વલણ છે કે આ બિલને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની મંજૂરી માટે મોકલવું જોઈએ. રાજ્યપાલના મતે, આ બિલ બંધારણીય જોગવાઈઓ અને અનામત સંબંધિત સર્વોચ્ચ અદાલતના અગાઉના ચુકાદાઓ સાથે સુસંગત છે કે કેમ તે અંગે રાષ્ટ્રપતિનો અભિપ્રાય લેવો અત્યંત જરૂરી છેઆ મુદ્દે ભારતીય જનતા પાર્ટી એ પણ સખત વાંધો ઉઠાવ્યો છે. ભાજપે દલીલ કરી છે કે ધર્મના આધારે અનામત આપવું એ ભારતીય બંધારણની જોગવાઈઓનું ઉલ્લંઘન છે. તેમણે રાજ્યપાલને આ બિલને મંજૂરી ન આપવા અને તેને રાષ્ટ્રપતિને મોકલવા માટે વિનંતી કરી હતી.રાજ્યપાલે જ્યારે બિલ પરત મોકલ્યું, ત્યારે કર્ણાટક સરકારે સુધારા કર્યા વિના જ બિલને ફરીથી રાજભવન (રાજ્યપાલ કાર્યાલય) માં મોકલ્યું. આ વખતે સરકારે પોતાના વલણને યોગ્ય ઠેરવતા વિગતવાર સ્પષ્ટતાઓ શામેલ કરી હતી અને રાજ્યપાલને બિલને મંજૂરી આપવા વિનંતી કરી હતી. તેમ છતાં, રાજ્યપાલ ગેહલોત તેમના નિર્ણય પર અડગ રહ્યા અને બીજી વખત બિલને રાજ્ય સરકારને પરત મોકલ્યું, પુનરોચ્ચાર કરતા કે તેને રાષ્ટ્રપતિને જ મોકલવું જોઈએ.

રાજ્યપાલના આ નિર્ણય બાદ કર્ણાટક સરકાર મુશ્કેલીમાં મુકાઈ છે. કાયદા અને સંસદીય બાબતોના મંત્રી એચ.કે. પાટીલે આગામી કાર્યવાહી નક્કી કરવા માટે વરિષ્ઠ અધિકારીઓ અને કાનૂની નિષ્ણાતો સાથે બેઠક યોજવાનું આયોજન કર્યું હતું, જોકે તે બેઠક મુલતવી રાખવામાં આવી છે. શુક્રવારે (આજે) મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની અધ્યક્ષતામાં યોજાનારી બેઠક દરમિયાન આ મુદ્દા પર અનૌપચારિક ચર્ચા થવાની શક્યતા છે.હાલ કર્ણાટક સરકાર નિષ્ણાતો સાથે ચર્ચા કરીને આગળનો માર્ગ નક્કી કરી રહી છે. બિલને રાષ્ટ્રપતિને મોકલવું: આ સૌથી સંભવિત માર્ગ છે, કારણ કે રાજ્યપાલનો આગ્રહ સ્પષ્ટ છે અને કાનૂની નિષ્ણાતોએ પણ રાજ્યપાલના નિર્ણયને કોર્ટમાં પડકારવા સામે સલાહ આપી છે. જોકે, રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી મળવામાં સમય લાગી શકે છે અને તેમનો નિર્ણય સરકારની તરફેણમાં ન પણ આવે. સરકારે શરૂઆતમાં રાજ્યપાલના નિર્ણયને કોર્ટમાં પડકારવાનું વિચાર્યું હતું. જોકે, અહેવાલો અનુસાર, બંધારણીય નિષ્ણાતોએ કાનૂની કાર્યવાહી સામે સલાહ આપી છે. તેમનું માનવું છે કે આવું કરવાથી મામલો વધુ ગુંચવાઈ શકે છે અને સંભવતઃ કાનૂની વિવાદમાં લાંબો સમય ફસાઈ શકે છેઆ બિલ કર્ણાટકમાં મુસ્લિમ સમુદાય માટે અનામતની જોગવાઈ કરતું હોવાથી અત્યંત રાજકીય અને સામાજિક મહત્વ ધરાવે છે. જો આ બિલ કાયદો બનશે, તો સરકારી કોન્ટ્રાક્ટ અને ટેન્ડરમાં મુસ્લિમ સમુદાયને ફાયદો થઈ શકે છે. આ સમગ્ર પ્રકરણ કર્ણાટકમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેના રાજકીય ઘર્ષણને તેમજ રાજ્યપાલની બંધારણીય ભૂમિકા અને રાજ્ય સરકારની કાયદાકીય સત્તાઓ વચ્ચેના સંતુલનને ઉજાગર કરે છે. આ મુદ્દો આગામી સમયમાં કર્ણાટકના રાજકારણમાં અને અનામતની નીતિમાં એક મહત્વપૂર્ણ વળાંક સાબિત થઈ શકે છે.

### આરબીઆઈની બેલેન્સ શીટ રૂ. ૭૬ લાખ કરોડને પાર

# આર્થિક મજબૂતાઈનું મુખ્ય પરિબળ રિઝર્વ બેંક શા માટે શક્તિશાળી બન્યું ??

## દેશની આર્થિક મજબૂતીનો સંકેત: આરબીઆઈની સોનાની સંપત્તિ ૫૭ ટકા વધી ચાર લાખ કરોડને પાર પહોંચી

**અબતક, રાજકોટ**

ભારતીય રિઝર્વ બેંક વૈશ્વિક ભૂ-રાજકીય તણાવ અને નાણાકીય બજારની અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતની આર્થિક સુરક્ષાને મજબૂત કરવા માટે મહત્ત્વના પગલાં લઈ રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં આરબીઆઈની બેલેન્સ શીટ ૮.૨ ટકા વધીને ₹૭૬ લાખ કરોડ થઈ છે, જેમાં વિદેશી હૂંડિયામણ ભંડાર (ફોરેક્સ રિઝર્વ) ૭૪ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે.

કેન્દ્રીય બેંકના વાર્ષિક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન આરબીઆઈના સોનાના ભંડારમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં, આરબીઆઈની સોનાની સંપત્તિનું મૂલ્ય (સોનાના થાપણો સહિત) ૫૭.૧૨ ટકાના વધારા સાથે ₹૪,૩૧,૬૨૪.૮ કરોડ પર પહોંચી ગયું છે, જે ગયા વર્ષના ₹૨,૭૪,૭૧૪.૨૭ કરોડની સરખામણીમાં ઘણો વધારે છે. આ વૃદ્ધિ મુખ્યત્વે ૫૭.૪૮ મેટ્રિક ટન સોનાના ઉમેરાને કારણે થઈ છે, જેના કારણે કુલ સોનું ૮૭૯.૫૮ મેટ્રિક ટન પર પહોંચ્યું છે (૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ ૮૨૨.૧૦ મેટ્રિક ટન હતું). આ ઉપરાંત, વૈશ્વિક બજારમાં પીળી ધાતુના ભાવમાં થયેલો ઉછાળો અને યુએસ ડોલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં આવેલો ઘટાડો પણ આ વધારામાં ફાળો આપ્યો છે.

આ સાથે આરબીઆઈના વાર્ષિક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫માં ચલણી નોટોની સંખ્યામાં લગભગ ૨૫% નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે ૫,૧૦૧.૪ કરોડ રૂપિયાથી વધીને ૬,૩૭૨.૮ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ વધારો મુખ્યત્વે બેંકનોટ છાપવા માટેના વધુ ઈન્ડેન્ટ (માંગ) ને કારણે થયો છે. કુલ ચલણમાં રહેલી નોટોનું મૂલ્ય ૬% વધ્યું છે, જ્યારે નોટોની સંખ્યા (વોલ્યુમ) માં ૫.૬% નો વધારો થયો છે. મૂલ્યવર્ગ મુજબ, ૫૦૦ રૂપિયાની નોટોનો હિસ્સો વોલ્યુમની દ્રષ્ટિએ સૌથી મોટો, ૪૦.૯% રહ્યો છે, ત્યારબાદ ૧૦ રૂપિયાની નોટોનો હિસ્સો ૧૬.૪% હતો.



આરબીઆઈ ‘‘અનામતોના શસ્ત્રીકરણ‘‘ ના વધતા જોખમ અંગે ચિંતિત છે. આનો અર્થ એ થાય કે ભવિષ્યમાં કોઈપણ ભૂ-રાજકીય સંઘર્ષની સ્થિતિમાં, અન્ય દેશો ભારતની વિદેશમાં રાખેલી સંપત્તિઓ પર પ્રતિબંધ લગાવી શકે છે. આ જોખમનો સામનો કરવા માટે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પોતાની રોકાણ વ્યૂહરચના બદલી રહી છે. હવે તેઓ સંપત્તિના વિવિધ પ્રકારો, અલગ-અલગ ચલણ અને જુદા-જુદા દેશોમાં રોકાણ કરીને વૈવિધ્યકરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આનાથી તેમની સંપત્તિઓ સલામત, પ્રવાહી અને સારું વળતર આપે તેની ખાતરી કરી શકાય છે.

હાલમાં, ભારતના વિદેશી વિનિમય અનામત મુખ્યત્વે યુએસ ડોલરની સંપત્તિમાં છે, જેમાં નોંધપાત્ર હિસ્સો યુએસ ટ્રેઝરીમાં રાખવામાં આવ્યો છે. જોકે, વૈશ્વિક સંઘર્ષો અને નાણાકીય બજારના આંચકાઓ સાથે સંકળાયેલા જોખમોને ઘટાડવા માટે વૈવિધ્યકરણને ‘‘સૌથી મહત્વપૂર્ણ‘‘ અભિગમ ગણાવવામાં આવ્યો છે. ગયા વર્ષે, ભારતના વિદેશી વિનિમય અનામતમાં ૩.૪ ટકાનો વધારો થયો હતો, જે ૬૬૮ બિલિયન સુધી પહોંચ્યો હતો.આરબીઆઈના નાણાકીય વર્ષ ૨૫ માટેના વાર્ષિક અહેવાલમાં આર્થિક બાહ્ય પ્રભાવોની અનિશ્ચિતતાથી બચાવવા માટે ચાલી રહેલા પ્રયાસો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આરબીઆઈ ૨૦૨૫-૨૬માં ભારતીય અર્થતંત્ર ૬.૫ ટકાના દરે વૃદ્ધિ પામશે અને ફુગાવાનો દર ૪ ટકા રહેશે તેવી અપેક્ષા રાખે છે, જે દર્શાવે છે કે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્ર તરીકે પોતાનું સ્થાન જાળવી રાખશે.

ડેટા સુરક્ષાને મજબૂત બનાવવા માટે, આરબીઆઈ ૨૦૨૫-૨૬માં પોતાની ક્લાઉડ સેવાઓ, ‘‘ભારતીય નાણાકીય સેવાઓ ક્લાઉડના તબક્કા ઈ‘‘ શરૂ કરવાની યોજના ધરાવે છે. તેની પેટાકંપની ઈંજ્ઞ્ીઅજ દ્વારા વિકસિત આ કોમ્યુનિટી ક્લાઉડ ફક્ત આરબીઆઈ અને નિયંત્રિત નાણાકીય સંસ્થાઓ માટે રચાયેલ છે. તેનો હેતુ ડેટા સુરક્ષા વધારવાનો, કાર્યક્ષમતા સુધારવાનો અને ભારતના ડેટા સ્થાનિકીકરણ નિયમોનું પાલન સુનિશ્ચિત કરવાનો છે.

આ ઉપરાંત, આરબીઆઈ રૂપિયાના આંતરરાષ્ટ્રીય ઉપયોગને પ્રોત્સાહન આપી રહી છે, ખાસ કરીને ભારતીય નિકાસકારો અને આયાતકારોને એશિયન ક્લિયરિંગ યુનિયન દ્વારા રૂપિયામાં વેપાર કરવા પ્રોત્સાહિત કરીને. આ પગલાં યુએસ ડોલર જેવી મુખ્ય ચલણો પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે, જે ભારતને વધુ આર્થિક સ્વાયત્તતા પ્રદાન કરશે.

આ વૃદ્ધિ સાથે, ભારત હવે વૈશ્વિક સ્તરે સાતમા સૌથી મોટા સોનાના ભંડાર ધરાવતો દેશ બન્યો છે, જે તેની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થાના સ્થાનને અનુરૂપ છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના આંકડા દર્શાવે છે કે તાજેતરના વર્ષોમાં ભારતના કુલ વિદેશી વિનિમય અનામતમાં સોનાનું પ્રમાણ સતત વધ્યું છે, જે ૨૦૨૧ માં ૬.૮૬% થી વધીને ૨૦૨૪ ના અંત સુધીમાં ૧૧.૩૫% સુધી પહોંચી ગયું છે. આ એક સંકેત છે કે આરબીઆઈ યુએસ ડોલર પરની નિર્ભરતા ઘટાડીને વૈકલ્પિક અનામત સંપત્તિ તરીકે સોના તરફ વધુ ધ્યાન આપી રહી છે, કારણ કે ડોલરના મૂલ્યમાં થતી વધઘટ વૈશ્વિક અર્થતંત્ર પર અસર કરી શકે છે. વિદેશી વિનિમય અનામત, જેમાં સોનું મુખ્ય ભાગ ભજવે છે, તે કોઈપણ અર્થતંત્ર માટે એક મહત્વપૂર્ણ રક્ષણાત્મક બફર તરીકે કામ કરે છે, જે રાષ્ટ્રીય ચલણને સ્થિરતા પ્રદાન કરે છે, ફુગાવાને નિયંત્રિત કરે છે અને દેશની આર્થિક મજબૂતીનો સંકેત આપે છે.

# ડાયાબિટીસ ટાઈપ ૧ કરતા ૨ શા માટે ખતરનાક??

## ટાઈપ ૨ ડાયાબિટીસના શરૂઆતમાં કોઈ લક્ષણો દેખાતા ન હોવાથી તે વધુ ખતરનાક: હૃદય રોગ, મગજનો સ્ટ્રોક, કિડની ફેલ્યોર, દ્રષ્ટિ ગુમાવવી જેવા રોગની સંભાવના વધુ

**અબતક, રાજકોટ**

ડાયાબિટીસ એક ક્રોનિક અને આજીવન સ્થિતિ છે જ્યાં શરીર લોહીમાં શર્કરાનું સ્તર નિયંત્રિત કરી શકતું નથી. આ ત્યારે થાય છે જ્યારે સ્વાદુપિંડ પૂરતું ઈન્સ્યુલિન બનાવતું નથી, અથવા શરીર ઈન્સ્યુલિનનો અસરકારક રીતે ઉપયોગ કરી શકતું નથી. આ સ્થિતિમાં, વ્યક્તિએ દવા, ઈન્સ્યુલિન અને આહાર નિયંત્રણ દ્વારા તેના ગ્લુકોઝનું સંચાલન કરવું પડે છે. દુનિયાભરમાં લાખો લોકોને અસર કરતી આ સ્થિતિ કાં તો ટાઈપ ૧ અથવા ટાઈપ ૨ ડાયાબિટીસ હોય છે. બંનેમાં બ્લડ સુગરનું સ્તર ઊંચું રહે છે, પરંતુ તેમના કારણો, લક્ષણો, સારવાર અને જોખમો અલગ-અલગ હોય છે. તો, શું એક બીજા કરતાં વધુ ખતરનાક છે?ડાયાબિટીસ એ એક લાંબા ગાળાની, બદલી ન શકાય તેવી સ્થિતિ છે જે શરીરમાં બ્લડ સુગરના નિયમનને અસર કરે છે. જ્યારે સ્વાદુપિંડ પૂરતું ઈન્સ્યુલિન ઉત્પન્ન કરતું નથી અથવા શરીર ઈન્સ્યુલિનનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકતું નથી, ત્યારે ડાયાબિટીસ થાય છે. આનાથી વ્યક્તિએ દવાઓ, ઈન્સ્યુલિન અને આહાર નિયંત્રણ દ્વારા તેના ગ્લુકોઝ સ્તરનું સંચાલન કરવું પડે છે.

ટાઈપ ૧ ડાયાબિટીસ એક સ્વયંપ્રતિરક્ષા રોગ છે. આ સ્થિતિમાં, શરીરની રોગપ્રતિકારક શકિત સ્વાદુપિંડમાં ઈન્સ્યુલિન ઉત્પન્ન કરતા બીટા કોષો પર હુમલો કરીને તેનો નાશ કરે છે. આના કારણે, શરીર ઈન્સ્યુલિન બનાવવાનું સંપૂર્ણપણે બંધ કરી દે છે અથવા ખૂબ જ ઓછું ઉત્પાદન કરે છે. ટાઈપ ૧ ડાયાબિટીસ સામાન્ય રીતે જીવનશૈલીના પરિબળોને કારણે થતો નથી. તે અચાનક વિકસે છે અને બાળપણમાં શરૂ થઈ શકે છે. આ રોગપ્રતિકારક શક્તિના હુમલાને કારણે થાય છે, જે આનુવંશિક અને પર્યાવરણીય પરિબળોના કારણે સંભવ છે. તેના પ્રારંભિક લક્ષણોમાં તરસમાં વધારો, વારંવાર પેશાબ, અતિશય ભૂખ, વજન ઘટાડવું, થાક અને ઝાંખી દ્રષ્ટિનો સમાવેશ થાય છે. ટાઈપ ૧ ડાયાબિટીસ ધરાવતા લોકોએ જીવન ટકાવી રાખવા માટે દરરોજ ઈન્સ્યુલિન લેવું ફરજિયાત છે.ટાઈપ ૨ ડાયાબિટીસ સમય જતાં વિકસે છે અને સામાન્ય રીતે ૪૦ વર્ષથી વધુ ઉંમરના પુખ્ત વયના લોકોમાં જોવા મળે છે, જોકે યુવાનોને પણ તે થઈ શકે છે. આ સ્થિતિમાં, શરીર કાં તો પૂરતું ઈન્સ્યુલિન ઉત્પન્ન કરતું નથી, અથવા કોષો ઈન્સ્યુલિન પ્રત્યે પ્રતિરોધક બની જાય છે (જેને ઈન્સ્યુલિન પ્રતિકાર કહેવાય છે). સ્થૂળતા, કસરતનો અભાવ, બિનઆરોગ્યપ્રદ આહાર અને આનુવંશિકતા જેવા પરિબળો આના માટે જવાબદાર છે. ટાઈપ ૨ ડાયાબિટીસ ધીમે ધીમે વિકસે છે અને શરૂઆતમાં તેના લક્ષણો હળવા હોઈ શકે છે, જેમાં તરસમાં વધારો, વારંવાર પેશાબ, થાક, ઝાંખી દ્રષ્ટિ અને ધીમા રૂઝાતા ઘાનો સમાવેશ થાય છે. સમય જતાં, લક્ષણો વધુ સ્પષ્ટ થાય છે. તેની સારવારમાં જીવનશૈલીમાં ફેરફાર અને મૌખિક દવાઓનો સમાવેશ થાય છે, અને પછીથી ઈન્સ્યુલિનની પણ જરૂર પડી શકે છે.બંને પ્રકારના ડાયાબિટીસ ગંભીર છે અને જો યોગ્ય રીતે સંચાલન ન કરવામાં આવે તો જીવલેણ ગૂંચવણો પેદા કરી શકે છે. જોકે, તેમના જોખમોની પ્રકૃતિ અને સમય અલગ-અલગ હોય છે.ટાઈપ ૧ ડાયાબિટીસ ટૂંકા ગાળામાં વધુ ખતરનાક બની શકે છે. ઈન્સ્યુલિન વિના, લોહીમાં શર્કરાનું સ્તર ઝડપથી વધે છે. આનાથી ડાયાબિટીક કીટોએસિડોસિસ (DKA) નામની ગંભીર સ્થિતિ થઈ શકે છે, જ્યાં શરીર ઈન્સ્યુલિનના અભાવને કારણે હાનિકારક એસિડ (કીટોન) ઉત્પન્ન કરે છે. DKA કોમા અથવા મૃત્યુનું કારણ પણ બની શકે છે. ટાઈપ ૧ અચાનક વિકસે છે અને તેને આજીવન ઈન્સ્યુલિનની જરૂર પડે છે, તેથી ઈન્સ્યુલિનના ડોઝ ચૂકી જવાથી અથવા મોડું નિદાન થવાથી જીવન જોખમી બની શકે છે.

ટાઈપ ૨ ડાયાબિટીસ ઘણીવાર ધીમે ધીમે વિકસે છે અને શરૂઆતમાં કોઈ ચિહ્નો દેખાતા નથી. તેથી તે વધુ ખતરનાક છે, જો અનિયંત્રિત રાખવામાં આવે, તો ટાઈપ ૨ ડાયાબિટીસ ગંભીર ગૂંચવણો પેદા કરી શકે છે જેમ કે હૃદય રોગ, મગજનો સ્ટ્રોક, કિડની ફેલ્યોર, દ્રષ્ટિ ગુમાવવી, ચેતાને નુકસાન અને ધીમા રૂઝાતા ઘા. ટાઈપ ૨ જીવનશૈલી સાથે જોડાયેલો હોવાથી, યોગ્ય વ્યવસ્થાપન વિના તે સમય જતાં વધુ ખરાબ થઈ શકે છે.બંને પ્રકારના ડાયાબિટીસમાં અમુક જોખમો સમાન હોય છે. આમાં કાર્ડિયોવેસ્ક્યુલર સ્થિતિઓ, કિડનીને નુકસાન, આંખની સમસ્યાઓ, ચેતાને નુકસાન અને ચેપનું વધતું જોખમ શામેલ છે.ટાઈપ ૧ ડાયાબિટીસ માટે દરરોજ કાળજીપૂર્વક ઈન્સ્યુલિન વ્યવસ્થાપનની જરૂર પડે છે. લોકોએ વારંવાર બ્લડ સુગર લેવલનું નિરીક્ષણ કરવું જોઈએ અને ઈન્સ્યુલિનના ડોઝને સમાયોજિત કરવા જોઈએ. વહેલું નિદાન ખૂબ જ મહત્વપૂર્ણ છે. ટાઈપ ૨ ડાયાબિટીસ ઘણીવાર શરૂઆતમાં આહાર, કસરત અને દવાઓ દ્વારા નિયંત્રિત કરી શકાય છે. વજન અને બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવાથી ગૂંચવણોમાં વિલંબ થઈ શકે છે અથવા તેને અટકાવી શકાય છે. જોકે, ઈન્સ્યુલિનની જરૂરિયાત પછીથી ઊભી થઈ શકે છે. આથી, બંને પ્રકારના ડાયાબિટીસમાં યોગ્ય સંભાળ અને નિયમિત તબીબી તપાસ અત્યંત જરૂરી છે.

### સલામ છે આ ૭ બીએસએફ મહિલા જવાનને

# ૭ મહિલા બીએસએફ વિરાંગનાઓએ બે પોસ્ટ ઉપર ૩ દિવસ- રાત ફરજ બજાવી

## ઓપરેશન સિંદૂર દરમિયાન અખનૂર સેકટરમાં નેહા ભંડારીના નેતૃત્વમાં મહિલા જવાનોએ અદભુત પરાક્રમ બતાવી સ્ત્રી સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

**અબતક, રાજકોટ**

જમ્મુ અને કાશ્મીરના અખનૂર સેક્ટરમાં ઓપરેશન સિંદૂર દરમિયાન એક ઐતિહાસિક ઘટના બની, જ્યારે સહાયક કમાન્ડન્ટ નેહા ભંડારીના નેતૃત્વમાં યુવાન બીએસએફ મહિલા જવાનોએ આગળની ચોકીઓનું અદમ્ય રક્ષણ કર્યું. આંતરરાષ્ટ્રીય સરહદ પર તૈનાત આ યુવાન મહિલા જવાનો માટે આ ખરેખર એક અગ્નિપરીક્ષા સમાન હતું. તેમણે ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી પાકિસ્તાની દળો પર સતત અને ભારે ગોળીબાર કર્યો, જેના કારણે તેમને પીછેહઠ કરવાની ફરજ પડી. આ ઘટના ભારતીય સુરક્ષા દળોમાં મહિલાઓની સક્રિય લડાયક ભૂમિકાઓ અને તેમના પુરુષ સમકક્ષો સાથે તેમની ક્ષમતાઓનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

આસિસ્ટન્ટ કમાન્ડન્ટ નેહા ભંડારી, જેઓ માંડ ત્રણ વર્ષ પહેલાં જ દળમાં જોડાયા હતા, તેમણે દુશ્મન દળો સામે સક્રિય લડાઈમાં જોડાવાની ‘‘જીવનમાં એક વાર મળતી‘‘ તકને ઝડપી લીધી. કદાચ આ પ્રકારની ભૂમિકાઓ માટે સેનાએ હજુ સુધી તેના મહિલા કર્મચારીઓનો ઉપયોગ કર્યો નથી, તેથી નેહા ભંડારી આવું કરનારી પ્રથમ મહિલા અધિકારી બની. તેમના નેતૃત્વ હેઠળ, અડધો ડઝન મહિલા ઈજ્ઞ્જ્ઞજવાનોએ અખનૂરમાં બે ફોરવર્ડ પોસ્ટ્સનો જોરદાર બચાવ કર્યો. આ મહિલા 'સીમા પ્રહારીઓ' ત્યારે જ અટકી જ્યારે તેમના શસ્ત્રોથી થયેલા વ્યાપક નુકસાનથી દુશ્મન પાછળ હટી ગયો અને તેમના ફોરવર્ડ સ્થાનો છોડી દીધા. આ ટુકડીમાં પંજાબના મનજીત કૌર અને મલકિત કૌર જેવા અનુભવી જવાનો ઉપરાંત, પશ્ચિમ બંગાળના સ્વપના રથ અને શંપા બસાક, ઝારખંડના સુમી એક્સેસ અને ઓડિશાના જ્યોતિ બાનિયાન જેવી યુવાન મહિલાઓ પણ સામેલ હતી, જેમણે જોડાયાના બે વર્ષમાં જ યુદ્ધ જેવી પરિસ્થિતિનો સામનો કર્યો.

જ્યારે ઓપરેશન સિંદૂર શરૂ થયું અને પાકિસ્તાન તરફથી ભારતીય સ્થાનો પર ભારે ગોળીબાર શરૂ થયો, ત્યારે પડકારને ધ્યાનમાં રાખીને, પુરુષ વરિષ્ઠ સૈનિકોએ મહિલાઓને સક્રિય લડાઈ ફરજોમાંથી ખસી જવાનો વિકલ્પ આપ્યો. આ અંગે નેહાએ જણાવ્યું, ‘‘મેં સ્પષ્ટપણે ઈનકાર કર્યો. જ્યારે અમે સૈનિકો તરીકે તાલીમ લીધી હતી, ત્યારે અમારી તાલીમ પદ્ધતિ અને સંસાધનો અમારા પુરુષ સમકક્ષો જેવા જ હતા. ઓપરેશન સિંદૂરએ અમને એક દુર્લભ, શરૂઆતની કારકિર્દીની તક આપી કે અમે સાબિત કરીએ કે અમે દુશ્મનનો સામનો કરવા માટે પુરુષો જેટલા જ સક્ષમ છીએ.‘‘ તેણીએ ઉમેર્યું કે એકવાર તેઓ સ્થિર રહેવાનો આગ્રહ રાખ્યો, ત્યારે તેમના વરિષ્ઠ સૈનિકોએ તેમને તેમનું શ્રેષ્ઠ આપવા માટે પ્રેરિત કર્યા.સુંદરબની સેક્ટરના ડીઆઈજી, વરિંદર દત્તા, જેમને નેહા જણાવે છે, તેમણે કહ્યું કે તેણીએ આ તકનો સામનો કર્યો, માત્ર ઈજ્ઞ્જ્ઞ સૈનિકો જ નહીં પરંતુ આવનારા સૈન્ય દળોનું પણ નેતૃત્વ કર્યું. તેમણે ઉમેર્યું, ‘‘તેણીએ સ્વતંત્ર રીતે શસ્ત્રો અને તોપખાના તૈનાત કરવાના નિર્ણયો લીધા; સક્રિય લડાઈમાં કમાન્ડિંગ કરતી મહિલા અધિકારીનો આ પહેલો કિસ્સો છે; સેના હજુ પણ બિન-લડાઈ ભૂમિકાઓ માટે મહિલા કર્મચારીઓનો ઉપયોગ કરી રહી છે.‘‘ આ ઘટના ભારતીય સુરક્ષા દળોમાં મહિલાઓની ભૂમિકાને ફરીથી વ્યાખ્યાયિત કરવા અને તેમને સક્રિય લડાયક ભૂમિકાઓમાં સમાવવા માટે એક મજબૂત અને પ્રેરણાદાયક દાખલો બેસાડે છે.

# રાજ્ય સરકારના કર્મચારી-પેન્શનર્સ માટે પીએમજેએવાયનો લાભ લેવા ગાઈડલાઈન જાહેર

## અધિકારી-કર્મચારી-પેન્શનર્સે અને તેમના કુટુંબને લાભ અપાવવા કુટુંબીજનોની વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું રહેશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ઓલ ઈન્ડિયા સર્વિસીસના અધિકારીઓ, રાજ્ય સરકારના અધિકારી, કર્મચારી અને પેન્શનર્સ માટે ‘‘ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના’’ શરૂ કરવામાં આવી છે. પીએમજેએવાય-મા યોજના અંતર્ગત ‘જી’ કેટેગરીના કાર્ડ દ્વારા કુટુંબદીઠ રૂ.૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આ તમામ કર્મીઓને મળવાપાત્ર બને છે.

આરોગ્ય વિભાગ દ્વારા આ યોજના હેઠળ લાભ મેળવવા ઈચ્છતા કર્મીઓ, પેન્શનર્સ અને તેમના કુટુંબીજનો માટેની નિયત સૂચના અને માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

તદ્અનુસાર ‘‘ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના’’ (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) સહાય મેળવવા માટે પીએમજેએવાય યોજનાનું કાર્ડ હોવું આવશ્યક છે. જે કાર્ડની ફાળવણી સ્ટેટ હેલ્થ એજન્સીને સોંપવામાં આવેલ છે.

રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનર્સના કિસ્સામાં ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ના નિયમોમાં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબ અને એઆઈએસના અધિકારીઓના કિસ્સામાં તેમને લાગુ પડતા એઆઈએસ-૧૯૫૪ અંતર્ગત કુટુંબની વ્યાખ્યા મુજબની પાત્રતા ધરાવતા હોય તેવા આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતુ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

આ તમામ કર્મીઓ જ્યાં કાર્યરત હોય તે કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે. એઆઈએસ અને રાજ્ય સરકારના પેન્શનર્સના કિસ્સામાં પેન્શનર જે જિલ્લા તિજોરી કચેરી/ પેટા તિજોરી કચેરી/ પેન્શન ચૂકવણાં કચેરી ખાતેથી પેન્શન મેળવતા હોય તે જિલ્લાના જિલ્લા તિજોરી અધિકારી/ પેટા તિજોરી અધિકારી/ પેન્શન ચૂકવણા અધિકારી/ પગાર અને હિસાબ અધિકારી દ્વારા અથવા વિકલ્પે જે કચેરીમાંથી નિવૃત થયા હોય તે કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે. ઈ-કેવાયસી કરી શહાય તે હેતુથી કુટુંબના દરેક સભ્યનો આધાર નંબર પણ દર્શાવવાનો રહેશે.

ફિક્સ પગારના કર્મચારીના કિસ્સામાં નોકરીમાં નિયમિત નિમણૂંક આપ્યા વિના સેવા સમાપ્ત કરવામાં આવે અથવા કોઈ અધિકારી / કર્મચારી સેવા છોડીને જાય અથવા રાજીનામું આપે અથવા શિક્ષાત્મક કાર્યવાહીના અંતે સેવા સમાપ્તિ કરવામાં આવે અને કાર્યવાહીના અંતે સંબંધિત સરકારી અધિકારી/કર્મચારી તેને લાગુ પડતા પેન્શનના નિયમો મુજબ પેન્શનર ગણવાપાત્ર ન રહે તેવા કિસ્સામાં તેણે છેલ્લે જ્યાં ફરજ બજાવી છે તે કચેરીના વડાએ એસએચએ અને તે અંગેની સત્વરે જાણ કરવાની રહેશે.

જેના આધારે એસએચએ દ્વારા પીએમજેએવાયમાં આ યોજના હેઠળના લાભાર્થી તરીકેના નામમાંથી તેઓ અને તેઓના કુટુંબના સભ્યોના નામ કમી કરવામાં આવશે.

# આરસીબીનો આઈપીએલ-૨૫ના ફાઈનલમાં વટભેર પ્રવેશ

## બેંગ્લોરની ઘાતક બોલિંગે પંજાબની ટીમને ૧૦૧ રનમાં ઓલઆઉટ કરી, જવાબમાં આરસીબીએ ૧૦ ઓવર બાકી રહેતાં જીત નોંધાવી: સોલ્ટની ધમાકેદાર ફિફ્ટી




**અબતક, નવી દિલ્હી**

આઈપીએલ ૨૦૨૫ ની પહેલી ક્વોલિફાયર મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ પંજાબ કિંગ્સને ૮ વિકેટથી હરાવ્યું હતું. આ સાથે જ બેંગ્લુરુએ ૯ વર્ષ પછી આઈપીએલની ફાઈનલમાં ચટાકેદાર પ્રવેશ કર્યો છે. અગાઉ, આરસીબીએ ૨૦૧૬ માં આઈપીએલની ફાઈનલ મેચ રમી હતી. આ મેચમાં પંજાબની આખી ટીમ પ્રથમ રમતમાં ૧૦૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં આરસીબીએ ૧૦ ઓવર બાકી રહેતાં જીત નોંધાવી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની જીતના ૩ સૌથી મોટા હીરો હતા. સુયશ શર્મા અને જોશ હેઝલવુડે કેપ્ટન રજત પાટીદારના પહેલા બોલિંગ કરવાના નિર્ણયને યોગ્ય સાબિત કર્યો. સુયશ શર્માએ ૩ ઓવરમાં ૧૭ રન આપીને ૩ વિકેટ લીધી. બીજી તરફ, જોશ હેઝલવુડે પણ તબાહી મચાવી અને ૩.૧ ઓવરમાં ૨૧ રન આપીને ૩ વિકેટ લીધી હતી. તેની ઘાતક બોલિંગનું પરિણામ એ આવ્યું કે પંજાબ તેના હોમ ગ્રાઉન્ડ પર ફક્ત ૧૦૧ રનના સ્કોર પર સમેટાઈ ગયું. જ્યારે બેટિંગનો સમય આવ્યો ત્યારે આરસીબીનો હીરો ફિલ સોલ્ટ હતો, જેણે ૫૬ રન બનાવ્યા હતા. પંજાબ કિંગ્સ ભલે પહેલી ક્વોલિફાયર મેચમાં ૮ વિકેટથી હારી ગયું હોય પરંતુ તેઓ આઈપીએલ ૨૦૨૫માંથી બહાર નથી થયા. પંજાબને પોઈન્ટ ટેબલમાં ટોપ-૨ માં સ્થાન મેળવવાનો ફાયદો મળશે. હવે પંજાબ કિંગ્સનો સામનો બીજા ક્વોલિફાયર મેચમાં ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેના એલિમિનેટર મેચના વિજેતા સાથે થશે. લક્ષ્યનો પીછો કરતી વખતે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની શરૂઆત સારી રહી ન હતી અને ૩૦ રનના સ્કોર પર તેને પહેલો ઝટકો લાગ્યો હતો. ફાસ્ટ બોલર કાઈલ જૈમિસનની બોલિંગમાં વિરાટ કોહલી વિકેટકીપર જોશ ઈંગ્લિસના હાથે કેચ આઉટ થયો હતો. કિંગ કોહલીએ બે ચોગ્ગા અને ૧૦૦ ના સ્ટ્રાઈક રેટની મદદથી ૧૨ રન બનાવ્યા હતા.

## આજે જે ટીમ હારશે તેની સફર સમાપ્ત થશે




આઈપીએલ ૨૦૨૫નો એલિમિનેટર મેચ આજે મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાશે. આ મેચ મુલ્લાનપુરના મહારાજા યાદવેન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થશે. આજે જે ટીમ હારશે તેની સફર અહીં સમાપ્ત થશે, જ્યારે જીતનારી ટીમ ક્વોલિફાયર-૨ રમશે. બંને ટીમ પ્લેઑફમાં બીજી વખત સામસામે થશે. આ પહેલાં ૨૦૨૩ના ક્વોલિફાયર-૨માં ટકરાઈ હતી. ત્યારે ગુજરાતે મુંબઈને ૬૨ રનથી હરાવ્યું હતું.મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે અત્યાર સુધી કુલ ૭ મેચ રમાઈ છે. જેમાંથી ગુજરાતે ૫ મેચ જીત્યા છે, જ્યારે મુંબઈને માત્ર ૨ જીત મળી છે. આમ, અત્યાર સુધી ગુજરાતનું પલડું વધુ ભારે રહ્યું છે. બંને ટીમ આ સિઝનમાં ત્રીજી વખત સામસામે ટકરાશે. આ પહેલાં જ્યારે બે મેચ રમાઈ હતી, ત્યારે બંને વખત ગુજરાતને જીત મળી હતી. બંને ટીમ મહારાજા યાદવેન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં પ્રથમ વખત ટકરાશે.

## ટ્રોફીથી બસ હવે એક પગલું દૂર...!!!: પાટીદાર




આરસીબી કુલ ચોથી વખત આઈપીએલની ફાઈનલમાં પહોંચ્યું છે. ટીમ હવે ઈતિહાસમાં પ્રથમ વખત આઈપીએલ ટ્રોફી જીતવાથી માત્ર એક જીત દૂર છે. પાટીદારે કહ્યું, 'મને લાગે છે કે અમે અમારી યોજનાઓમાં સ્પષ્ટ હતા, આપણે કેવી રીતે બોલિંગ કરવી. મને લાગે છે કે ઝડપી બોલરોએ સપાટીનો ખૂબ સારી રીતે ઉપયોગ કર્યો. સુયશે જે રીતે બોલિંગ કરી, તેણે જે રીતે તેની લાઈન અને લેન્થ બોલ કરી, તે ખરેખર સારું હતું. એક કેપ્ટન તરીકે હું તેની બોલિંગ વિશે સ્પષ્ટ છું. તેને સ્ટમ્પને ટાર્ગેટ કરવો પડે છે, તે તેની તાકાત છે. તેનો ખોટો 'અન બોલ' બેટ્સમેન માટે વાંચવો મુશ્કેલ છે. હું હંમેશા તેને સ્પષ્ટ ખ્યાલ આપવા માંગુ છું, હું તેને મૂંઝવણમાં મૂકવા માંગતો નથી. જો તે આ બાબતમાં કેટલાક રન આપે તો મને કોઈ વાંધો નથી.

## લડાઈ હાર્યા છીએ, યુદ્ધ નહીં...: અય્યર




ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ના પહેલા ક્વોલિફાયરમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના સામે આઠ વિકેટથી કારમી હારનો સામનો કર્યા બાદ પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ ઐયરે ટીમની નબળી બેટિંગને લઈને કહ્યું કે, 'લડાઈ હાર્યા છીએ, યુદ્ધ નહીં...'આરસીબીના ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ અને લેગ-સ્પિનર સુયશ શર્મા સામે અનેક બેજવાબદાર શોટ રમવાને કારણે પંજાબની બેટિંગ નબળી પડી ગઈ હતી. પરંતુ શ્રેયસે મેદાન પરના તેના નિર્ણયો ખોટા હોવાનું સ્વીકારવાનો ઈનકાર કરતા કહ્યું કે, 'હું મારા નિર્ણયો પર શંકા કરી રહ્યો નથી. અમે બેટિંગ પર ખાસ કરીને આવી પીચ પર કામ કરવું પડશે, અહીં રમાયેલી બધી મેચમાં અમને અસમાન ઉછાળો જોયો છે. પરંતુ આપણે આવા બહાના આપી શકતા નથી કારણ કે અમે ખેલાડી છીએ અને પરિસ્થિતિ અનુસાર રમવું પડશે, અને તે જ સ્તરે પ્રદર્શન કરવું પડશે.

# ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ગુજરાતનો દબદબો; રૂ. ૧૧ હજાર કરોડનું જંગી રોકાણ:આરોગ્ય મંત્રી



**અબતક, રાજકોટ**

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩માં શરૂ કરેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટનું વર્ષ ૨૦૨૪ માં ૧૦ ચરણ પૂર્ણ થયું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ૧૦ માં ચરણમાં પણ દેશ- વિદેશની કંપનીઓએ ગુજરાતમાં રોકાણની ઈચ્છા દર્શાવી અને શરૂઆત પણ કરી.આરોગ્યમંત્રી રૂષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના ફાર્માસ્યુટિકલ સેક્ટરને લગતા પણ મોટી સંખ્યામાં એમઓયુ સમીટમાં કરવામાં આવ્યા હતા. વર્ષ-૨૦૨૪ ની વાયબ્રન્ટ સમીટમાં ફાર્માસ્યુટિકલ સેક્ટરના કુલ અંદાજે રૂ. ૩૦ હજાર કરોડની કિંમતના કુલ ૩૭૬ એમ ઓ યુ થયા હતા. જે પૈકી અત્યારસુધીમાં ધરા તલ પર સફળ થઈને કમીશન થયા અને અન્ય ૧૫૩ એમ ઓ યુપણ પૂર્ણતાના આરે છે. આ એમ ઓ યુથી ગુજરાતના ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં કુલ મૂડીરોકાણ અંદાજીત રૂ. ૧૧,૧૧૪.૧૩ કરોડ મળ્યું છે . જેના પરિણામે ગુજરાતમાં ૨૦,૧૪૧ લોકોનો રોજગારી પણ પ્રાપ્ત થઈ છે.

વર્ષ ૨૦૨૪માં કમીશન થયેલ એમ ઓ યુ પ્રોજેક્ટસમાં વિદેશી કંપનીઓ મે..સેનાડોર લેબોરેટરીઝ પ્રા.લિ, સ્પેન દ્વારા કુલ રૂ. ૨૫૦૦ કરોડનું મૂડી રોકાણ કરી વિશ્વમાં સૌથી વધુ કોન્ટ્રાસેપ્ટીવ દવાઓનું ઉત્પાદન કરવામાં આવેલ છે અને જેના થકી ૫૦૦ લોકોને રોજગારી મળી છે. અમેરીકાની મે. એમનીલ ફાર્માસ્યુટીકલ પ્રા.લિ. દ્વારા કુલ રૂ. ૭૦૦ કરોડનું મૂડી રોકાણ કરી ઈંજેકટેબલ દવાઓનું ઉત્પાદન કરવામાં આવેલ છે જેના થકી પણ ૫૦૦ લોકોને રોજગારી મળી છે,મે. સીસમેકસ ઈંડિયા પ્રા.લિ. દ્વારા જાપાન દ્વારા મેડિકલ ડિવાઈસ ઉત્પાદન ક્ષેત્રે કુલ રૂ. ૨૧૦ કરોડનું રોકાણ કરીને ૭૦ જેટલા લોકોને રોજગારી આપવામાં આવી.ગુજરાતમાં આવેલ મે. મેરીલ ગ્રુપ કંપની દ્વારા મેડિકલ ડિવાઈસના ઉત્પાદનમાં કુલ રૂ. ૯૧૦ કરોડનું મૂડી રોકાણ કરીને ૩૦૦ લોકોને રોજગારી, મે. સ્વાતિ સ્પેન્ટોસ પ્રા.લિ., વાપી દ્વારા કુલ. રૂ. ૫૦૦ કરોડનું મૂડી રોકાણ કરીને ૩૦૦ લોકોને રોજગારી આપવામાં આવી છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટ માત્ર એક પરંપરાગત બિઝનેસ ઈવેન્ટ નથી, પરંતુ તે "વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર" (વસુધૈવ કુટુંબકમ) ના સિદ્ધાંતો પર આધારિત છે. આ સિદ્ધાંત વૈશ્વિક સહયોગ અને ભાગીદારી પર ભાર મૂકે છે, જે પરસ્પર વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપે છે. ૨૦ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલી આ સમિટ આજે વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત રોકાણ સમિટમાંની એક બની ગઈ છે, જે ગુજરાતની આર્થિક પ્રગતિમાં મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટનું ૧૦મું ચરણ, ૨૦૨૪ માં પણ અદભૂત સફળતા સાથે સંપન્ન થયું. આ સમિટમાં ૩૪ ભાગીદાર દેશો અને ૧૬ ભાગીદાર સંગઠનો ની ભાગીદારી હતી. ૧૪૦ થી વધુ દેશોના ૬૧,૦૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, જે તેના વૈશ્વિક કદ અને આકર્ષણને દર્શાવે છેઆ સમિટમાં દેશ-વિદેશની અનેક કંપનીઓએ ગુજરાતમાં રોકાણની ઈચ્છા દર્શાવી અને તેના પર કાર્ય પણ શરૂ કર્યું. ખાસ કરીને, ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં થયેલું રોકાણ અને તેના દ્વારા સર્જાયેલી રોજગારીની તકો રાજ્યની પ્રગતિમાં મહત્વનો ફાળો આપી રહી છે. આ સમિટ ગુજરાતને વૈશ્વિક રોકાણ માટે વધુ આકર્ષક ગંતવ્ય તરીકે સ્થાપિત કરવામાં સફળ રહી છે,.

હાલ દેશના ફાર્માસ્યુટિકલ કુલ ઉત્પાદનના ૩૩ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે. આજે વિશ્વના ૨૦૦ જેટલા દેશમાં દવાઓની નિકાસ કરવામાં આવે છે.

ભારતની કુલ ફાર્માસ્યુટિકલ નિકાસમાં ગુજરાત આશરે ૨૮ ટકા જેટલો હિસ્સા સાથે અગ્ર ક્રમાંકે છે.હાલ ગુજરાતમાં ૫૮૫૦ જેટલા લાઈસન્સ્ડ ઉત્પાદકો છે જેમાં એલોપેથિક, આયુર્વેદિક, હોમિયોપેથિક, મેડિકલ ડિવાઈસ તેમજ કોસ્મેટિકનું ઉત્પાદન થાય છે.

## દેશના ફાર્માસ્યુટિકલ કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ૩૩ ટકા ફાળો:વિશ્વના ૨૦૦ જેટલા દેશમાં દવાઓની નિકાસ

# મેદસ્વિતાથી મુક્તિનો નવો અધ્યાય: ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રાજ્યનું શ્રેષ્ઠ ઓબેસીટી ક્લિનિક શરૂ

## ઓબેસીટી એક ગંભીર સમસ્યા બનતા અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ દર્દીઓનું કરાયું કાઉન્સેલીંગ



**અબતક,રાજકોટ**

વર્તમાન સમયમાં મેદસ્વિતા ગંભીર સમસ્યા બની રહી છે. શરીરનું વજન વધારે હોય તો અનેક બીમારીનો ભોગ બનવાનો ખતરો રહે છે. પરિણામે શરીર અનેક બીમારીઓનું ઘર બને છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી 'ઓબેસીટી મુક્તિ' માટેની રાષ્ટ્રવ્યાપી પહેલ એ વર્તમાન સમયની જરૂરિયાત છે. આ અભિયાનનું મહત્ત્વ સમજી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં 'સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની ઝૂંબેશ શરૂ કરી છે. આ ઝૂંબેશ હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મે મહિનાના પ્રથમ અઠવાડિયામાં રાજ્યનું પ્રથમ ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યું છે. ગાંધીનગર સિવિલ ખાતે વોર્ડ નં. ૧૪માં ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યું છે. જેમાં નિષ્ણાંત તબીબો અને નર્સિંગ સ્ટાફ નિયુક્ત કરવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મેદસ્વીતા ક્લિનીક શરૂ કર્યા પછી અત્યાર સુધીમાં ૫૬૯ દર્દીઓ વધારે વજન તથા મેદસ્વી કેટેગરી તપાસીને જરૂરી સારવાર તથા માર્ગદર્શન આપવામાં આવ્યું છે.ક્લિનીકમાં સારવાર માટે આવેલા દર્દીઓનું સ્ક્રીનીંગ કરી તેનું વજન તથા ઉંચાઈ માપી તેનો માપવામાં આવે છે. જેમાં ૨૫ થી નીચે વાળા તંદુરસ્ત તથા ૨૫ થી ૩૦ વચ્ચેના વધારે વજનવાળા તથા ૩૦ થી ૩૫ વચ્ચેની મેદસ્વી તથા ૩૫ થી વધારેવાળા અતિ મેદસ્વી કેટેગરીમાં

(અનુ. આઠમા પાને)

# ઓસમ ડુંગરને 'ઓસમ' બનાવવાનો અનોખો પ્રયાસ: પર્વતારોહકોએ પ્લાસ્ટિકનો કર્યો નિકાલ

## રાજકોટ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી અને ધોરાજી નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતાની કવાયત હાથ ધરવામાં આવી




**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના પાટણવાવ ગામ નજીક પ્રખ્યાત ઓસમ ડુંગર આવેલો છે. ઓસમ ડુંગરનો નયનરમ્ય નજારો જાળવી રાખવા રાજકોટ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી અને ધોરાજી નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતાની કવાયત હાથ ધરીને પ્લાસ્ટિક ફ્રી કેમ્પેઈન' સાથે 'મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન'નો સંદેશ આપવામાં આવ્યો હતો.ગુજરાતભરમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે પ્લાસ્ટિક એકત્રીકરણ ઝુંબેશ ચાલી રહી છે. જેના ભાગરૂપે ઓસમ


(અનુ. આઠમા પાને)

## ૨૦૩૬ ઓલમ્પિક માટે ગુજરાત સજ્જ

# રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ કાલથી લંડન પ્રવાસે જશે



## ૨૦૩૬માં ભારતમાં રમાનાર ઓલિમ્પિકના આયોજન સંદર્ભે આ પ્રવાસનું મહત્વ વધારે: રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવી, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમાર, એમ થૈનારસન અને બંછાનીથી પાની ૮ જૂન સુધી લંડનની મુલાકાત લેશે



**અબતક, અમદાવાદ**

અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિક ગેમ્સને લઈ રાજ્ય સરકાર એક પ્રતિનિધિ મંડળ લંડન મોકલશે. ઓલિમ્પિક ગેમ્સનાં આયોજનનાં ભાગરૂપે રમતગમત મંત્રી હર્ષ સંઘવી સહિત ૩ આઈએએસ અધિકારીઓ આવતીકાલ ૩૧ મેથી ૮ જૂન સુધી લંડનનો પ્રવાસ કરશે.અમદાવાદમાં ઓલિમ્પિક ગેમ્સનું સફળ આયોજન થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. ગેમ્સની પૂર્વ તૈયારી રૂપે સરકારે મોટું પગલું ભર્યુ છે. સરકાર તેમનું એક પ્રતિનિધિમંડળ લંડન મોકલશે. જેના માટે રમતગમત મંત્રી હર્ષ સંઘવી અને ત્રણ આઈએએસ અધિકારી શહેર વિકાસનાં અગ્ર સચિવ અશ્વિનીકુમાર, અમદાવાદ શહેરનાં પૂર્વ કમિશ્નર એમ. થેન્નારસન, અને વર્તમાન કમિશ્નર બંછાનિધિ પાની લંડનની મુલાકાત લેશે. ઈન્ફ્રાસ્ટ્રકચરનો માટેનો મોટાભાગનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે તેમ માનવામાં આવે છે. કેન્દ્ર સરકાર તેમાં અમુક હિસ્સો

(અનુ. આઠમા પાને)

### ઓલિમ્પિક માટે ૫ ગામની પસંદગી

ગુજરાતે ઓલિમ્પિક ૨૦૩૬ માટે બીડ કર્યું છે. તેના માટે સરકાર અત્યારથી જ આયોજન કરી રહી છે. ઓલિમ્પિકની તડામાર તૈયારીઓ વચ્ચે અમદાવાદના ૫ નાનકડા વિસ્તારોની રોનક બદલાઈ જશે. આગામી સમયમાં આ વિસ્તારો ઓળખી ન શકાય તેવા બનશે, અને વિદેશી શહેરોની જેમ હરણફાળ ભરશે. અમદાવાદ આસપાસ ૧૨થી ૨૫ કિમી વિસ્તારમાં ૫ શહેર ઓલિમ્પિક પહેલાં સેટેલાઈટ ટાઉન બનાવવાનું આયોજન છે. જેમાં કલોલ, સાણંદ, દહેગામ, બારેજા, મહેમદાવાદની સિકલ બદલાશે. કલોલ, સાણંદ, દહેગામ, બારેજા, મહેમદાવાદ ની પસંદગી ઓલિમ્પિકના સેટેલાઈટ ટાઉન માટે થવાની છે.




# ઉચ્ચ અભ્યાસ કરનાર વ્યક્તિને સહેજ પણ નિષ્ફળતા પરેશાન કરી શકે: યોગેશ જોગસણ

## ઉચ્ચ હોદ્દો અને ઉચ્ચ અભ્યાસ કરનાર વ્યક્તિઓના આપઘાત પાછળના કારણો અન્ય સામાન્ય લોકોના આપઘાતના કારણોથી ભિન્ન હોઈ શકે, સમગ્ર વિષય પર મનોવિજ્ઞાન ભવનના વડાએ સર્વે હાથ ધર્યો

**અબતક, રાજકોટ**

આત્મહત્યા એ પોતાનો જીવ લેવાનું કાર્ય કહેવાય છે. આત્મહત્યાના વિચારો કોઈના જીવ લેવા વિશેના વિચારોનો સંદર્ભ આપે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) મુજબ, દર વર્ષે ૭૦૦,૦૦૦ લોકો આત્મહત્યાને કારણે મૃત્યુ પામે છે. જેમ કે માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકો હતાશા, નાણાકીય મુશ્કેલીઓ, યુદ્ધ, આપત્તિઓ, ઘરેલું હિંસા અને દુર્વ્યવહારમાં આત્મહત્યાના વિચારો આવી શકે છે. મદદ માટે માનસિક સ્વાસ્થ્ય વ્યવસાયિક પાસે જવું અને સહાયક કુટુંબ અને મિત્રોથી ઘેરાયેલા રહેવાથી આત્મહત્યાના વ્યક્તિગત યુદ્ધના વિચારોને મદદ કરવામાં મદદ મળી શકે છે.ત્યારે ઊંચો અભ્યાસ કરનાર કે ઉચ્ચ હોદ્દો ધરાવનાર વ્યક્તિઓના આપઘાત પાછળના કારણો અન્ય સામાન્ય લોકોના આપઘાતના કારણોથી ભિન્ન હોઈ શકે છે, અથવા તો તે કારણોની તીવ્રતા અને પ્રકાર જુદા હોઈ શકે છે. આવા વ્યક્તિઓ પર ઘણીવાર વિશેષ પ્રકારના દબાણો અને અપેક્ષાઓ હોય છે, જે તેમને માનસિક રીતે ભાંગી શકે છે. મનોવિજ્ઞાન ભવનના પ્રોફેસર યોગેશ એ. જોગસણ દ્વારા આ બાબતે અભ્યાસ કરીને વિવિધ તારણો કાઢવામાં આવ્યા છે.



### અન્ય અંગત સમસ્યાઓ

### લગ્નજીવનમાં તણાવ, છૂટાછેડા, કે બાળકો સાથેના સંબંધોમાં મુશ્કેલી

શારીરિક સ્વાસ્થ્ય સમસ્યાઓ:ગંભીર બીમારી, ક્રોનિક પીડા, કે કોઈ શારીરિક વિકૃતિ.

વ્યસનો: દારૂ, ડ્રગ્સ, કે જુગાર જેવા વ્યસનો જે માનસિક સ્થિતિને બગાડે છે અને વ્યક્તિને વધુ નિરાશ કરે છે. ઉચ્ચ અભ્યાસ કે હોદ્દો ધરાવનાર વ્યક્તિઓ પણ માણસ જ હોય છે અને તેમને પણ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે. તેમને પણ ભાવનાત્મક ટેકા અને વ્યાવસાયિક મદદની જરૂર હોય છે. સમાજમાં માનસિક સ્વાસ્થ્ય વિશેની જાગૃતિ વધારવી અને કલંક દૂર કરવું એ આવા આપઘાત અટકાવવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.



### ઉચ્ચ અભ્યાસ કરનાર કે ઉચ્ચ હોદ્દો ધરાવનાર વ્યક્તિઓના આપઘાત પાછળના મુખ્ય કારણો

**૧. ઉચ્ચ અપેક્ષાઓ અને દબાણ:**

**સ્વ-લક્ષી દબાણ:** આવા વ્યકિતઓ પોતાની જાત પાસેથી અને પોતાના કાર્યોમાંથી ઉચ્ચતમ પ્રદર્શનની અપેક્ષા રાખે છે. સહેજ પણ નિષ્ફળતા તેમને ઊંડાણ પૂર્વક પરેશાન કરી શકે છે.

**પારિવારિક અપેક્ષાઓ:** પરિવાર, ખાસ કરીને ભારતીય સમાજમાં, પોતાના બાળકોના ઊંચા અભ્યાસ અને સારી કારકિર્દી પર ખૂબ અપેક્ષાઓ રાખે છે. આ અપેક્ષાઓનો બોજ ક્યારેક અસહ્ય બની જાય છે.

**સામાજિક અપેક્ષાઓ:** સમાજ પણ આવા વ્યકિતઓ પાસેથી સફળતા, ઉચ્ચ જીવનશૈલી અને સતત પ્રગતિની અપેક્ષા રાખે છે. આ અપેક્ષાઓ પૂરી ન કરી શકવાનો ભય આપઘાતના વિચારો તરફ દોરી શકે છે.

**૨. નિષ્ફળતાનો ભય અને અપમાન**

આ વ્યકિતઓ સફળતાના શિખરે પહોંચેલા હોય છે, તેથી નિષ્ફળતાનો સ્વાદ તેમના માટે વધુ કડવો અને અપમાનજનક હોઈ શકે છે. એક નાનકડી ભૂલ પણ તેમને પોતાની આખી કારકિર્દી કે પ્રતિષ્ઠા દાવ પર લાગી રહી હોય તેવું અનુભવી શકે છે. લોકો શું કહેશે, સમાજમાં તેમની છબી કેવી બનશે, તેનો ડર તેમને ઘેરી વળે છે.

**૩. વ્યવસાયિક તણાવ અને બર્નઆઉટ**

**અતિશય કામનો બોજ:** ઉચ્ચ હોદ્દાઓ પર ઘણીવાર લાંબા કલાકો કામ કરવું પડે છે, જેનાથી શારીરિક અને માનસિક થાક લાગે છે.

**સંતુલનનો અભાવ:** કામના દબાણ હેઠળ અંગત જીવન, પરિવાર અને સામાજિક પ્રવૃત્તિઓ માટે સમય ન મળવો.

**૪. માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ છુપાવવી**

સફળ વ્યકિતઓ પોતાની નબળાઈઓ કે માનસિક સમસ્યાઓ જાહેર કરવામાં ખચકાય છે કારણ કે તેમને લાગે છે કે તેનાથી તેમની છબીને નુકસાન થશે. ''હું આટલો સફળ છું, તો હું કેવી રીતે ડિપ્રેશનમાં હોઈ શકું?'' તેવી માનસિકતા તેમને મદદ લેવાથી રોકે છે. માનસિક સમસ્યાઓ માટે સારવાર લેવી એ સમાજમાં ''કલંક'' સમાન મનાય છે, ખાસ કરીને ઉચ્ચ વર્ગમાં, જ્યાં ''સૌ સારુ છે'' તેવું બતાવવાનું દબાણ હોય છે.

**૫. એકલતા અને સામાજિક અલગતા**

સફળતાની સીડી ચડતી વખતે, વ્યક્તિ ઘણીવાર અંગત સંબંધોને અવગણે છે, જેના કારણે તેમને સાચી મિત્રતા કે ભાવનાત્મક ટેકો મળતો નથી. ઉચ્ચ હોદ્દા પર હોવાને કારણે, કેટલાક લોકો તેમને સાચા મિત્ર તરીકે નહિ, પરંતુ તેમના હોદ્દાને કારણે જ સંબંધ રાખે છે, જેનાથી એકલતાની ભાવના વધે છે.



**૬. નાણાકીય સમસ્યાઓ અને દેવું**

ઉચ્ચ આવક હોવા છતાં, ઉચ્ચ જીવનશૈલી જાળવવા માટે લીધેલું દેવું અથવા મોટા નાણાકીય નુકસાન પણ ચિંતાનું કારણ બની શકે છે. શેરબજારમાં નુકસાન, વ્યવસાયમાં ખોટ, કે કોઈ મોટા રોકાણમાં નિષ્ફળતા.


# આજે ઈ-બાઈક દિવસ: પર્યાવરણને અનુકૂળ પરિવહનનું ભવિષ્ય

## પ્રદુષણ મુક્ત પરિવહનથી સ્વચ્છ, સ્વસ્થ અને ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણ માટે ઈ-બાઈક એક ક્રાંતિકારી અને વ્યવહારૂ વિકલ્પ

**અબતક રાજકોટ**

આજે ઈ-બાઈક દિવસ છે ત્યારે, આપણે માત્ર એક વાહનની નહીં, પરંતુ પર્યાવરણને અનુકૂળ અને ટકાઉ પરિવહનના ઉજ્જ્વળ ભવિષ્યની વાત કરી રહ્યા છીએ. આધુનિક યુગમાં, જ્યાં શહેરીકરણ અને પ્રદૂષણ એક મોટો પડકાર બની રહ્યા છે, ત્યાં ઈ-બાઈક એક ક્રાંતિકારી અને વ્યવહારુ વિકલ્પ તરીકે ઉભરી રહ્યું છે.

ઈ-બાઈક એ માત્ર બેટરીથી ચાલતી સાયકલ નથી; તે એક એવી પહેલ છે જે પર્યાવરણ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતા અને ભવિષ્યની પેઢીઓ પ્રત્યેની જવાબદારી દર્શાવે છે. પેટ્રોલ અને ડીઝલ જેવા પરંપરાગત ઈંધણના વધતા ભાવો અને તેનાથી થતા ભયાવહ પ્રદૂષણને કારણે, ઈ-બાઈક એક આર્થિક અને પર્યાવરણીય દ્રષ્ટિએ વધુ સારો, ટકાઉ અને કાર્યક્ષમ વિકલ્પ પૂરો પાડે છે. તે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં સીધી રીતે મદદ કરે છે, શહેરની હવાને શુદ્ધ રાખે છે, અને ગ્લોબલ વોર્મિંગ સામેની વૈશ્વિક લડાઈમાં એક મહત્વપૂર્ણ યોગદાન આપે છે. ટૂંકા અંતરની મુસાફરી માટે, ઓફિસ કે કોલેજ જવા માટે, અથવા પછી ઘરના નાના-મોટા કામ માટે, ઈ-બાઈક એક આદર્શ અને અત્યંત કાર્યક્ષમ વિકલ્પ છે. તે ટ્રાફિક જામમાંથી સરળતાથી પસાર થઈ શકે છે અને પાર્કિંગની સમસ્યા પણ ઘટાડે છે, જે ખાસ કરીને ગીચ શહેરી વિસ્તારો માટે એક મોટો ફાયદો છે. આ ઉપરાંત, ઈ-બાઈક ચલાવવાથી શારીરિક કસરત પણ થાય છે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.



જોકે, ઈ-બાઈકને વધુ વ્યાપક અને લોકપ્રિય બનાવવા માટે કેટલાક પડકારો પણ છે જેને સંબોધવા જરૂરી છે. દેશભરમાં પૂરતા પ્રમાણમાં ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ, બેટરીની પ્રારંભિક ઊંચી કિંમત, અને તેની

(અનું. આઠમાં પાને)

### ઈ-બાઈકના અલગ અલગ પ્રકારો



* પેડલ-આસિસ્ટ ઈ-બાઈક: આ પ્રકારની ઈ-બાઈકમાં પેડલ મારતી વખતે મોટર મદદ કરે છે. જેટલું વધારે પેડલ મારવામાં આવે, તેટલી વધારે મોટર પાવર પૂરો પાડે છે. આ સાયકલિંગના અનુભવને જાળવી રાખે છે અને શારીરિક કસરત પણ કરાવે છે.
* થ્રોટલ ઈ-બાઈક: આ ઈ-બાઈક સ્કૂટરની જેમ હેન્ડલ પર થ્રોટલ (એક્સિલરેટર) દ્વારા ચલાવી શકાય છે. પેડલ મારવાની જરૂર નથી, મોટર જ વાહનને આગળ ધપાવે છે.
* ફોલ્ડેબલ ઈ-બાઈક: આ કોમ્પેક્ટ ઈ-બાઈકને સરળતાથી ફોલ્ડ કરીને ઓછી જગ્યામાં રાખી શકાય છે, જેમ કે એપાર્ટમેન્ટમાં, કારની ડિકીમાં અથવા પબ્લિક ટ્રાન્સપોર્ટમાં લઈ જવા માટે આદર્શ છે.
* ફેટ-ટાયર ઈ-બાઈક: મોટા અને જાડા ટાયરવાળી આ ઈ-બાઈક રેતાળ, બરફીલા કે કાદવવાળા રસ્તાઓ પર સરળતાથી ચાલી શકે છે. આ એડવેન્ચર અને ઑફ-રોડ રાઈડિંગ માટે લોકપ્રિય છે.

# એક જ શિફ્ટમાં યોજાશે નીટ પીજીની પરીક્ષા: સુપ્રીમ કોર્ટ

## પારદર્શિતા જળવાઈ રહે અને બધા ઉમેદવારોને સમાન તક મળે તે માટે સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો

**અબતક, નવી દિલ્હી**

નીટ પીજી ૨૦૨૫ની તૈયારી કરી રહેલા મેડિકલ ઉમેદવારો માટે સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય આવ્યો છે. કોર્ટે પરીક્ષા આયોજકોને નીટ પીજી ૨૦૨૫ની પરીક્ષા ફક્ત એક જ શિફ્ટમાં લેવાનો નિર્દેશ આપ્યો છે, જેથી પારદર્શિતા જળવાઈ રહે અને બધા ઉમેદવારોને સમાન તક મળે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે, બે શિફ્ટમાં પરીક્ષા લેવાથી અસમાનતા સર્જાય છે અને તે બધા ઉમેદવારોને સમાન તક આપી શકતી નથી. બે અલગ અલગ શિફ્ટમાં પૂછાયેલા પ્રશ્નપત્રો ક્યારેય સમાન મુશ્કેલી સ્તરના ન હોઈ શકે. છેલ્લી વખત પરીક્ષા ખાસ સંજોગોમાં બે શિફ્ટમાં લેવામાં આવી હતી પરંતુ આ વખતે પરીક્ષા સંચાલન સંસ્થાએ એક જ શિફ્ટમાં પરીક્ષા યોજવાની વ્યવસ્થા કરવી જોઈતી હતી. એનબીઈની એ દલીલને ફગાવી દીધી હતી જેમાં તેણે કહ્યું હતું કે દેશભરમાં એક જ



શિફ્ટમાં પરીક્ષા યોજવા માટે પૂરતા કેન્દ્રો ઉપલબ્ધ નથી. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે, ''અમે દલીલ સ્વીકારવા તૈયાર નથી કે આખા દેશમાં અને દેશભરમાં ઉપલબ્ધ ટેકનોલોજીની પ્રગતિને જતા પરીક્ષા આયોજીત કરનારી સંસ્થા એક જ શિફ્ટમાં પરીક્ષા યોજવા માટે પૂરતા પરીક્ષા કેન્દ્રો શોધી શકી નથી.ન્યાયાધીશ વિક્રમ નાથ, જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ એન.વી. અંજારિયાની બેન્ચે નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન દ્વારા નીટ પીજી ૨૦૨૫ ની પરીક્ષા બે શિફ્ટમાં લેવાના નિર્ણયને પડકારતી અરજીઓ પર સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. બેન્ચે પરીક્ષા સત્તાવાળાઓને સ્પષ્ટ નિર્દેશો આપ્યા છે કે પરીક્ષાની નિષ્પક્ષતા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવે. કોર્ટે એમ

(અનું. આઠમાં પાને)

### નીટ પીજી પરીક્ષા ૧૫ જૂને પ્રસ્તાવિત

પરીક્ષાના સમયપત્રક મુજબ, નીટ પીજી ૨૦૨૫ પરીક્ષા ૧૫ જૂને સીબીટી મોડમાં લેવામાં આવશે. અગાઉ બે શિફ્ટમાં પરીક્ષા લેવા માટેનું સમયપત્રક બહાર પાડવામાં આવ્યું હતું. પરંતુ હવે સુપ્રીમ કોર્ટના આદેશ પછી સુધારેલ પરીક્ષાનું સમયપત્રક બહાર પાડવામાં આવશે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડને નિર્દેશ આપ્યો હતો કે નીટ પીજી ૨૦૨૫ પરીક્ષા બે શિફ્ટમાં નહીં પરંતુ એક શિફ્ટમાં લેવામાં આવે. કોર્ટે કહ્યું કે ૧૫ જૂને યોજાનારી પરીક્ષા માટે જરૂરી વ્યવસ્થા કરવા માટે હજુ પણ સમય બાકી છે.

# યાત્રીકોની સુવિધા જ રાજકોટ રેલવે ડિવીઝનનો મુખ્ય મંત્ર: ડીઆરએમ અશ્વીનીકુમાર

## રાજકોટ ડીવીઝનમાં નવગઠિત મંડળ રેલ ઉપભોકતા સલાહકાર સમિતિની બેઠક મળી

**અબતક,રાજકોટ**

રાજકોટ ડિવીઝન માં વર્ષ ૨૦૨૫-૨૬ માટે નવગઠિત મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની બીજી બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બેઠકના પ્રારંભમાં સમિતિના સચિવ અને વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીનાએ તમામ સભ્યોનું સ્વાગત કર્યું. આ અવસર પર ઉપસ્થિત સભ્યોમાંથી ક્ષેત્રીય ઉપભોક્તા સલાહકાર સમિતિ માટે પાર્થિવ કુમાર ગણાત્રાની સર્વસમ્મતિથી પસંદગી કરવામાં આવી જેઓ ચેમ્બર્સ ઓફ કોમર્સ, રાજકોટથી નામાંકિત છે. ડીઆરએમ અશ્વિની કુમારે નવા મેમ્બરની પસંદગી માટે ગણાત્રાને આ અવસર પર અભિનંદન પાઠવ્યા. આ પછી સમિતિના અધ્યક્ષ અને રાજકોટ મંડળ રેલ પ્રબંધક અશ્વિની કુમાર દ્વારા સંક્ષિપ્ત પ્રેઝન્ટેશનના માધ્યમથી તમામ



સભ્યોને મંડળની ગતિવિધિઓ અને વિકાસ કાર્યોથી અવગત કરાવવામાં આવ્યા. આ દરમિયાન સમિતિ સભ્યો દ્વારા પોતાના-પોતાના ક્ષેત્રની રેલ સમસ્યાઓ, ટ્રેનોના સ્ટોપેજ, વિસ્તરણ, નવી પરિયોજનાઓ ઝડપથી પૂરી કરવા અને મંડળના સ્ટેશનો પર વધુ સારી યાત્રી સુવિધાઓ પ્રદાન કરવા માટે પોતાના સૂચનો આપ્યા. મંડળ રેલ પ્રબંધક અશ્વિની કુમારે તમામ સભ્યોના સૂચનો પર ઝડપથી યોગ્ય કાર્યવાહીનું આશ્વાસન આપતા કહ્યું કે યાત્રી સુવિધાઓનો વિકાસ રાજકોટ ડિવીઝન ની સર્વોચ્ચ પ્રાથમિકતા છે તથા આ માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ બેઠકમાં માનનીય સભ્યોમાં અમૃતલાલ વાઢેર, ભગિયા ભવનભાઈ, દિલીપસિંહ પરમાર, દીપકભાઈ રવાણી, કેતન દફતરી, કિરીટ કુમાર ત્રિવેદી, નાનજી ભાઈ ખિમસુરિયા, પાર્થિવકુમાર ગણાત્રા, પૂજા વઘાસિયા, પ્રદીપ મહેતા, રાજ ભાઈ ગંગાણી, યોગેશ્વર પંચાણી અને પ્રવીણ બી ત્રિવેદી ઉપસ્થિત હતા. બેઠક દરમિયાન રાજકોટ મંડળના એડીઆરએમ કૌશલ કુમાર ચૌબે અને વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત હતા.


### ઝોનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટીવ કમિટીના સભ્યપદે ચેમ્બર ઉપપ્રમુખ પાર્થ ગણાત્રાની ફરી વરણી

વેસ્ટર્ન રેલ્વે, રાજકોટ ડીવીઝનની, ડીવીઝનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટીવ કમિટિ- ની ડિવીઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમાર તથા સિ. ડિવીઝનલ કોમર્શીયલ મેનેજર સુનિલકુમાર મિનાની અધ્યક્ષતામાં મિટીંગ યોજવામાં આવેલ હતી. આ કમીટી સભ્યોમાંથી સૌરાષ્ટ્ર લેવલે એક સભ્યનું નામ સભ્ય તરીકે મોકલવાનું હોય રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા સિવાય અન્ય કોઈ સભ્યએ ઉમેદવારી નોંધાવેલ ન હોવાથી પાર્થભાઈ ગણાત્રાની સતત પાંચમી વખત ઝોનલ રેલ્વે યુઝર્સ



કન્સલ્ટેટીવ કમિટિ સભ્ય તરીકે બિનહરીફ નિમણુંક થયેલ છે. જે માટે તેઓને ચારે બાજુથી શુભેચ્છાઓ મળી રહી છે. પાર્થભાઈ ગણાત્રા વર્ષ ૨૦૧૩ થી રેલ્વે કમિટિ સાથે સંકળાયેલ છે. તેમજ અગાઉ પણ આ પોસ્ટ ઉપર રહી તેઓએ રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને રેલવે સુવિધામાં પડતી મુશ્કેલી અને તેના નિરાકરણ માટે રેલ્વેમંત્રીએ, જનરલ મેનેજર તથા ડિવીઝનલ રેલ્વે મેનેજર સમક્ષ વિવિધ રજૂઆતો કરી મહદઅંશે સફળતા પણ મેળવેલ છે.

# સાઈડ કાપવા એક્ટિવા ચાલકે સતત હોર્ન મારતા ઉશ્કેરાયેલા સ્કોર્પિયો ચાલકે પીછો કર્યો'તો



## એસ્ટ્રોન ચોક નજીક રોડ પર એક્ટિવા સવાર યુવતીનો પીછો કરી પજવણીના રહસ્યમય બનાવ પરથી પોલીસે પડદો ઊંચક્યો

**અબતક, રાજકોટ**

શહેરમાં તદ્દન સામાન્ય બાબતમાં બબાલ થવાના બનાવો છાસવારે સામે આવતા હોય છે. લુખ્ખાઓના ભય વચ્ચે અવાર નવાર યુવતીઓની પજવણીના બનાવો પણ સામે આવતા હોય છે ત્યારે ગઈકાલે પણ તેવો જ એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં એક સ્કોર્પિયો કાર એક્ટિવા સવાર યુવતીનો પીછો કરી રહી હોય તેવું સામે આવ્યું હતું. જે મામલે એ.ડિવિઝન પોલીસે પડદો ઊંચકીને બનાવની હકીકત સામે લાવી હતી. જેમાં એકટીવા ચાલકે ગાળો બોલતા ઉશ્કેરાયેલા કાર ચાલકે પીછો કર્યો હોવાનું સામે આવી રહ્યું છે. હાલ તે મામલે બંને પક્ષને પોલીસ મથકે બોલાવી તપાસ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ ગઈકાલે સોશિયલ મીડિયામાં એક વિડિયો વાયરલ થયો હતો. જેમાં એસ્ટ્રોન ચોકથી અમીન માર્ગ તરફ જતા રોડ પર એક એકટીવા સવાર યુવતી પોતાના મોબાઈલમાં વિડીયો ઉતારી રહી હતી. જે વિડિયોમાં એક કાળા કલરની સ્કોર્પિયો કાર તેમનો પીછો કરી રહી હોય તેવું દ્રશ્યમાન થયું હતું. કારચાલકે પૂરપાટ પોતાની કાર ચલાવી અમીન માર્ગની એક સોસાયટીમાં એકટીવાને આંતરી પણ હતી. જોકે એકટીવા ચાલકે પોતાની બાઈક પરત ફેરવી લઈ ત્યાંથી જતા રહ્યા હોય તેવું પણ વીડિયોમાં દેખાયું હતું. જે મામલે એ ડિવિઝન પોલીસે તુરંત જ તપાસ આદરતા કાર રાજકોટની ભાગોળે આવેલ ખીરસરા ગામના એક મહિલાને નામની હોવાનું સ્પષ્ટ થયું હતું જે બાબતે પોલીસે તપાસ કરતા તે કાર મહિલાના પુત્ર ચલાવતો હતો જેથી કારચાલક સહિત બે લોકોને પોલીસ મથકે બોલાવવામાં આવ્યા હતા.

## વીડિયો વાયરલ કરનાર યુવતીએ ફરિયાદ નોંધાવવાની ના પાડી : એ ડિવિઝન પોલીસ ફરિયાદી બની ગુનો નોંધશે

વધુમાં પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ કાર ચાલક એસ્ટ્રોન ચોક નજીકથી પસાર થતા હતા ત્યારે તેની આગળ એક વૃદ્ધ બાઈક લઈ જતા હતા જેથી તેને ગાડી ધીમી રખાવી દીધી હતી અને તે સમયે પાછળથી એકટીવા ચાલક આવી ગયેલ હતા અને તેને હોર્ન મારવાનું શરૂ કરતાં કારચાલક ઉશ્કેરાયા હતાં અને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાદ કારચાલકે એક્ટિવાનો પીછો કરવાનું શરૂ કરતાં એકટીવા ચાલક ત્યાંથી ભાગવાનું શરૂ કર્યું હતું અને તેની પાછળ બેસેલ યુવતીએ વિડીયો ઉતારવાનું શરૂ કરતા કાર ચાલક વધુ ભડકયા હતાં.

જે મામલે હાલ યુવતી દ્વારા કોઈ ફરીયાદ આપવામાં ન આવતાં એ. ડિવિઝન પોલીસની ટીમે કાર ચાલક સામે કાર બેદરકારીથી ચલાવવા બાબતે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# સગીરાના અપહરણમા મદદગારી કરનાર દિનેશ રાઠોડ જામીન મુક્ત

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના વીરનગર ગામની સગીરાના અપહરણ કરવામાં મદદગારી કરનાર તાપી જિલ્લાના વ્યારા ગામનો દિનેશ રાઠોડને અદાલતે જામીન ઉપર મુકત કરતો હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ આટકોટ પોલીસ મથક વિસ્તાર હેઠળના વીરનગર ગામની સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી કિસન ઉર્ફે કાનો પરમાર, અજય ઉર્ફે લંગડો બગડા અને નિલેશ ભીખા મેવાડા કારમાં અપહરણ કરી ગયા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બાદ પોલીસે આરોપી ની ધરપકડ કરી હતી પ્રાથમિક તપાસમાં તાપી જિલ્લાના વ્યારા દિનેશ સામજી



ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ

રાઠોડ નામના લેબર કોન્ટ્રાકટર દ્વારા રહેવાની વ્યવસ્થા કરી આપવાની હોવાથી તેની પણ ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. બાદ હાલ જેલ હવાલે રહેલા દિનેશ રાઠોડ એ જામીન પર છૂટવા રાજકોટની અદાલતમાં જામીન અરજી કરી હતી. જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઇ અદાલતે દિનેશ શામજી રાઠોડ ને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે. આ કેસમાં બચાવ પક્ષે એડવોકેટ તરીકે સૌરાષ્ટ્રના જાણીતા ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ ,કલ્પેશ નસીત, નેમિશ જોષી, અનિતા રાજવંશી અને આસિસ્ટન્ટ તરીકે ઈશા કણજારીયા રોકાયા હતા.

# શાપર પુલ નજીકથી ચોરાઉ બાઈક સાથે પિન્ટુ મારૂ ઝડપાયો

## રાજકોટ શહેરની વાહનચોરીનો ભેદ શાપર પોલીસે ઉકેલ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાંથી છ માસ પૂર્વે થયેલી વાહનચોરીનો ભેદ શાપર પોલીસે ઉકેલી તસ્કર પિન્ટુ મારૂને ઝડપી લઇ ચોરીમાં ગયેલ મોટરસાયકલ કબ્જે કર્યું હતું.

જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ, નાયબ પોલીસ વડા કે જી ઝાલા દ્વારા ઘરફોડ ચોરી, વાહન ચોરી સહિતના મિલકત સંબંધી ગુના અટકાવવા તેમજ વણશોધાયેલા ગુનાઓ ડિટેક્ટ કરવાની સૂચના આપવામાં આવી હતી. જે સૂચનાને પગલે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પીઆઇ આર બી રાણાની અલગ અલગ ટીમો કાર્યરત હતી. દરમિયાન



સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા. ત્યારે હેડ કોન્સ્ટેબલ તુષારસિંહ જાડેજા, કોન્સ્ટેબલ જગશીભાઈ ઝાલા અને દિવ્યેશભાઈ શામળાને ખાનગી રાહે બાતમી મળી હતી કે, શાપર ચોકડી નીચે સર્વિસ રોડ પાસે એક શંકાસ્પદ શખ્સ ચોરી કે છળકપટથી મેળવેલ મોટરસાયકલ લઈ ઉભેલ છે. જેથી તાત્કાલિક શાપર પોલીસની ટીમ બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી અને શંકાસ્પદ વાહન અંગે જરૂરી કાગળો રજુ કરવા જણાવતા શંકાસ્પદશખ્સ પાસે કોઈ સંતોષકારક જવાબ કે કાગળો નહિ હોવાથી વાહનના ચેસીસ નંબર પોકેટ કોપ એપ્લિકેશનમાં સર્ચ કરતા આશરે છ માસ પૂર્વે રાજકોટ શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં છ માસ પૂર્વે સર્જાયેલ અકસ્માત સ્થળેથી વાહન ચોરી થયાનો ગુનો નોંધાયો હતો. જેથી શાપર પોલીસે પીન્ટુ કલ્યાણભાઈ મારુ (ઉ.વ.૨૧ રહે બુધનગર શેરી નં.-૦૧, વેરાવળ ગામ, કોટડા સાંગાણી રાજકોટ)ને ઝડપી લઇ કાળા કલરનું હીરો કંપનીનો સ્પ્લેન્ડર મોટર સાયકલ જેની કિંમત રૂ. ૪૦,૦૦૦ કબજે કરી રાજકોટ શહેરના બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

આ કામગીરીમાં પીઆઇ આર બી રાણા, પીએસઆઇ આર ડી સોલંકી, હેડ કોન્સ્ટેબલ તુષારસિંહ જાડેજા, જયદીપસિંહ વાઘેલા, કોન્સ્ટેબલ જગશીભાઈ ઝાલા, રવિરાજસિંહ જાડેજા, દિવ્યેશભાઈ શામળા, મનસુખભાઈ ચૌહાણ અને સુમિતભાઈ પનાળીયા રોકાયા હતા.


# આર્મ્સ એકટના ગુનામાં સુત્રધાર સાજીદ કચરા નિર્દોષ મુક્ત

## ડબલ મર્ડરના ગુનામાં પેરોલ જમ્પ કરી નાશી છુટેલો કચરા ગેંગનો મુખ્ય સુત્રધાર રીવોલ્વર અને પીસ્તોલ સાથે ઝડપાયો

**અબતક, રાજકોટ**

શહેરમાં ડબલ મર્ડરના ગુનામાં પેરોલ જમ્પ કરી નાશી છુટેલો કચરા ગેંગનો મુખ્ય સુત્રધાર સાજીદ હુસેન કચરા ગેરકાયદેસર હથીયારો સાથે ઝડપાયો હતો. જે આર્મ્સ એકટના ગુનામાં કોર્ટે કચરા ગેંગના મુખ્ય સુત્રધાર સાજીદને નિર્દોષ મુક્ત કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ડબલ મર્ડર ગુનાનો આરોપી સાજીદ હુસેન કચરા પેરોલ જમ્પ કરી નાસી છૂટ્યો હતો. આરોપી સાજીદ કચરા ગેરકાયદેસર હથીયાર સાથે જતો હોય તેવી બાતમી મળતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે વોચ ગોઠવી નહેરૂનગર શેરીના ખૂણા પાસે



ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી

સાજીદ હુસેન કચરા વહેલી સવારે દેશી બનાવટની રીવોલ્વર અને પીસ્તોલ તેમજ છ જૂના કાર્ટીસ સાથે ઝડપી લીધો હતો. આરોપી સાજીદ કચરા વિરૂધ્ધ આર્મ્સ એકટની કલમ હેઠળ ગુનો નોંધી જેલ હવાલે કર્યો હતો. જે ચાર્જશીટ બાદ અદાલતમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા વિવિધ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી સાજીદ હુસેન કચરાને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવ્યો હતો.આ કેસમાં આરોપી સાજીદ કચરા વતી ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદિમ ધંધુકિયા, વિશાલ કૌશીક, ભુમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા અને કેવિન ભીમાણી રોકાયા હતા.

# સમૂહલગ્નના નામે છેતરપિંડી આચરનાર ચંદ્રેશ છાત્રોલાના જામીન મંજૂર

## સમૂહલગ્ન સ્થળે ખાણીપીણીની વ્યવસ્થા ન કરી આયોજકએ ફોન ફોન બંધ ૨૮ મીંઢોળ બંધાને રઝળાવયા

**અબતક, રાજકોટ**

શહેરના રેલનગરમાં ગત તા. ૨૨ ફેબ્રુઆરીના ઋષિવંશી સમાજના સમૂહ લગ્નમાં ૨૮ દીકરીઓને રઝળાવવા ચકચારી ઘટનામા મુખ્ય સૂત્રધાર ચંદ્રેશ છાત્રોલાની જમીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો છે. રાજકોટ પ્રદ્યુમનનગર પોલીસે સમૂહલગ્નમાં નોંધણી કરાવનાર દીકરીના પિતા કાનજી દેવશીભાઈ ટાટમીયા (ઉ.વ.૫૪)ને ફરિયાદી બનાવ્યા હતા. તેમની દીકરીના લગ્ન ઋષિવંશી સમાજ સેવા સંઘ રાજકોટ દ્વારા આયોજીત સર્વ જ્ઞાતિ સમૂહલગ્નોત્સવમાં કરવા હોવાથી ગત તા. ૪.૧૨.૨૦૨૪ના રોજ પરિવારના સભ્યો અને વેવાઈ પક્ષના સભ્યો રેલનગર ખોડીયાર હોટલ નજીક ચંદ્રેશ જગદીશભાઈ છાત્રોલાના ઘરે ગયા હતા. ત્યાં આરોપી ચંદ્રેશે જણાવ્યું હતું કે, તે તેમજ દિલીપ ગોહિલ, દિપક હિરાણી, હાર્દિક શીશાંગીયા, મનિષ વિઠલાપરા, દિલીપ વરસાડા તેમજ અમારું મિત્ર મંડળ તા. ૨૨ મે. ૨૦૨૫ના રોજ સમૂહલગ્નનું આયોજન કરીશું. ગત તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૭ વાગ્યાની આસપાસ લગ્ન સ્થળે પહોંચતા ત્યાં ફક્ત મંડપ નાખેલો હતો. થોડીવારમાં અલગ અલગ કન્યા તેમજ વરરાજા પક્ષના મહેમાનો આવ્યા. જોકે, સમૂહલગ્ન સ્થળે ખાણીપીણીની વ્યવસ્થા નહોતી. આયોજકને ફોન કરતા ફોન બંધ આવતો હતો. ચંદ્રેશ છાત્રોલાના ઘરે જતા તેના ઘરે તાળુ મારેલું હતું. આ ફરિયાદના આધારે પોલીસે તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ આરોપી દિપક હિરાણી, મનિષ વિઠલાપરા, દિલીપ ઉર્ફે દિલ્પેશ ગોહિલ અને દિલીપ ગીરધર વરસડાની ધરપકડ કરી હતી. મુખ્ય આરોપી ચંદ્રેશ છાત્રોલા નાસતો ફરતો હતો. પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા મુખ્ય સૂત્રધાર ચંદ્રેશ છાત્રોલાની ધરપકડ કરવામાં આવી છે. ચંદ્રેશની વિશેષ તપાસ માટે પોલીસે રિમાન્ડ ની માંગ સાથે અદાલતમાં રજૂ કરતા જે અરજી અદાલતે ના મંજૂર કરી અને બચાવ પક્ષના વકીલ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઈ અદાલતે ચંદ્રેશ છાત્રોલાની રેગ્યુલર જામીન અરજી શરતને આધીન મંજૂર કરતો હુકમ કર્યો છે.આ કેસમાં આરોપી વતી યુવા એડવોકેટ દિવ્યેશ આર. મહેતા, અશ્વિન મહાલિયા, કિરીટસિંહ જાડેજા, રેખાબેન તુવાર, પરેશ વરિયા અને માયાબેન રાજ્યગુરૂ રોકાયા હતા.

# હુબલીના વેપારી સામે વોરંટ કાઢતા રકમની ચુકવણી કરી દીધી

## મહાદેવ કાસ્ટિંગ'ના પાસેથી કર્ણાટકના વેપારી એ ફાયર સેફટી ઈકવીપમેન્ટસની ખરીદની ચુકવણી પેટે આપેલો ચેક રીટર્ન થયો 'તો

**અબતક, રાજકોટ**

રૂા. ૧૦.૧૮ લાખના ચેક રીટર્ન કેસમાં હુબલી-કર્ણાટકના વેપારી સામે કોર્ટ વોરંટ કાઢતા વેપારીએ રકમની બેંક મારફત ચુકવણી કરી દીધી હતી.આ કેસની વિગત એવી છે કે, રાજકોટના લોઠડા ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં પ્રિતેશ જયસુખભાઈ બાબરીયા પાસેથી 'મહાદેવ કાસ્ટિંગ'ના નામથી પાર્ટનર દરજજે ફાયર સેફટી ઈકવીપમેન્ટસ કંચન પ્રવિણકુમાર બેવીનાકટી નમો ફાયર ટેકનોલોજીવાળા (સિદ્ધેશ્વર પાર્ક, ધાઈવાડ, હુબલી, કર્ણાટક)એ ફાયર સેફટી ઈકવીપમેન્ટની ખરીદી કરેલી, જે માલનું બાકી રહેતું પેમેન્ટ રૂા. ૧૦.૧૮ લાખ ચુકવવા મોકલાવેલ ચેક 'ફન્ડસ ઈન્સફીસીયન્ટ' ના શેરા સાથે પરત ફરેલ હતો. જેથી લીગલ નોટીસ મોકલ્યા છતા તેની રકમ ન ચુકવતા પ્રિતેશભાઈ બાબરીયાએ તેમના વકીલ મારફત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ સ્પેશ્યલ નેગોશીયેબલ કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી. જે અનુસંધાને સ્પેશીયલ નેગોશીયેબલ કોર્ટે હુબલી કર્ણાટકના વેપારી કંચન પ્રવીણકુમાર બેવીનાકટીને રાજકોટની અદાલતમાં હાજર થવા અંગેનું વોરંટ કાઢતા જ વેપારીએ ચેક મુજબની રકમ બેંક મારફત ચુકવણી કરી દીધી હતી. આ કેસમાં ફરીયાદી તરફે રાજકોટના વકીલ અતુલ સી. ફળદુ, અજય કે જાધવ, ચાર્મી કે. પંડયા રોકાયા હતા.

# મારકૂટ અંગે માતા-પિતાને કહીશ તો આખા પરિવારને પતાવી દઈશ : પતિની ધમકી

## તું કરિયાવર ઓછો લાવી છો કહી ગાંધીગ્રામ વિસ્તારની પરિણીતાને સાસુ-સસરા મેણાંટોણા મારતા અંતે ત્રાસની ફરિયાદ

**અબતક, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારની પરિણીતા સાથે પતિ મારકૂટ કરતો હોય અને સાસુ-સસરા તું કરિયાવર ઓછો લાવેલ છો કહી નાની નાની વાતમાં મેણાંટોણા મારતા હતા. દરમિયાન પતિને સુરત ખાતે નોકરી મળતા ત્યાં સાથે લઈ જઈને નાની નાની વાતમાં ઝગડા કરી મારકૂટ કરતો હતો અને આ બાબતે તારા માતા-પિતાને વાત કરીશ તો તને અને તારા આખા પરિવારને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતી હોય અંતે પરિણીતાએ પતિ અને સાસરિયાઓ વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

હાલ ગાંધીગ્રામના ગોવિંદનગર શેરી ન.૪માં રહેતી પાયલબેન અમીતગીરી ગૌસ્વામી (ઉ.વ.૨૬)એ પતિ અમિતગીરી ભુપતગીરી ગોસ્વામી,સસરા ભુપતગીરી ઈશ્વરગીરી અને સાસુ રક્ષાબેન ભુપતગીરી(રહે.બધા ભવનાથ સોસાયટી શેરી.૨ હરિધવા રોડ)સામે ત્રાસની ફરિયાદ નોંધાવી છે.

પાયલબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે,હાલ મારા પીયરમાં મારા માતા-પીતા સાથે રહુ છું.મારા લગ્ન આજથી પાંચ વર્ષ પહેલા તા.૦૨/૦૨/૨૦૨૦ ના થયેલ હતા અને લગ્નજીવનથી અમને સંતાનમાં એક દીકરી છે જે હાલ મારી પાસે રહે છે. હું લગ્ન બાદથી રાજકોટ ખાતે મારા સાસરિયા સાથે સંયુકત કુટુંબમા રહેતી, જેમાં મારા સાસુ રક્ષાબેન ભુપતગીરી ગૌસ્વામી તથા સસરા ભુપતગીરી ઈસ્વરગીરી ગૌસ્વામી સાથે રહેતા હતા. લગ્ન બાદથી મને નાની નાની વાતમાં શારીરિક માનસિક ત્રાસ આપવાનું શરૂ કરી દિધેલ હતું. બાદ અમારા ઘરે દીકરીનો જન્મ થતા મારા પતિ મારી સાથે કંકાસ કરતા હતા. મને એમ હતું કે, ધીરે-ધીરે બધુ સારુ થઈ જાશે પણ નાની નાની વાતમા જેમ ફાવે તેમ બોલી મને હેરાન-પરેશાન કરતા હતા. મારી સાથે મારકુટ કરતા હતા. મારા સાસુ-સસરા મને કહેતા કે તું કરીયાવર ઓછો લાવેલ છે, તારા બાપે કાંઈ આપેલ નથી. તેવા મેણા ટોણા મારતા હોય અને જેમ ફાવે તેમ મારા માતા-પિતા વિશે અવાર-નવાર બોલતા હતા. પતિને આશરે એક વર્ષ પહેલા સુરત મુકામે એલ.એન ટી કંપનીમા નોકરી મળતા તેઓની સાથે હું છ થી સાતેક મહિના રહેલ હતી અને ત્યા પણ મારી સાથે જૂની વાતને લઈ મારી સાથે ઝગડો કરી મને મારકુટ કરતા હતા. ફેબ્રુઆરી માસમા મારા કાકાના દીકરીના લગ્ન હતાં ત્યારે સુરતથી મારી સાથે ઝગડો કરી મને મારા માવતરે મુકી ગયેલ ત્યારે મને ધમકી આપેલ ગયેલ કે, આ મારકુટ વિશે કોઈને કહીશ તો પાછી આવીશ ત્યારે જાનથી મારી નાખીશ અને તારા માતા-પીતાને પણ મારી નાખીશ આમ મારા પતિએ મારી સાથે અવાર નવાર ઝગડો કરી અને મારઝુડ કરી અને મારા સાસુ-સસરાએ મને શારીરિક અને માનસીક દુઃખ ત્રાસ આપતા હોય અને મને તથા મારા માતા પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ કરવામાં આવી હતી.

# પોક્સો ગુનામાં આરોપીની જામીન અરજી મંજુર

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતી ૧૫ વર્ષની સગીરાનું અપહરણ કરી જવાના પોક્સો એકટના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપીની જામીન અરજી અદાલતે મંજુર કરતો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ ફરિયાદીની ૧૫ વર્ષની સગીર વયની પુત્રીને આરોપી જયરાજ કાઠી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હોવાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપી જયરાજ કાઠીને ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં જેલ હવાલે રહેલા આરોપી દ્વારા તેના વકીલ મારફત સેસન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ કોર્ટે આરોપી જયરાજ કાઠીને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી ધરાશાસ્ત્રી અશ્વિનભાઈ ગોસાઈ, ચિત્રાંક એસ વ્યાસ, નેહા પી. રાવલ, રવિ મૂલીયા, કશ્યપ ઠાકર, બીનાબેન પટેલ, ભાવિન રૂઘાની, હાજીભાઈ કાંટેલિયા, સાગર પ્રજાપતિ, સચિન ગોસ્વામી, આસિસ્ટન્ટ તરીકે રાજુભાઈ ગોસ્વામી, યસ ભીંડોરા, રીનાબેન સરના, વૈશાલી ચાવડા, પ્રશાંત શુકલા અને ધનરાજસિહ જાડેજા રોકાયા હતા.

# વિકૃત પાડોશીએ અગાસી પર સુતેલી મહિલા સાથે શારીરિક અડપલાં કર્યા

## નરાધમની હરકતથી નિંદ્રાધીન મહિલાની ઉંઘ ઉડી જતાં બુમાબુમ : આરોપી ભાગીને સોમનાથ સોસાયટી સ્થિત ભાડાના મકાનમાં જઈ સુઈ ગયો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં મૂળ ઉપલેટાના વિકૃત શખ્સે પરીવાર સાથે અગાસી પર સુતેલી મહિલાના શરીરે અડપલા કર્યાનો બનાવ સામે આવતાં ચકચાર મચી ગઈ હતી. મહિલા જાગી જતા આરોપી ભાગીને બાજુમાં આવેલ ભાડાના મકાનમાં જઈ સુઈ ગયો હતો. પરંતુ દોડી આવેલ પોલીસે આગવી ઢબે સરભરા કરતાં વિકૃત કબૂલાત આપી હતી.

બનાવ અંગે રાજકોટના ૧૫૦ ફૂટ રીંગરોડ નજીક રહેતી ૩૫ વર્ષે પરણીતાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ઋત્વિક કનું મેવાડા (રહે.મૂળ ઉપલેટા, હાલ રાજકોટ) નું નામ આપતા યુનિ પોલીસે ગુનો નોંધી આરોપીની અટક કરી હતી

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે તેઓ અગાઉ રૈયા ગામ વિસ્તારમાં રહેતા હતા બાદ છેલ્લા બે મહિનાથી તેઓ પરિવાર સાથે દોઢસો ફૂટ રીંગ રોડ નજીક આવેલ એક શેરીમાં રહેવા આવ્યા હતા. તેણીના પરિવારમાં તેના પતિ મજૂરી કામ કરે છે અને સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર છે.

ગઈ તા. ૨૯ ના તેઓ પરિવાર સાથે ઘરે હતા ત્યારે રાત્રિના ઉનાળાના કારણે ગરમી હોવાથી રાત્રિના સમયે પતિ અને ચારેય સંતાનો સાથે અગાસી પર જોવા માટે ગયેલ હતા ત્યારે મોડી રાત્રિના ત્રણેક વાગ્યાની આસપાસ તેમના શરીરે કોઈ હાથ ફેરવતું હોય તેઓ સ્પષ્ટ થતા તેઓ જાગી ગયા હતા અને બૂમાબૂમ કરી દેતા એક શખ્સ ત્યાંથી દોડીને નાસી છૂટતો જોવા મળ્યો હતો. જે બાદ તેણીએ તેના પતિને બનાવ અંગે વાત કરતા ત્યાં નજીકમાં જ રહેતા પડોશીના ઘરે તપાસ થઈ ગયા હતા. જ્યાં ત્રણ યુવાનો ભાડે રહેતા હોય જેથી મકાન માલિકને જગાડી આ ઘટના અંગે વાત કરી હતી.

જે બાદ ત્રણેય યુવાનોને પણ જગાડી પૂછપરછ કરતા તેઓએ વ્યવસ્થિત જવાબ આપ્યા નહોતા, જોકે તેણે એક શખ્સને કપડાથી ઓળખી બતાવ્યો હતો. જે બાદ તેઓએ ૧૮૧ ને કોલ કરતા દોડી આવેલ પોલીસે ત્રણેય શખ્સોને પોલીસ મથકે લઈ જઈ આગવી ઢબે પૂછપરછ કરતા તેમાંથી ઋત્વિક મેવાડા નામના શખ્સે પ્રથમ સિગારેટનું પેકેટ લેવા ગયો હતો બાદમાં ચોરી કરવાના પ્રયાસથી ત્યાં ગયો હતો અને છેલ્લે આકરી પૂછતાછ જ બાદ પોતે મહિલાનું શિયળ લૂંટવાના ઈરાદે ગયો હોવાની કબુલાત આપી હતી. જે બાદ યુનિવર્સિટી પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપી ડ્રાઈવિંગ કામ કરતો હોવાનું અને છેલ્લા પંદરેક દિવસથી અહીં રહેતો હોવાનું સામે આવ્યું છે.

**મહિલાએ તાત્કાલિક પોલીસને જાણ કરતા પોલીસે આગવી ઢબે પૂછપરછ કરતા શિયળ લૂંટવાના ઈરાદે ઘસી ગયાની વિકૃત શખ્સની કબૂલાત**

# જીવરાજ પાર્કમાં ફલેટમાંથી રૂ.૩૦.૫૦ લાખની ચોરીમા નોકરની આગોતરા જામીન મંજૂર

## રૂા. ૯ લાખ રોકડા અને રૂા. ૨૧.૫૦ લાખની ત્રણ વિદેશી ઘડીયાળો ભરત ઓડેદરાએ હાથ ફેરો કર્યો હતો

**અબતક, રાજકોટ**

અંબિકા ટાઉનશિપ, જીવરાજ પાર્કમાં આવેલ ફલેટમાંથી વિદેશી ઘડિયાળ સહિત ૩૦.૫૦ લાખની મતાની ચોરીની ફરિયાદ અન્વયે ઘર નોકરની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ અંગેની હકીકત મુજબ, આ અંબિકા ટાઉનશિપ, જીવરાજ પાર્કમાં કસ્તુરી એવિયરી બિલ્ડિંગના ફલેટમાં રહેતા જતીનભાઈ હરેશભાઈ અઢીયાએ તેમને ત્યાં નોકરી કરતાં મુળ પોરબંદરનાં રહેવાસી ભરતભાઈ પરબતભાઈ ઓડેદરા સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં રૂા. ૯ લાખ રોકડા તથા આશરે રૂા. ૨૧.૫૦ લાખની ત્રણ વિદેશી ઘડીયાળો મળીને કુલ રૂા. ૩૦.૫૦ લાખની ચોરીની એક ફરિયાદ કરી હતી અને તેથી આરોપીએ રાજકોટની કોર્ટમાં બી.એન.એસ.ની કલમ - ૩૦૬ના ગુન્હાનાં કામે તેમના વકીલ મારફત આગોતરા જામીન અરજી કરેલી તે અરજીનાં કામે આરોપી વતી રજૂઆત કરવામાં આવી હતી કે હાલના આરોપી ફરિયાદીને ત્યાં કુતરાના રખેવાળ અને નોકર તરીકે કરતા હોય, તેમની સામે ખોટી હકીકત વાળી ફરિયાદ થઈ છે, વાસ્તવમાં પગાર પેટે રૂપિયા અઢી લાખ બાકી નીકળતા હતા. જે લેણી રકમ રોકડમાંથી કાપીને રૂ. ૫,૦૮,૮૦૦નું તે વખતે જ ફરિયાદીને ઓનલાઈન પેમેન્ટ કરી દીધું હતું. ફરિયાદમાં હકીકતો ઉપજાવી કાઢેલી છે. જે દલીલો ધ્યાને લઈને સેશન્સ કોર્ટે આરોપી ભરતભાઈ પરબતભાઈ ઓડેદરાને રૂા. ૫૦ હજારનાં જામીન ઉપર મુકત કરતો હુકમ કરેલ છે. આ કામે આરોપી વતી કેતન એન. સિંધવા, પંકજ આર. દોંગા, ભરત સીંગરખીયા તથા હસુભાઈ પરમાર રોકાયા હતા.

# ગુજરાતમાં ચોમાસાના આગમનમાં વિલંબની ભીતિ

## ડિપ્રેશનના કારણે બંગાળની ખાડીમાં ચોમાસાની ગતિ ધીમી પડી: બાંગ્લાદેશ તરફ આગળ વધ્યું

## રાજયના ૩૫ તાલુકામાં વરસાદ: રાજકોટ સૌથી વધુ 'ગરમ'

**અબતક, રાજકોટ**

દેશમાં નિર્ધારિત સમય કરતા આઠ દિવસ વહેલુ નૈઋત્યના ચોમાસાનું આગમન થયું છે. કેરળ સહિત દેશના અલગ અલગ ૧૭ રાજ્યોમાં ચોમાસાએ દસ્તક દીધી છે. ગુજરાતમાં પણ નિર્ધારિત સમય કરતા પાંચેક દિવસ વહેલુ ચોમાસુ બેસે તેવા એંધાણ વર્તાય રહ્યા હતા પરંતુ ડિપ્રેશન સર્જાવાના કારણે બંગાળની ખાડીમાં ચોમાસાની આગળ વધવાની પ્રક્રિયા થોડી ધીમી પડી છે. જેના કારણે ગુજરાત, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશ સહિતના કેટલાક રાજયોમાં ચોમાસુ નિર્ધારિત સમય કરતા પણ મોડુ બેસવાની ભીતિ ઉભી થવા પામી છે. હાલ ચોમાસુ બાંગ્લાદેશ તરફ ગતી કરી રહ્યું છે. ગત ૨૪મી મેએ કેરળમાં ચોમાસાનું આગમન થયું હતુ. ૧૬ વર્ષ બાદ ભારતમાં આઠ દિવસ વહેલુ ચોમાસુ બેસી ગયું છે. પરંતુ ડિપ્રેશન સર્જાવાના કારણે ચોમાસાની પ્રગતિ પર બ્રેક લાગી જવા પામી છે. ગુજરાતમાં ચોમાસાના આગમનને વિલંબ થવાની શકયતા રહેલી છે.

રાજયભરમાં કમોસમી વરસાદનું જોર ઘટ્યું છે આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૩૫ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ એક ઈંચ સુધી વરસાદ પડયો હતો. હાલ ગુજરાત પર બે સિસ્ટમો સક્રિય હોવાના કારણે આગામી છ દિવસ સુધી રાજયમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. દરમિયાન રાજકોટ શહેર ૪૧ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. અસહ્ય ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. આગામી ૧૦મી જૂન આસપાસ ગુજરાતમાં નૈઋત્યના ચોમાસાનું વિધિવત આગમન થઈ જવાની પણ સંભાવના રહેલી છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સુત્રોના જણાવ્યાનુસાર આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૩૫ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. હાલ રાજ્ય પર બે સિસ્ટમો સક્રિય છે. પરંતુ તે આ સિસ્ટમ બહુ મજબુત નથી આજથી રાજ્યભરમાં વરસાદનું જોર ઘટશે. ડાંગના આહવામાં સૌથી વધુ ૨૪ મીમી વરસાદ પડયો હતો. જયારે જગડીયામાં ૨૨ મીમી, ભરૂચમાં ૨૧ મીમી, સુબીરમાં ૨૧ મીમી, વલીયામાં ૧૯ મીમી, સોનગઢમાં ૧૫ મીમી, ધંધુકામાં ૧૪ મીમી, કરજણમાં ૧૪ મીમી, હનસોટમાં ૧૩ મીમી, સાતલાસણામાં ૧૨ મીમી, વઘઈમાં ૧૨ મીમી, અંકલેશ્વરમાં ૧૦ મીમી, થસરામાં ૮ મીમી, વરસાદ પડ્યો હતો. આગામી ૬ દિવસ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. માછીમારોને દરિયો ન ખેડવા પણ તાકીદ કરવામાં આવી છે. છુટા છવાયા વિસ્તારમાં હળવો વરસાદ પડશે. કમોસમી વરસાદ વચ્ચે ગુરૂવારે રાજયના ૩ શહેરોમાં મહતમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ ગયો હતો. ૪૧ ડિગ્રી સાથે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ આ ઉપરાંત સુરેન્દ્રનગરનું તાપમાન ૪૦.૯ ડિગ્રી, અને કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતુ. અસહ્ય ઉકળાટનો પણ અનુભવ થઈ રહ્યો છે. સવારથી રાજયભરમાં ઉઘાડ જોવા મળી રહ્યો છે.

# ૨૬ વર્ષ જુના લાંચ કેસમાં મેટ્રોલોજી વિભાગના સહાયકનો છુટકારો કરતી હાઈકોર્ટ

## વાસ્તવિક ગુનેગાર ઈન્સ્પેક્ટર શિરોયા વિરુદ્ધ પગલાં લેવા જસ્ટિસ ડી એન રેનો આદેશ

**અબતક, રાજકોટ**

રાજ્યની લીગલ મેટ્રોલોજી વિભાગના સહાયકનો લાંચ કેસમાં ૨૬ વર્ષ બાદ ગુજરાત હાઈકોર્ટએ છુટકારો કરી દીધો છે. જયારે વર્ષ ૧૯૯૯ માં એસીબી દ્વારા છોડી મુકાયેલાં ઉપરી અધિકારી સામે પગલાં લેવા જસ્ટિસ ડી એન રે દ્વારા આદેશ આપવામાં આવ્યો છે.



હાઈકોર્ટે સરકારને કાનૂની મેટ્રોલોજી વિભાગના નિરીક્ષક સામે યોગ્ય કાર્યવાહી શરૂ કરવાનો આદેશ આપ્યો છે. મામલામાં બચાવ પક્ષના વકીલ વારીશ મનસુરીએ જણાવ્યું હતું કે, ફરિયાદી એજન્સી એસીબી માટે આ બાબત તદ્દન ટીકાકારી છે જેણે વાસ્તવિક ગુનેગાર સામે કાર્યવાહી કરી નથી.

કેસની વિગતો અનુસાર વર્ષ ૧૯૯૯માં સુરત જિલ્લાના વરેલી ગામમાં ફરિયાદી પી.એમ. દીક્ષિત પાસેથી ૨૦૦ રૂપિયાની લાંચ લેતી વખતે મેટ્રોલોજી વિભાગના સહાયક મોહનભાઈ પરમારને એસીબીના અધિકારીઓએ પકડી પાડ્યા હતા. પરમાર પર ટ્રાયલ ચલાવવામાં આવ્યો હતો અને ૨૦૦૮માં તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે પરમારના નિર્દોષ જાહેર કરવાના નિર્ણયને પડકાર્યો હતો. સુનાવણી પછી જસ્ટિસ ડી.એન. રેએ પરમારના નિર્દોષ જાહેર કરવાના નિર્ણયને સમર્થન આપ્યું હતું પરંતુ પુરાવાઓમાં આઘાતજનક સ્થિતિ પણ નોંધી હતી.

ફરિયાદીએ સ્પષ્ટપણે રજૂઆત કરી હતી કે લાંચ ઈન્સ્પેક્ટર એસ.બી. શિરોયા દ્વારા માંગવામાં આવી હતી. તેમણે વારંવાર

(અનુ. આઠમા પાને)

# રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં સફેદ તલ અને મગફળીની ચિકકાર આવક

## મગફળીની ૭૫ હજાર મણ જયારે સફેદ તલની ૪૪ હજાર મણની આવક થઈ ૬૦૦ વાહનો આવતા ખુદ ચેરમેન જયશે બોધરા ઉતરાય વ્યવસ્થામાં લાગી ગયા

**અબતક, રાજકોટ**

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં આજે સવારે મગફળી અને સફેદ તલની ચિકકાર આવક થવા પામી હતી. વિવિધ જણસી ભરેલા ૬૦૦ થી વધુ વાહનો આવતા યાર્ડની બહાર વાહનોની લાંબી કતારો લાગી જવા પામી હતી. ખુદ યાર્ડના ચેરમેન જયેશભાઈ બોધરા અને વાઈસ ચેરમેન વિજયભાઈ કોરાટ સહિતના ડિરેકટરો ઉતરાય વ્યવસ્થામાં જોતરાય ગયા હતા. એક પછી એક વાહનોને ક્રમશઃ પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ હાલ ચોમાસાની સિઝન નજીક હોવા છતાં રાજકોટ માકેટીંગ યાર્ડમાં વિવિધ જણસીની નોંધ પાત્ર આવક થઈ રહી છે. આજે સવારે યાર્ડમાં મગફળીની ૭૫ હજાર મણ અને સફેદ તલની ૪૪ હજાર મણ આવક થવા પામી હતી. જાડી મગફળીનો ભાવ હાલ રૂ. ૧૦૦૦ થી ૧૨૫૦ સુધી બોલાય રહ્યો છે. આ ઉપરાંત જીણી મગફળીનો ભાવ પ્રતિ ૨૦ કિલો રૂ. ૧૦૫૦ થી રૂ. ૧૫૬૪ બોલાય

(અનુ. આઠમા પાને)



# સિહોર નજીક કનિવાવ ગામે કુહાડીના ઘા ઝીંકી દંપતીની ક્રૂર હત્યા

## પતિ-પત્ની ઝઘડો કરતા હોય પાડોશી શખ્સ કજીયો નહિ કરવા ટકોર કરવા ગયો'તો

## બનાવને પગલે એસપી, ડીવાયએસપી, એલસીબી, એસઓજી અને સિહોર પોલીસની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ

**અબતક, રાજકોટ**

ભાવનગર જિલ્લાના સિહોર નજીક કનિવાવ ગામે ઈંટોના ભઠ્ઠા પર ગઈ રાત્રે ખૂની ખેલ ખેલાયો હતો. ઈંટના ભઠ્ઠા પર કામ કરતા મુળ નવસારીના પતિ પત્ની પોતાની ઓરડીમાં ઝઘડો કરતા હતા. ત્યારે બાજુમાં રહેતા યુવાને ઝઘડો નહીં કહેવાનું કહેતા પતિ-પત્ની તેની સાથે પણ ઝઘડો કરવા લાગતા ઉશ્કેરાઈ જઈ પાડોશી યુવાને કુહાડી વડે પતિ-પત્ની ઉપર આડેધડ ઘા ઝીંકી દઈ દંપતીની ક્રૂર હત્યા કરી નાસી છૂટયો હતો. બનાવવાની જાણ થતા જ પોલીસ બનાવ સ્થળે દોડી ગઈ હતી.

બેવડી હત્યાની પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના શિહોર પાસે આવેલ કનીવાવ ગામમાં ઈંટોના ભઠ્ઠામાં કામ કરતા મૂળ મહેસાણા ગામના વતની મજુર દંપતી રામુભાઈ નટુભાઈ હળપતિ (ઉ.વ.૨૫) તથા તેના પત્ની લક્ષ્મીબેન રામુભાઈ હળપતિ (ઉ.વ.૨૩) પોતાની ઓરડીમાં ગઈ મોડી રાત્રી દરમિયાન ઝઘડો કરતા હતા. ઝગડાનો જોર જોરથી અવાજ આવતા પાડોશમાં રહેતો યુવાન સમજાવટ કરવા ગયો હતો. બાજુમાં રહેતા નવસારીના મજુર અમિત નાયકાએ પતિ-પત્નીને ઝઘડો નહીં કરવા જણાવ્યું હતું. પરંતુ રમુભાઈ તેની સાથે પણ ઝઘડો કરવા લાગ્યા હતા. જોતજોતામાં બોલાચાલી ઉગ્ર બની હતી. જેથી ઉશ્કેરાયેલા અમિત નાયકાએ બાજુમાં પડેલ કુહાડીથી રામુભાઈ અને તેની પત્ની લક્ષ્મીબેન ઉપર કુહાડીના ઉપરા છાપરી ઘા ઝીંકી દઈ બંનેની ઘાતકી હત્યા કરી નાસી છૂટ્યો હતો.

આ બનાવવાની જાણ થતા જ

(અનુ. આઠમા પાને)

### હત્યારો પોલીસના હાથવેંતમાં હોવાનો અહેવાલ

મામલામાં પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર હત્યા નીપજાવી નાસી જનાર અમિત નાયકને શોધી કાઢવાની જિલ્લા પોલીસવડાના આદેશને પગલે પોલીસની અલગ અલગ ટીમોએ ગણતરીની કલાકોમાં જ અમિત નાયકાને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધર્યાનું જાણવા મળી રહ્યું છે.

### અમારા પતિ-પત્નીના ઝઘડામાં વચ્ચે પડીશ તો તને પણ મારીશ: મૃતકનું એક વાક્ય મોતનું કારણ બન્યું

રામુભાઈ અને લક્ષ્મીબેન નાની-નાની વાત ઉપર ઝગડો કરતા હતા. ત્યારે બાજુમાં રહેતા અમીતભાઈ નાયકાએ ઝગડો કરવાની ના પાડતા રામુભાઈએ અમિતને કહેલ કે તારે અમારા પતી-પત્નીના ઝગડામાં કાઈ વચ્ચે નહી બોલવાનું, વચ્ચે આવીશ તો તને પણ મારીશ કહીને જોર જોરથી રાડો પાડી અમીત સાથે ઝગડો કરવા લાગેલ હતા. જેથી ઉશ્કેરાઇ ગયેલા અમિતે બાજુમાં પડેલ કુહાડી વડે રામુભાઈના ગળાના ભાગે એક ઘા મારતા તે નીચે પડી ગયેલ અને બીજો ઘા ગળાની ભાગે મારવા લાગેલ હતો. દરમિયાન વચ્ચે પડેલ લક્ષ્મીબેનને પણ બે ઘા મારી પતાવી દેવામાં આવ્યા હતા.

## દંપતીએ યુવક સાથે બોલાચાલી કરતા ખૂની ખેલ ખેલાયો : ઉશ્કેરાયેલા યુવકે કુહાડીના આડેધડ ઘા ઝીંકી બેવડી હત્યાને અંજામ આપ્યો

## અગાઉ ૨૦૦ મીટર દુર બૂથ ઉભી કરી શકાતું હતું

# રાજકીય પક્ષો-ઉમેદવારો હવે મતદાન મથકથી ૧૦૦ મીટર દુર જ બુથ ઉભુ કરી શકશે

## મતદારોની સુવિધા માટે ચૂંટણી પંચ દ્વારા ૧૦૦ દિવસમાં નવી ૨૧ પહેલ: સોસાયટીઓમાં પણ મતદાન મથક ઉભા કરી શકાશે

**અબતક, રાજકોટ**

મતદારોના અનુભવને બહેતર બનાવવા અને ચૂંટણી વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવા માટે ભારતીય ચૂંટણી પંચે છેલ્લા ૧૦૦ દિવસમાં ૨૧ નવી પહેલ શરૂ કરી છે. ૨૬મા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના કાર્યભાર સંભાળ્યાના પ્રથમ ૧૦૦ દિવસોમાં હેતુપૂર્ણ, વ્યવહારિક અને સક્રિય પગલાંઓ લેવામાં આવ્યા છે. માર્ચ ૨૦૨૫માં યોજાયેલી મુખ્ય ચૂંટણી અધિકારીઓની પરિષદ દરમિયાન ચૂંટણી કમિશનર ડો. સુખબીર સિંહ સંધુ અને ડો. વિવેક જોશીની ઉપસ્થિતિમાં પુનઃઉર્જાવાન બનાવવા માટેનું વિઝન ઘડવામાં આવ્યું હતું.

મતદારો સુધી પહોંચ વધારવા માટે મતદાન મથક દીઠ મતદારોની મહત્તમ સંખ્યા ૧,૫૦૦ થી ઘટાડીને ૧,૨૦૦ કરી છે. ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં જેમ કે ગેટેડ સોસાયટીઓ અને હાઈરાઈઝ કોલોનીમાં વધારાના મતદાન મથકો સ્થાપિત કરવામાં આવશે. કમિશનનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે, કોઈપણ મતદાતાને મતદાન કરવા માટે ૨ કિમીથી વધુ મુસાફરી કરવાની જરૂર ન પડે. મતદાર માહિતી સ્લિપને સ્પષ્ટ વિગતો સાથે ફરીથી ડિઝાઈન કરવામાં આવી છે, જેમાં સિરીયલ અને ભાગ નંબર સ્પષ્ટ રીતે દેખાય તેના પર ભાર મુકવામાં આવ્યો છે. મતદારોની સુવિધામાં નોંધપાત્ર વધારો કરવા માટે, દરેક મતદાન મથકના પ્રવેશદ્વાર પર મોબાઈલ ડિપોઝિટ સુવિધા સ્થાપિત કરવામાં આવશે. ઉમેદવારો દ્વારા ઉભા કરવામાં આવતા બૂથ હવે મતદાન મથકના પ્રવેશ દ્વારથી ૧૦૦ મીટરથી આગળના અંતરે લગાવી શકાશે, જે અગાઉ મતદાન મથક પરિસરથી ૨૦૦ મીટર દૂર લગાવવામાં આવતા હતા.

બિહાર વિધાનસભાની ચૂંટણીઓ સુધીમાં સમગ્ર ડેશબોર્ડ વિવિધ હિતધારકો દ્વારા ઉપયોગ માટે ઉપલબ્ધ થશે.

ભારતના રજિસ્ટ્રાર જનરલ પાસેથી મૃત્યુ નોંધણી ડેટાનું સીધું સંકલન શરૂ કર્યું છે, જેથી મૃતક મતદારોને યાદીમાંથી ચકાસીને સમયસર દૂર કરી શકાય. બૂથ લેવલ ઓફિસર્સ ચકાસણીમાં મુખ્ય ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે, જેમાં ફિલ્ડ-લેવલ તપાસ પછી ડેટા અપડેટ કરવામાં આવશે.

રાજકીય હીતધારકો સાથે નિયમિત સંવાદ પ્રક્રિયાને સંસ્થાકીય બનાવવાના પગલામાં, દેશભરમાં રાજકીય પક્ષોના ૨૮,૦૦૦થી વધુ પ્રતિનિધિઓની ભાગીદારી સાથે ૪,૭૧૯ બેઠકોનું આયોજન કર્યું હતું

બૂથ લેવલ ઓફિસર્સ સુપરવાઈઝર અને બૂથ લેવલ એજન્ટ્સ માટે તાલીમ કાર્યક્રમોનો વિસ્તાર કર્યો છે. ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રેસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટ ખાતે ૩,૫૦૦ થી વધુ BLOs/ BLO સુપરવાઈઝર્સને તાલીમ આપવામાં આવી છે, જે હવે આગામી વર્ષોમાં એક લાખથી વધુ BLO, સુપરવાઈઝર્સને તાલીમ આપવાનું લક્ષ્યાંક છે. આ સુપરવાઈઝર ત્યારબાદ ૧૦.૫ લાખથી વધુ કાર્યકર્તાઓ ધરાવતા મોટા BLO નેટવર્કને તાલીમ આપશે.

આ વર્ષે જુલાઈના મધ્ય સુધીમાં લગભગ ૬૦૦૦ વધુ BLO/BLO સુપરવાઈઝર લગભગ ૨૦ બેચમાં તાલીમ

(અનુ. આઠમા પાને)

# વિસાવદર અને કડી વિધાસનભા વિસ્તારમાં ગ્રામ પંચાયતની ચૂંટણી મુલતવી

## વિધાનસભા બેઠકની પેટા ચુંટણી પૂર્ણ થયા બાદ ગ્રામ પંચાયતની ચૂંટણીની તારીખ જાહેર કરાશે

**અબતક, રાજકોટ**

રાજ્ય ચુંટણી પંચ દ્વારા રાજયના અલગ અલગ જિલ્લાની ૮૩૨૬ ગ્રામ પંચાયતો માટે ચૂંટણીની તારીખોનું એલાન કરવામાં આવ્યું છે. દરમિયાન આગામી ૧૯મી જુનના રોજ કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચુંટણીનું મતદાન યોજાવાનું હોય સ્ટાફ વિધાનસભાની પેટા ચૂંટણીની કામગીરીમાં રોકાયેલો હોવાના કારણે આ બન્ને વિધાનસભા બેઠકમાં વિસ્તારોમાં આવતી ગ્રામ પંચાયતની ચૂંટણી મુલતવી રાખવામાં આવી છે. આગામી દિવસોમાં નવી તારીખ જાહેર કરવામાં આવશે.

કડી વિધાનસભા મત વિભાગમાં સમાવિષ્ટ કડી અને જોટાણા તાલુકા તથા વિસાવદર વિધાનસભા મત વિભાગમાં સમાવિષ્ટ વિસાવદર, ભેંસાણ, જુનાગઢ (ગ્રામ્ય) તથા અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની તમામ ચુંટણી હેઠળની ગ્રામ

(અનુ. આઠમા પાને)




વિશેષ નોંધ: (૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.
લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.
આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪